# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.સુગરાબેન અબ્બાસભાઈ મસી(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૨૧/- મો.ઈમદાદઅલી અબ્બાસભાઈ મસી
રૂા.૧૧૦/- મો.હબીબાબેન ઈમદાદઅલી મસી
રૂા.૧૧૦/- મો.હસનઅલી અબ્બાસભાઈ મસી
રૂા.૫૧/- મો.નાસીરઅલી ઈમદાદઅલી મસી
રૂા.૫૧/- મો.રઝીયાફાતેમા ઈમદાદઅલી મસી
રૂા.૧૧૦/- મો.સાબેરાબેન ફતેહઅલી ભગત
રૂા.૧૧૦/- મો.ફતેહઅલી મહંમદભાઈ ભગત
રૂા.૫૧/- મો.ઈસુબભાઈ રસુલભાઈ મસી
રૂા.૨૫/- મો.કાસમઅલી ઈસુબભાઈ મસી
રૂા.૨૧/- મો.આબેદાબેન કાસમઅલી મસી
રૂા.૨૧/- મો.આબિદઅલી ઈસુબભાઈ મસી
રૂા.૨૧/- મો.આબેદાબેન આબિદઅલી મસી
રૂા.૧૧/- મો.મહંમદઅલી કાસમઅલી મસી
રૂા.૫૧/- મો.રહીમભાઈ રસુલભાઈ મસી
રૂા.૫૧/- મો.ખતીજાબેન રહીમભાઈ મસી
રૂા.૨૧/- મો.સલમાનઅલી રહીમભાઈ મસી
રૂા.૨૧/- મો.આબેદાબેન સલમાનઅલી મસી
રૂા.૨૧/- મો.મીકદાદઅલી રહીમભાઈ મસી
રૂા.૨૧/- મો.ઝાકેરાબેન મીકદાદઅલી મસી
રૂા.૨૧/- મો.આબેદાબેન હસનઅલી મલેકપુરા
રૂા.૧૦૧/- મો.કમ્બરઅલી રસુલભાઈ મસી
રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન કમ્બરઅલી મસી
રૂા.૫૧/- મો.મીકદાદઅલી કમ્બરઅલી મસી
રૂા.૫૧/- મો.આરેફાબેન કમ્બરઅલી મસી
રૂા.૫૧/- મો.રહેમતફાતેમા કમ્બરઅલી મસી
રૂા.૫૧/- મો.ઈમદાદઅલી કમ્બરઅલી મસી
રૂા.૫૧/- મો.ઝયનબબેન કમાલભાઈ ગની
રૂા.૨૫/- મો.મહેદીઅલી કમાલભાઈ ગની
રૂા.૨૫/- મો.સાજેદાબેન મહેદીઅલી ગની
રૂા.૧૧/- મો.ઝાકેરાફાતમા મહેદીઅલી ગની
રૂા.૫૧/- મો.સુગરાબેન કાસમભાઈ ધાન્ધારીયા
રૂા.૨૫/- મો.કાસમભાઈ સુલેમાભાઈ ધાન્ધારીયા
રૂા.૨૧/- મો.ખાદિમહુસૈન કાસમભાઈ ધાન્ધારીયા
રૂા.૨૧/- મો.હસનઅલી કાસમભાઈ ધાન્ધારીયા
રૂા.૧૧/- મો.નુસરતફાતમા ખાદિમહુસૈન ધાન્ધારીયા
રૂા.૧૧/- મો.મોહંમદસાકિર ખાદિમહુસૈન ધાન્ધારીયા
રૂા.૧૧/- મો.આબેદાબેન ખાદિમહુસૈન ધાન્ધારીયા
રૂા.૧૦૧/- મો.મલીબેન જીવાભાઈ ગાંઠીયા
રૂા.૫૧/- મો.લાડચીબેન દાઉદભાઈ આગલોડીયા
રૂા.૫૧/- મો.ગુલામઅબ્બાસ દાઉદભાઈ આગલોડીયા
રૂા.૫૧/- મો.સખીનાબેન ગુલામઅબ્બાસ આગલોડીયા
રૂા.૨૧/- મો.સાજેદાબેન ગુલામઅબ્બાસ આગલોડીયા
રૂા.૫૧/- મો.આબિદઅલી ગુલામઅબ્બાસ આગલોડીયા
રૂા.૨૧/- મો.કનીઝફાતેમા ગુલામઅબ્બાસ આગલોડીયા
રૂા.૧૦૧/- મો.મહંમદઅલી દાઉદભાઈ આગલોડીયા
રૂા.૫૧/- મો.ફાતમાબેન મહંમદભાઈ આગલોડીયા
રૂા.૨૧/- મો.કનીઝફાતેમા મહંમદભાઈ આગલોડીયા
રૂા.૨૧/- મો.ફિઝઝાફાતમા મહંમદભાઈ આગલોડીયા
રૂા.૫૧/- મો.ગુલામઅબ્બાસ રસુલભાઈ સુખડ
રૂા.૫૧/- મો.ઝહેરાબેન ગુલામઅબ્બાસ સુખડ
રૂા.૫૧/- મો.આબિદઅલી ગુલામહુસૈન બટ્ટી
રૂા.૫૧/- મો.ફાતેમાબેન આબિદઅલી બટ્ટી
રૂા.૨૧/- મો.આબિદઅલી સુલેમાનભાઈ ગોરા
રૂા.૨૧/- મો.આબેદાબેન આબિદઅલી ગોરા
રૂા.૫૧/- મો.ગુલામહુસૈન દાઉદભાઈ આગલોડીયા
રૂા.૫૧/- મો.ફાતમાબેન ગુલામહુસૈન આગલોડીયા
રૂા.૨૧/- મો.સાજેદાબેન ગુલામહુસૈન આગલોડીયા
રૂા.૨૧/- મો.કામિયાબઅલી ગુલામહુસૈન આગલોડીયા
રૂા.૨૧/- મો.હસનઅલી ગુલામહુસૈન આગલોડીયા

**રૂા.૨૭૮૬/- મો.મર્હૂમા કુંવરબેન નુરાભાઈ ભગત(બાદરપુર)ની રૂહના સવાબ**

**અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

**મર્હૂમા મો.જનુબેન અલાઉદ્દીન અસામદી(રસુલપુર-મેત્રાણા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.અહમદભાઈ અલાઉદ્દીન અસામદી
રૂા.૧૦૦/- મો.તાહેરઅલી અહમદભાઈ અસામદી
રૂા.૫૦/- મો.હનીફાબેન અહમદભાઈ અસામદી
રૂા.૫૦/- મો.આબેદાબેન તાહેરઅલી અસામદી
રૂા.૧૦૦/- મો.હાજી અબ્દુલભાઈ અલાઉદ્દીન અસામદી
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન અબ્દુલભાઈ અસામદી
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી અબ્દુલભાઈ અસામદી
રૂા.૧૦૦/- મો.હસનઅલી અબ્દુલભાઈ અસામદી
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી અબ્દુલભાઈ અસામદી
રૂા.૧૦૦/- મો.અબ્બાસઅલી અબ્દુલભાઈ અસામદી
રૂા.૫૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી અસામદી
રૂા.૫૦/- મો.હુસૈનાબેન હસનઅલી અસામદી
રૂા.૫૦/- મો.હુસૈનાબેન હૈદરઅલી અસામદી
રૂા.૫૦/- મો.આબેદાબેન અબ્બાસઅલી અસામદી
રૂા.૧૦૦/- મો.કમાલભાઈ અલાઉદ્દીન અસામદી
રૂા.૧૦૦/- મો.નજરઅલી અલાઉદ્દીન અસામદી
રૂા.૫૦/- મો.નુરીબેન કમાલભાઈ અસામદી
રૂા.૫૦/- મો.હબીબાબેન કમાલભાઈ અસામદી
રૂા.૧૦૦/- મો.સલમાબેન ગુલામ કડીવાલ
રૂા.૧૦૦/- મો.સુગરાબેન કમરઅલી

**રૂા.૧૦૦૧/- મો.મર્હૂમ હાજી અબ્બાસઅલી નુરમોહંમદ સુણસરા (શેરપુરા-મ.)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

**રૂા.૫૦૦/- મર્હૂમા મો.ફાતેમાબેન ગુલામહુસૈન(શેખપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

**મર્હૂમા મો.કુવેરબેન યૂસુફભાઈ અસામદી(મેતા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૫૧/- મો.અમ્મારહૈદર યૂસુફભાઈ અસામદી
રૂા.૧૫૧/- મો.કુલસુમબેન અમ્મારહૈદર અસામદી
રૂા.૫૧/- મો.સલમાનઅલી અમ્મારહૈદર અસામદી
રૂા.૫૧/- મો.મહેમૂદાબેન સલમાનઅલી અસામદી
રૂા.૫૧/- મો.સકીનાફાતેમા સલમાનઅલી અસામદી
રૂા.૫૧/- મો.અહેસાનઅલી અમ્મારહૈદર અસામદી
રૂા.૫૧/- મો.મકબુલફાતેમા અહેસાનઅલી અસામદી
રૂા.૫૧/- મો.ફરમાનઅલી અમ્મારહૈદર અસામદી
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી અમ્મારહૈદર અસામદી
રૂા.૧૫૧/- મો.ગુલામહસન યૂસુફભાઈ અસામદી
રૂા.૧૫૧/- મો.ઝયનબબેન ગુલામહસન અસામદી
રૂા.૫૧/- મો.સકીનાબાનુ ગુલામહસન અસામદી
રૂા.૫૧/- મો.હબીબાબાનુ ગુલામહસન અસામદી
રૂા.૫૧/- મો.ફતેહઅલી ગુલામહસન અસામદી
રૂા.૫૧/- મો.હસનઅબ્બાસ ગુલામહસન અસામદી
રૂા.૧૫૧/- મો.અબ્બાસઅલી યૂસુફભાઈ અસામદી
રૂા.૧૫૧/- મો.ઝયનબબેન અબ્બાસઅલી અસામદી
રૂા.૫૧/- મો.મહંમદઅલી અબ્બાસઅલી અસામદી
રૂા.૫૧/- મો.સુગરાફાતેમા અબ્બાસઅલી અસામદી
રૂા.૧૫૧/- મો.કુલસુમબેન ગુલામહુસૈન અસામદી
રૂા.૧૫૧/- મો.ઈનામએહમદ ગુલામહુસૈન અસામદી
રૂા.૧૦૧/- મો.મરીયમબેન યૂસુફભાઈ સુણસરા મુખી

**મર્હૂમ મો.વલીભાઈ હાજી અમદાભાઈ મસુ(મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૩૦૦/- મો.યૂસુફભાઈ વલીભાઈ મસુ
રૂા.૩૦૦/- મો.મદીનાબેન હબીબઅલી વિજાપુરા
રૂા.૨૦૦/- મો.અલીભાઈ તૈયબભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.નુરભાઈ હાજી અમદાભાઈ મસુ
રૂા.૧૦૦/- મો.હબીબાબેન ઈસ્માઈલહસન મસી
રૂા.૧૦૦/- મો.સાબેરાબેન હસનઅલી મસુ
રૂા.૧૦૦/- મો.હલીમબેન હાજી વલીભાઈ વિજાપુરા
રૂા.૧૦૦/- મો.રાબિયાબેન શબ્બીરઅલી મસી
રૂા.૫૦/- મો.અમીનાબેન શબ્બીરઅલી મસુ
રૂા.૫૦/- મો.ફાતેમાબેન ઝાકિરહુસૈન પટેલ
રૂા.૫૦/- મો.નજમાબેન મહેમૂદહુસૈન ડોડીયા
રૂા.૫૦/- મો.અમીનાબેન ઈસ્માઈલભાઈ ડોડીયા

રૂા.૫૫૦/- મર્હૂમ મો.મહંમદઅલી જમાલભાઈ ગોદડ તથા મર્હૂમા અમીનાબેન મહંમદઅલી ગોદડ(ઈલોલ પહાડીયા)ની રૂહના

સવાબ અર્થે તેમના સંતાનો તરફથી મળેલ ડોનેશન.

રૂા.૫૦૦/- બંદએ ખુદા(વડોદરા) તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૧૦/- મો.મોહંમદહુસૈન ફતેભાઈ (અમદાવાદ)તરફથી તેમની પૌત્રી રફીકાફાતેમાના જન્મની ખુશાલી પ્રસંગે.

**રૂા.૧૧૪૩/- શમીમ દાંત્રોલિયા, બાકરઅલી દાંત્રોલિયા, સુગરાબેન બટ્ટી, યૂસુફભાઈ બટ્ટી, અહેસાનઅલી બટ્ટી, શીરીનબેન દાંત્રોલિયા, તાહેરઅલી દાંત્રોલિયા, નિશારફાતેમા દાંત્રોલિયા તરફથી ઝયનુલ હુસૈનના જન્મની ખુશાલી પ્રસંગે.**

રૂા.૫૦૦/- મો.વારિસઅલી અકબરઅલી મોમિન(ગણેશપુરા)તરફથી તેઓ MBBS 3rd(i)માં ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/-મો.મર્હૂમ તાજમહંમદ નશીરભાઈ રાજેડીયા(જાફરીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન. ✻


# સૈયદ રઝા સ્ટોન

- મરજાન
- ફીરોઝા
- મોતી
- દુર્રે નજફ
- યાકૂત
- હદીદેચીની
- દાનએ ફરંગ
- મરયમી નંગ
- પુખરાજ
- નીલમ
- હુસૈની અકીક
- ઝર્દ અકીક
- પન્ના

ચાંદીમાંથી બનાવેલી દરેક જાતની વીંટી તૈયાર તથા છૂટક નંગ મળશે.

**હસનૈન ઝૈદી**

મો.૯૮૭૯૮૨૦૮૪૪, ૯૫૮૬૪૪૨૨૭૨

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ.સા.કાં.

પ્રો. જી. કે. સુણસરા (સેવાણીવાળા)

# બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ

● રેડીમેડ ●
✻ જીન્સ ✻ ટી.શર્ટ ✻ શોર્ટ શર્ટ ✻ સ્લીમ શર્ટ ✻ કારગો ✻ ઝભ્ભા-લેંઘા ✻ ટ્રાઉઝર્સ ✻ નાઈટ ડ્રેસ વિગેરે.

● કલોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

# સરહિંદ રેફ્રીજરેશન સર્વિસ

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર


મળો જૂના અને જાણીતા
☞ બશીરભાઈ
દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,
આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدْنِیْ عِلْماً وَارْزُقْنِیْ فَهْماً

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**


**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૮ ❖ ૧૦, એપ્રિલ-૨૦૧૨

૧૭, જમા.અવ્વલ, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૬૮

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ ✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨

હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૪ |
| ❋ અહાદીસ | ૦૫ |
| ❋ હેતુ જીવનનો | ૦૭ |
| ❋ ગડમથલ | ૧૨ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૧૩ |
| ❋ મોમિન અને ઈમાન | ૧૭ |
| ❋ બોલ્યા ચાલ્યા માફ | ૨૧ |
| ❋ ખુદાની કુદરત | ૨૫ |
| ❋ નબવી અદાલત | ૨૯ |
| ❋ અલ ઈર્શાદ | ૩૧ |
| ❋ નહજુલ ઈસરાર | ૩૫ |
| ❋ આઈનો અને મોમિન | ૩૯ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૪૧ |
| ❋ મશાયખવાણી | ૪૩ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૭ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૯ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૩ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૬ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૮ |


## ઊઘડતે પાને...

કિતાબ બસાએરૂલ દર્જાત.

સાલેહ બિન મયસમ અસદીથી મનકૂલ છે કે હું અને ઉબાયા બિન રબઈ હુબાબા વાલ્બીયાની✶ પાસે ગયા તે ઓરત કબીલા વાલ્બીયામાંથી હતી.

✶ હુબાબા વાલ્બીયા અલી(અ.) બિન અબીતાલિબના શીઆહોમાંથી એક ખૂબ જ આકિલા (મેધાવી-બુધ્ધિશાળી) આલિમા (જ્ઞાની) અને કામિલા

(વધુ પાના નં. ૨ ઉપર)

વધુ પ્રમાણમાં ઈબાદત અને સિજદા કરવાને કારણે તેના કપાળ ઉપર કાળા ડાઘ પડી ગયા હતા. ઉબાયા બિન રબઈએ તે સ્ત્રીને પૂછ્યું,

'અય હુબાબા ! શું આ તારા ભાઈનો દીકરો છે?'

હુબાબાએ કહ્યું,

'કોણ ?'

ઉબાયાએ કહ્યું,

'સાલેહ બિન મયસમ.'

તેણીએ કહ્યું,

'હા. ખુદાની કસમ, આ મારો ભત્રીજો છે.'

ત્યાર પછી હુબાયાએ સાલેહની તરફ મોઢું કરીને કહ્યું,

'અય ભાઈના દીકરા ! એ બાબત મેં હુસૈન(અ.) ઈબ્ને અલી(અ.)થી સાંભળી છે. અગર તું કહેતો હોય તો હું બયાન કરું.'

મેં કહ્યું,

'અય કાકી ! બયાન ફરમાવો.'

તેણીએ કહ્યું,

અય સાલેહ ! હઝરત ઈમામ હુસૈન(અ.)ની ઝિયારત કરવા માટે હું ઘણી વાર જતી હતી. ઓચિંતા જ સફેદ ડાઘા મારી બન્ને આંખોની નીચે પેદા થયા અને આ બીમારી બાધક હોવાની બાબત મને અસહ્ય અને અયોગ્ય લાગી. આ કારણે એક મુદ્દત સુધી હું હઝરતની ઝિયારતથી મહેરૂમ રહી છું. એક દિવસે એ જનાબે પોતાના અસ્હાબોને મારા વિષે પૂછ્યું તો અસ્હાબોએ અરજ કરી,

'યા ઈબ્ને રસૂલિલ્લાહ ! તેની બન્ને આંખોની વચ્ચે સફેદ ડાઘ પેદા થયા છે તે કારણે તેણીએ ઘરમાંથી નીકળવાનું છોડી દીધું છે.'

આ સાંભળતાંની સાથે જ હઝરત(અ.)એ અસ્હાબોને ઈરશાદ ફરમાવ્યો,

'એ સ્ત્રીની ખબર અંતર પૂછવા માટે ચાલો.'

તેથી હઝરત(અ.) અસ્હાબોની સાથે મારા ઘેર પધાર્યા. એ વખતે હું મારી નમાઝના મુસલ્લા પર નમાઝમાં મશગૂલ હતી. હઝરત(અ.)એ ફરમાવ્યું,

'અય હુબાબા ! તું કયા કારણે અમારી ઝિયારત કરવા આવતી નથી ?'

મેં કહ્યું,

'યા ઈબ્ન રસૂલિલ્લાહ ! મારા કપાળ ઉપર જે બીમારી પેદા થઈ છે તે કારણે આપની ઝિયારતથી વંચિત રહી છું.'

હઝરત(અ.)એ ફરમાવ્યું,

'મુખ ઉપરની ઓઢણીને તારા ચહેરા ઉપરથી ઉઠાવીને મારું આ લુઆબે દહન તારા ડાઘ ઉપર લગાવ.'

ત્યાર પછી આપે ફરમાવ્યું,

'અય હુબાબા ! અલ્લાહનો શુક્ર બજાવી લાવ. તેણે પોતાના લુત્ફો કરમથી તારી બીમારીને નષ્ટ કરી દીધી છે.'

આપના ઈરશાદ મુજબ હું શુક્રનો સિજદો બજાવી લાવી. ત્યાર પછી હઝરતે ફરમાવ્યું,

'હવે સિજદામાંથી તારું માથું ઉઠાવ.'

જ્યારે મેં માથું ઊંચક્યું અને આઈનામાં જોયું તો ફરઝંદે રસૂલ(સ.)ના ચમત્કારથી બીમારીનો તે ડાઘ જોવા ન મળ્યો. પછી અલ્લાહનો હમ્દ બજાવી લાવી. *

---

(પાના નં. ૧ ઉપરથી ચાલુ)

(સંપૂર્ણ) જલીલુલ કદ્ર મહિલા હતાં. તેમની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમણે પહેલા ઈમામથી માંડીને સાતમા ઈમામ સુધી દરેક ઈમામની ઝિયારત કરી હતી અને આઠ ઈમામો પાસેથી ઈલ્મનો ફૈઝ પ્રાપ્ત કર્યો હતો. તેઓ હઝરત અમીરુલ મોમિનીન(અ.) બિન અબીતાલિબ(અ.)નો જીવંત મોઅજિઝો હતાં. (આ કિતાબના સંપાદક) અલ્લામા મજલિસી (અલૈહે રહમત) અહીંયાં આ હદીસની નકલ કરવાનું યોગ્ય સમજ્યા છે

કે જે ઈમામ હુસૈન(અ.) સાથે સંબંધિત છે. પરંતુ હું મોમિનોના વધારે લાભ માટે તેમનો વધારે વૃત્તાંત નકલ કરી દઉં છું.

અલ્લામા શેખ અબ્બાસ કુમી(અલૈહે રહમત) નહતમી અલાઅલમાં હુબાબા વાલ્બીયાથી રિવાયત કરે છે કે તે કહે છે કે મેં હઝરત અમીરુલ મોમિનીન(અ.)ને સરત્તુલ ખમીસ (ફોજી અફસરોની એક જમાઅત)ની વચ્ચે જોયા. આપના હાથમાં એક કોરડો હતો જેનાથી જર્રી વ મારમાહી વ ઝમીરૂલ બમરાની (અર્થાત હરામ માછલીઓના પ્રકારો)નું વેચાણ કરવાવાળાઓને સજા આપી રહ્યા હતા અને ફરમાવ્યે જતા હતા કે યા બૈયા મસૂખ બની ઈસ્રાઈલ યા બૈયાઅ જુન્દ બની મર્વાન. (એટલે કે અય મસૂખે બની ઈસરાઈલના વેચનારાઓ ! અય લશ્કરે બની મરવાનના વેચનારાઓ ! આ વખતે ફોજના એક સરદાર ફુરાત બની અહનફ ઊભા થયા અને તેમણે અરજ કરી કે યા અમીરુલ મોમિનીન ! **જંદબી મર્વાન**થી શું મુરાદ છે ? આપે ફરમાવ્યું, આ એ લોકો હતા કે જે પોતાની દાઢી મુંડાવતા અને મૂંછોને વળ ચઢાવતા હતા. હુબાબા કહે છે કે મેં કોઈ બોલવાવાળાને હઝરત અલી(અ.) કરતાં બેહતર જોયો નથી. ત્યાર પછી હું આપની પાછળ પાછળ ગઈ એટલે સુધી કે આપ મસ્જિદે કુફાના સહ્નમાં દાખલ થયા. એ વખતે મેં હઝરતની ખિદમતમાં અરજ કરી મૌલા ! એ બતાવો કે ઈમામની નિશાની શું છે ? હઝરત(અ.)એ ફરમાવ્યું, ખુદા તારા ઉપર રહેમત કરે, જરા આ પથ્થરના ટુકડાને ઉપાડ. મેં તે પથ્થરનો ટુકડો ઈમામને આપ્યો. આપે પોતાની અંગૂઠી મુબારકથી તેના ઉપર મુહર લગાવી દીધી અને ફરમાવ્યું, અય હુબાબા ! આ છે ઈમામની નિશાની. જે કોઈ શખ્સ ઈમામતનો દાવેદાર હોય અને આવી રીતે કુદરત ધરાવતો હોય કે જેવી રીતે તેં જોયું તો જાણી લેજે કે તે ઈમામે મુફ્તરઝ અલ તાઅતહ છે. ઈમામ જે ચીજનો ઈરાદો કરે તે ચીજ તેનાથી છૂપી નથી રહી શકતી. હુબાબા કહે છે કે આ પ્રસંગ બન્યે ઘણો સમય થઈ ગયો એટલે સુધી કે અમીરુલ મોમિનીન(અ.) શહાદત પામ્યા ત્યારે હું ઈમામ હસન(અ.)ની ખિદમતમાં હાજર થઈ. આપ પોતાના વાલિદે બુઝુર્ગવારની જગ્યાએ બેઠેલા હતા અને લોકો ચારે તરફથી ઘેરીને આપને પ્રશ્નો પૂછતા હતા. જેવી હઝરતની નજર મારા ઉપર પડી કે તરત જ આપે ફરમાવ્યું, હુબાબા! પેલો પથ્થરનો ટુકડો લાવો કે જે તમારી પાસે છે. મેં તે પથ્થરનો ટુકડો રજૂ કર્યો કે જેના ઉપર આપે પણ પોતાની અંગૂઠી મુબારકથી મુહર લગાવી દીધી. ઈમામ હસન(અ.)ની શહાદત પછી હું ઈમામ હુસૈન(અ.)ની ખિદમતમાં હાજર થઈ. આપ(અ.) એ વખતે મસ્જિદે રસૂલ(સ.)માં તશરીફ ફરમાવી રહ્યા હતા. આપે મને પોતાની નજીક બોલાવીને ખુશ રહેવાની દુઆ કરી. ત્યાર પછી ફરમાવ્યું, જે કંઈ તું જોઈ ચૂકી છે એ જ તારા મકસદ માટે કાફી છે. શું આના પછી પણ મારી ઈમામતની નિશાની જોવા માગે છે ? મેં અરજ કરી, જી, હા. આપે ફરમાવ્યું, સારું ત્યારે, પેલો પથ્થરનો ટુકડો લાવ કે જે ઉપાડીને લાવી છે. તેથી મેં પથ્થરનો પેલો ટુકડો રજૂ કર્યો. આપ(અ.)એ પણ ચમત્કારથી તેના ઉપર પોતાની અંગૂઠી મુબારકની છાપ પાડી દીધી. ઈમામ હુસૈન(અ.)ની શહાદત પછી ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ની ખિદમતમાં હાજર થઈ. એ વખતે મારા ઉપર ઘડપણની અસર વર્તાતી હતી કેમકે એ વખતે મારી ઉંમર ૧૧૩ વર્ષની હતી. ઈમામે આલી મકામ નમાઝમાં મશગૂલ હતા. હું નિરાશ થઈ ગઈ કે કદાચ મુલાકાત નહીં થઈ શકે અને મેં દિલમાં વિચાર કર્યો કે કદાચ હું નિશાની જોવાથી મહેરૂમ રહી જઈશ. એટલામાં હઝરતે પોતાની આંગળીથી ઈશારો કર્યો. ઈશારાની સાથે જ મારી યુવાની પાછી આવી ગઈ. જ્યારે નમાઝથી ફારેગ થયા તો મેં અરજ કરી કે દુનિયા કેટલી પસાર થઈ ગઈ છે અને કેટલી બાકી છે ? આપે ફરમાવ્યું, જે પસાર થઈ ગઈ છે તે બતાવીશ, જે બાકી છે તે નહીં બતાવું. પછી આપે ફરમાવ્યું, પથ્થરનો પેલો ટુકડો રજૂ કરો. મેં પથ્થરનો ટુકડો રજૂ કર્યો. તેના ઉપર આપે પણ મુહર લગાવી દીધી. ત્યાર પછી હુબાબા ઈમામ મોહંમદ બાકિર(અ.)ની ખિદમતમાં ગઈ અને આપે પણ મુહર લગાવી દીધી. પછી ઈમામ જાફર સાદિક(અ.)ની ખિદમતમાં હાજર થઈ. આપે પણ એવી જ રીતે પથ્થરના ટુકડા ઉપર મુહર લગાવી દીધી. ત્યાર પછી ઈમામ મૂસા કાઝિમ(અ.)એ પણ એવી જ રીતે મુહર લગાવી. છેવટે ઈમામ અલી રઝા(અ.)ની ખિદમતમાં હાજર થઈ અને તેમણે પણ પથ્થરના ટુકડા ઉપર પોતાની મુબારક આંગળીથી મુહર લગાવી દીધી. ત્યાર પછી હુબાબા નવ મહિના સુધી જીવતી રહીને વફાત પામી.

-સંપાદક

(સંદર્ભ : બિહારૂલ અન્વાર, ભાગ-૧, બાબ-ર, પેજ-૧૫)

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

✻ (હે રસૂલ !) લોકો તને માલે ગનીમત (લડાઈમાં મળેલા લૂંટના માલ) સંબંધી સવાલ કરે છે; તું કહે કે ગનીમતનો માલ અલ્લાહ અને તેના રસૂલ માટે છે; માટે તમે અલ્લાહથી ડરતા રહો અને માંહેમાંહેના તમારા મતભેદનું સમાધાન કર્યા કરો, અને જો તમે મોમિન હો તો અલ્લાહ અને તેના રસૂલની આજ્ઞા માનો.

**(પારો-૯, સૂરએ અન્ફાલ, આયત-૧)**

✻ અને અલ્લાહ નથી ચાહતો કે તું તેમનામાં મોજુદ છે ત્યારે તે તેમને અઝાબ આપે; અને (વળી) અલ્લાહ તેમને એવી સ્થિતિમાં કે તેઓ તૌબા પણ કરતા રહેતા હોય, અઝાબ આપે તેવો નથી.

**(પારો-૯, સૂરએ અન્ફાલ, આયત-૩૩)**

✻ અને આ જાણી લો કે (લડાઈ દરમિયાન) તમે જે વસ્તુ લૂંટ(ના માલ તરીકે) મેળવો તો તેનો પાંચમો ભાગ અલ્લાહનો તથા રસૂલનો તથા તે(રસૂલ)નાં સગાં વહાલાંઓનો તથા યતીમોનો તથા મોહતાજોનો તથા મુસાફરોનો છે. અગર તમે અલ્લાહ પર વિશ્વાસ રાખતા હો અને તે (ગેબી મદદ) પર કે જે અમોએ અમારા બંદા ઉપર નિર્ણય (જંગે બદ્ર)ના દિવસે ઉતારી હતી (કે) જે દિવસે બે પક્ષો સામ સામે થઈ ગયા હતા; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

**(પારો-૧૦, સૂરએ અન્ફાલ, આયત-૪૧)**

✻ શું તમોએ હાજીઓને પાણી પાવું તથા મસ્જિદુલ હરામને આબાદ રાખવી (એ કાર્યો) તે શખસ(ની સેવા)ની બરોબર કરી લીધાં છે કે જે અલ્લાહ તથા કયામત પર ઈમાન લાવ્યો, જેણે અલ્લાહના માર્ગમાં જેહાદ કર્યો હોય ? હરગિઝ તેઓ અલ્લાહની પાસે સમાન નથી; અને અલ્લાહ જાલિમ લોકોને માર્ગ દેખાડતો નથી.

**(પારો-૧૦, સૂરએ તૌબા, આયત-૧૯)**

✻ અગર તમે તે(રસૂલ)ની મદદ નહીં કરો તો (કાંઈ પરવા નથી) ખચીત જ અલ્લાહે તો તેની મદદ એવા સમયે કરી હતી કે જ્યારે તે લોકોએ કે જેઓ ઈમાન લાવ્યા ન હતા (તેમણે) તેને એવી હાલતમાં કાઢી મૂક્યો હતો કે તે બે (સાથી) માંહેનો બીજો હતો જ્યારે કે તેઓ બન્ને (સૌર નામની) ગુફામાં હતા, તે વેળા તે (રસૂલ) પોતાના સાથીને કહી રહ્યો હતો કે હાયવોય કર નહીં, નિઃસંશય અલ્લાહ આપણી સાથે છે. જેથી અલ્લાહે તે(રસૂલ) પર પોતાની શાંતિ ઊતારી અને એવા લશ્કરો વડે તેને સબળ બનાવ્યો કે જેમને તમે દેખી શકતા ન હતા, અને નાસ્તિકોનો (અભિમાનભર્યો) બોલ તેણે હેઠે પાડ્યો; અને અલ્લાહની જ બોલબાલા રહી; અને અલ્લાહ ઝબરદસ્ત હિકમતવાળો છે.

**(પારો-૧૦, સૂરએ તૌબા, આયત-૪૦)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યુટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ
ઈર્શાદાતે
રસૂલ(સ.)

## ૮ અલ્લાહ ખાતર મોહબ્બત અને દુશ્મની

**'જે લોકો અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન રાખે છે, તમે તેમને અલ્લાહ અને રસૂલ(સ.)ના દુશ્મનો સાથે દોસ્તી કરતા નહીં જુઓ ભલેને પછી તે તેમના બાપ, બેટા અને કુટુંબના સભ્યો પણ કેમ ન હોય.'**

(સૂરએ મુજાદલા, આયત-૨૧)

(૮૯) 'અલ્લાહની ખુશનુદી માટે મોમિનોની સાથે મોમિનની મોહબ્બત ઈમાનના શ્રેષ્ઠ પાસાઓમાંથી છે અને જે માણસ અલ્લાહની ખાતર દોસ્તી અને દુશ્મની રાખે છે, અલ્લાહની ખાતર આપે છે અને અલ્લાહની ખાતર હાથ રોકી લે છે તો તે અલ્લાહના પ્રિય બંદાઓમાંથી છે.

*(તુહાફુલ ઉકૂલ, મવાઅઝુન્નબી)*

(૯૦) 'અલ્લાહની ખાતર દુશ્મની અને અલ્લાહની ખાતર દોસ્તી રાખવી એ ઉત્તમ આ'માલમાંથી છે.'

*(જામેઅ અલ અખબાર, સફા-૧૫૦)*

(૯૧) 'અલ્લાહની ખાતર મોહબ્બત કરનારા કયામતના દિવસે અલ્લાહના અર્શની છાયામાં જમણી બાજુએ ઝબરજદ(એક પ્રકારનું રત્ન, પોખરાજ)ની લીલીછમ જમીન ઉપર હશે. તેમના ચહેરા પર નૂર હશે કે જેનો ઉજાશ સૂર્યથી વધારે હશે. તેમનો મરતબો જોઈને ફરિશ્તા અને નબીઓ પણ અંજાઈ જશે. લોકો પૂછશે, 'આ કોણ છે?' તેમને જવાબ મળશે, 'આ એ લોકો છે કે જેઓ અલ્લાહની ખાતર એકબીજા સાથે મોહબ્બત કરતા હતા.''

*(ઉસૂલે કાફી, જિલ્દ-3, બાબુલ હુબ્બફિલ્લાહ, હદીસ-૭)*

(૯૨) 'જો બે વ્યક્તિઓ અલ્લાહની ખાતર એકબીજા સાથે મોહબ્બત કરે અને તેમાંથી એક પૂર્વમાં હોય અને બીજો પશ્ચિમમાં હોય તો પણ અલ્લાહ કયામતના દિવસે તેમને ભેગા કરશે.'

*(જામેઅ અલ અખબાર, સફા-૧૫૦)*

(૯૩) રસૂલ(સ.)એ હઝરત અબુઝર (રઝી.અ.)ને પૂછ્યું, 'ઈમાનનું કયું પાસું મક્કમ (મજબૂત) છે.' તેમણે જવાબ આપ્યો, 'અલ્લાહ અને તેના રસૂલ યોગ્ય જાણકારી ધરાવે છે.' આપ(સ.)એ ફરમાવ્યું, 'અલ્લાહની ખાતર દોસ્તી રાખવી અને અલ્લાહની ખાતર દુશ્મની રાખવી.' *(તુહાફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)*

(૯૪) જ્યારે કયામતનો દિવસ આવશે તો અલ્લાહ તરફથી એક અવાજ આપનાર અવાજ આપશે કે જેને બધા જ સાંભળી શકશે. તે કહેશે, 'અલ્લાહના ઘરમાં તેના પડોશીઓ ક્યાં છે ?' આ સાંભળીને લોકોનો એક સમૂહ ઊભો થશે અને ફરિશ્તાઓનું એક જૂથ આગળ વધીને તેમનું સ્વાગત કરશે અને તેમને પૂછશે, તમે દુનિયામાં એવું તે કયું કામ કર્યું હતું કે જેના કારણે તમે આજે અલ્લાહના ઘરમાં તેના પડોશી તરીકે ઓળખાયા છો ?' તે લોકો કહેશે, 'અમે અલ્લાહની ખાતર એકબીજા સાથે

મોહબ્બત કરતા હતા અને અલ્લાહની ખાતર એક બીજાની મુલાકાત કરતા હતા.' તે વખતે અલ્લાહ તરફથી એક અવાજ આપનાર એલાન કરશે, 'મારા બંદાઓએ સાચું કહ્યું છે. તેમને માર્ગ આપો. આ તે જ લોકો છે કે જે જન્નતમાં અલ્લાહના પડોશમાં હિસાબ કિતાબ વગર પહોંચી જશે.'

*(તરાએફુલ હકમ, જિલ્દ-૧, સફા-૩૫૭)*

(૯૫) 'અલ્લાહની ખાતર દુશ્મની રાખવી અને અલ્લાહની ખાતર દોસ્તી રાખવી એક ફરજ છે.' *(જામેઉલ અખ્બાર, સફા-૧૦૫)*

## ૯ અલ્લાહના નિર્ણયો ઉપર રાજી રહેવું

**'અને આ એ લોકો છે કે જેમના ઉપર કોઈ મુસીબત આવી પડી તો તેઓ આપમેળે જ કહેવા લાગ્યા, અમે તો અલ્લાહના છીએ અને તેની તરફ જ પાછા ફરવાના છીએ.'**

*(સૂરએ બકરહ, આયત-૧૫૬)*

(૯૬) 'અલ્લાહે તમને જે કંઈ આપ્યું છે તેના પર તમે રાજી રહેશો તો તમે તમારી ગરીબીનો સવાબ મેળવશો નહિતર નહીં મેળવો.'

*(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૨૩૦)*

(૯૭) 'જે ખૂબ જ ઓછી રોજીથી પણ અલ્લાહથી રાજી રહેશે તો અલ્લાહ પણ તેના જરા સરખા અમલ ઉપર રાજી રહેશે.'

*(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-૨૩૦)*

(૯૮) 'બેશક મોટી મુસીબતોનો બદલો પણ મોટો મળશે. જ્યારે અલ્લાહ કોઈ બંદાને પસંદ કરે છે તો તેના ઉપર મોટી મુસીબતો નાખે છે. તેથી જે કોઈ તેના તરફની મુસીબત ઉપર રાજી રહે છે તો અલ્લાહ તેનાથી રાજી રહે છે અને જે મુસીબતથી નાખુશ રહે છે તો અલ્લાહ પણ તેનાથી નાખુશ રહે છે.'

*(ખિસાલે સદૂક, બાબ-૧, હદીસ-૫૯)*

(૯૯) 'અચરજ છે એ મોમિન ઉપર ! અલ્લાહ તેના માટે ફક્ત ભલાઈના જ હુકમ કરે છે, ભલેને પછી તે ખુશ થાય કે નાખુશ થાય. જો કોઈ મુસીબતમાં નાખે છે તો એટલા માટે કે તેના ગુનાહોની માફી થાય. જો કોઈ નેઅમત આપે છે અને તેની ઈજ્જતમાં વધારો કરે છે તો તેની બક્ષિસ છે.' *(તુહાફુલ ઉકૂલ, મવાઅઝુન્નબી)*

(૧૦૦) અલ્લાહે કહ્યું, 'જે બંદો મારા નિર્ણયો પર રાજી નથી રહેતો અને મારી નક્કી કરેલી તકદીર ઉપર ઈમાન નથી રાખતો તો તેણે પોતાના માટે મારા સિવાય કોઈ બીજા મા'બૂદની શોધ કરી લેવી જોઈએ.'

*(જવાહેરુલ મન્બા, સફા-૧૧૪)*

(૧૦૧) 'હે અલ્લાહના બંદાઓ ! તમે માંદગીમાં સપડાયેલા લોકો જેવા છો અને તમારો પરવરદિગાર એક તબીબ જેવો છે. બસ એક દર્દીની ભલાઈ તેમાં જ છે કે જે તબીબ કહે તે માને અને પોતાની ઈચ્છા અનુસાર વર્તન કરે નહીં. હે લોકો ! તમે અલ્લાહના કામોને અલ્લાહને સુપરત કરો કે જેથી તમે કામયાબ થાઓ.

*(તરાએફુલ હકમ, જિલ્દ-૨, સફા-૩૫૭)*

(૧૦૨) 'હે ગરીબો ! પોતાની જાતને આનંદમય રાખો અને અલ્લાહની સમક્ષ તમારી ખુશનૂદી જાહેર કરો કે જેથી અલ્લાહ તમને તમારી ગરીબીનો સવાબ એનાયત કરે અને જો તમે તેમ નહીં કરો તો તમને કોઈ સવાબ નહીં મળે.

*(ઉસૂલે કાફી, જિલ્દ-3, બાબુલ ફઝલ અલ ફુકરા)*

# હેતુ જીવનનો

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

**વમા ખલકતુલ જિન્ના વલ્ ઈન્સા ઈલ્લા લિયઅ્બુદૂન.** (સૂરા-ઝારિયાત, આયત-૫૭)

અર્થાત : મેં નથી પેદા કર્યા જિન્નાતો અને ઈન્સાનોને પરંતુ ફક્ત મારી ઈબાદત માટે જ.

આ આયત ઉપર મનન કરવાથી આપણને ખ્યાલ આવે છે કે જો આપણને ફક્ત ઈબાદત માટે જ પેદા કર્યા હોત તો આપણા માટે ઈબાદત કરવી સહેલી હોત જેમકે ફરિશ્તાઓ કે જે કયામમાં છે તે કયામત સુધી કયામમાં રહેશે, જે રૂકૂઅમાં છે તે કયામત સુધી રૂકૂઅમાં, જે સિજદામાં છે તે કયામત સુધી સિજદામાં રહેશે. તેમને થાક, ભૂખ કે તરસ લાગતી નથી, જ્યારે આપણે તો ચોવીસ કલાક સુધી મુસલ્લા પર બેસી શકતા નથી. આપણને તો થાક પણ લાગે છે, ભૂખ પણ લાગે છે, તરસ પણ લાગે છે. કોઈ ને કોઈ કારણે મુસલ્લાને છોડવો જ પડે છે. તો પછી આપણે ફક્ત ઈબાદત માટે જ જન્મ્યા છીએ એવું કેવી રીતે કહી શકાય ?

ઈબાદતનો એક પ્રકાર નમાઝ છે. તેના વિષે સૂરા-૨, આયત-૨૩૯માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે -

પછી જ્યારે તમે નિર્ભય થઈ જાઓ ત્યારે અલ્લાહને એવી રીતે યાદ કરો કે જેવી રીતે તેણે તમને (પોતાના રસૂલ દ્વારા) શિખવ્યું છે કે જે તમે પ્રથમ જાણતા નહોતા. આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહે શિખવ્યું કે પરાણે અલ્લાહને યાદ કરવાને નમાઝ કહેવાય. અલ્લાહે જે પણ શિખવ્યું છે તે પોતાના રસૂલ(સ.) દ્વારા જ શિખવ્યું છે.

હવે આપણે દુનિયામાં જીવન વિષે વિચાર કરીએ.

દુનિયામાં મા-બાપના વસીલાથી બાળકનો જન્મ થાય છે. તો મા-બાપ વિષે અલ્લાહનો હુકમ આવો છે :

સૂરા-૧૫, આયત-૨૩ થી ૨૫

**'અને તારા પરવરદિગારે હુકમ આપી દીધો છે કે તમે તેના સિવાય બીજા કોઈની ઈબાદત કરો નહીં અને મા-બાપ સાથે નેકી કરતા રહો, અગર તે બન્નેમાંથી એક અથવા બન્ને તારી સાથે વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય અને કોઈ કારણે તારા ઉપર ક્રોધે ભરાય તો તેમની સામે ઉફ પણ ન કર, તેમજ તેમને તરછોડ પણ નહીં અને તેમની સામે માયાળુપણે વાત કર અને તેમની સામે નમ્રતાનો બાઝૂ માયાળુપણે ઝુકાવ અને આવું કહ્યા કર કે હે મારા પરવરદિગાર ! આ બન્ને ઉપર એવી જ કૃપા ફરમાવ જેવી કે આ બન્નેએ મને નાનપણથી ઉછેરવામાં (કૃપા) કરી હતી. તમારો પરવરદિગાર તમારા અંતઃકરણોમાં જે કાંઈ છે તેનાથી સારી પેઠે વાકેફ છે. જો તમે સદાચારી રહેશો તો બેશક તે પણ પોતાની તરફ વારંવાર રજૂ થનારાઓને અતિ માફ કરનાર છે.'**

ત્યાર પછી ઓલાદ મોટી થાય અને લગ્ન થાય છે તો તેના માટે પણ અલ્લાહનું ફરમાન છે.

સૂરા-૪, સૂરતુન્નિસા, આયત-૧૯

**'અને પત્નીઓ જોડે સદવર્તન કરો, જો તેઓ તમને પસંદ ન હોય તો પણ, કેમકે સંભવિત છે કે જે વસ્તુને તમે પસંદ ન કરતા**

**હો, તેમાં જ અલ્લાહે તમારી ભલાઈ મૂકેલી હોય.'**

સૂરા-૪, સૂરતુન્નિસા, આયત-૩૪

**'સદાચારીણી સ્ત્રીઓ તે જ છે કે જેઓ ફરમાબરદારી કરે છે અને અલ્લાહે તેમનું તેમના પતિ દ્વારા જેવું રક્ષણ કર્યું છે, તેવું તેમના પતિની દરેક વાતે રક્ષણ કરે છે.'**

પછી અલ્લાહ ઓલાદ આપે છે તો તેના માટે પણ ફરમાન છે :

સૂરા-૬, સૂરએ અન્આમ, આયત-૧૫૨

**'અને ગરીબીના ભયથી તમારી ઓલાદને મારી ન નાખો; અમે જ તમને રોજી આપીએ છીએ અને તેમને પણ. તેમજ નિર્લજ્જતાભરી વાતો પાસે જાઓ નહીં, પછી ભલેને તે પ્રત્યક્ષ હોય અથવા છૂપી(હોય).'**

**'તું કહે કે ખરેખરું નુકસાન ભોગવનારા તેઓ જ છે કે જેમણે કયામતના દિવસે પોતાને તથા પોતાના બાલ બચ્ચાંને નુકસાન પહોંચાડ્યું હશે. ખબરદાર રહો પ્રત્યક્ષ નુકસાન એ જ છે.'**

(સૂરા-૩૯, આયત-૧૫)

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહે ઈબાદતને મર્યાદિત અર્થમાં નથી લીધી પરંતુ જેવી રીતે નમાઝ પણ અલ્લાહે શિખવેલા તરીકા પ્રમાણે અદા કરીએ તો ઈબાદત છે તેવી જ રીતે મા-બાપની તાબેદારી પણ અલ્લાહના ફરમાન અને રસૂલ(સ.)ના ફરમાન પ્રમાણે કરીશું તો તે પણ ઈબાદત છે. પતિ અને પત્ની એકબીજાની ફરજો જો અલ્લાહ અને રસૂલ(સ.)ના ફરમાન મુજબ અદા કરે તો તે પણ ઈબાદત છે અને ઓલાદનો ઉછેર પણ અલ્લાહ અને રસૂલ(સ.)ના ફરમાન મુજબ કરવામાં આવે તો તે પણ ઈબાદત કહેવાશે.

તો આપણી ફરજ છે કે મા-બાપની તાબેદારી ઈબાદત સમજીને કરીએ. પતિ પોતાની પત્ની સાથે સદવર્તન, ઈબાદત સમજીને કરે અને મા-બાપ ઓલાદનો ઉછેર, ઈબાદત સમજીને કરે તો તે કાર્યમાં પ્રમાણિકતા પણ હશે અને સવાબ પણ મળશે અને જીવનનો વ્યવહાર ઈબાદત જ ગણાશે. એ રીતે જોઈએ તો અલ્લાહે આપણને ફક્ત ઈબાદત માટે જ પેદા કર્યા છે.

ઈબાદતને વધારે સ્પષ્ટ રીતે સમજવા માટે હવે આપણે **'આસારે હૈદરી'**માંથી અગિયારમા ઈમામની તફસીરનો સહારો લઈએ અને પછી હદીસે કિસાઅમાંથી પ્રસંગ લઈને તેના ઉપર મનન કરીશું.

સિરાતે મુસ્તકીમ ભાગ-૧ (આસારે હૈદરીનો અનુવાદ)ના પાના નંબર -૧૭૫ પ્રમાણે -

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.) તેમના પિતા ઈમામ હુસૈન(અ.)થી સાંભળેલી હઝરત રસૂલે ખુદા(સ.)ની હદીસ બયાન કરે છે કે જયારે પંજેતન પાક(અ.)નું નૂર હઝરત આદમ(અ.)ની પીઠમાં મૂકવામાં આવ્યું ત્યારે હઝરત આદમ(અ.)એ પંજેતન(અ.)નું નૂર જોયું પરંતુ પંજેતન પાક(અ.)ને જોયા નહીં તો તેમને જોવાની માગણી અલ્લાહને કરે છે ત્યારે અલ્લાહ ફરમાવે છે કે હે આદમ(અ.) ! અર્શ તરફ જુઓ. તેમણે અર્શ તરફ જોયું તો અમારાં નૂર આદમ(અ.)ની પીઠમાંથી અર્શ ઉપર પડ્યાં અને તેનું પ્રતિબિંબ દેખાયું (જેવી રીતે કે માણસનો ચહેરા અરીસામાં દેખાતો હોય છે) ત્યારે આદમ(અ.)એ અમારી છબીઓ જોઈ અને અરજ કરી, યા અલ્લાહ! આ છબીઓ કેવી છે ? ફરમાવ્યું, અય આદમ(અ.) ! આ એ માણસોની છબીઓ છે કે જે મારી બધી મખ્લૂકમાં શ્રેષ્ઠ અને ઉત્તમ છે; આ **મોહંમદ** છે અને હું મેહમૂદ છું. હું મારાં બધાં જ

કાર્યોમાં વખણાયેલો છું. મેં તેના માટે એક નામ મારા નામમાંથી પસંદ કર્યું. આ **અલી** છે અને હું અલીએ અઝીમ છું, તેના માટે એક નામ મારા નામમાંથી પસંદ કર્યું. હું ફાતેરૂસ્સમાવાતે વલ અર્ઝ એટલે આસમાનો અને જમીનોને કરવાવાળો છું. આ **ફાતેમા** એટલે કયામતના દિવસે મારા દુશ્મનોને મારી રેહમતથી જુદા કરવાવાળી છે અને મારા દોસ્તોને એ વસ્તુથી જુદા કરશે કે જે તેમના માટે એબ અને લાંછન લગાડવાવાળી હશે, પછી (મેં) તેના માટે એક નામ મારા નામમાંથી પસંદ કર્યું. આ **હસન** અને આ **હુસૈન** છે અને હું મોહસિન (એહસાન કરવાવાળો) અને મુજમિલ (નેકી કરવાવાળો) છું. આ બન્નેનાં નામ પણ મારા નામોમાંથી પસંદ કરેલાં છે. આ પાંચ તન મારી મખ્લૂકમાં પસંદ થયેલાં સૌથી શ્રેષ્ઠ છે. તેમના જ કારણે હું બંદાઓની ઈબાદતોને કબૂલ કરીશ. તેમના જ કારણે બક્ષિસ કરીશ. તેમના જ કારણે અઝાબ કરીશ. તેમના જ કારણે સવાબ આપીશ. તો પછી હે આદમ ! તું પણ મારા દરબારમાં તેમને પોતાનો વસીલો બનાવ. જ્યારે તું કોઈ મુસીબતમાં સપડાય તો તેમના વસીલાથી દુઆ માગ એટલા માટે કે મેં હકની કસમ ખાધી છે કે જે કોઈ તેમના વસીલાથી પોતાની ઈચ્છાઓ મારાથી માગશે તેને હું કદાપિ વંચિત રાખીશ નહીં, જે કોઈ સવાલ કરવાવાળો તેમના વસીલાથી સવાલ કરશે તો તેના સવાલને કદી રદ કરીશ નહીં.

હવે હદીસે કિસાઅ કે જેમાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહે હઝરત ફાતેમા(અ.)થી રિવાયત બયાન કરી છે, તેમાં જ્યારે બધાં જ પંજેતન પાક ચાદરમાં આવી ગયાં ત્યાર પછી હઝરત જિબ્રઈલ અલ્લાહથી ઈજાઝત લઈને અને રસૂલ(સ.)ની ઈજાઝત લઈને ચાદરમાં દાખલ થાય છે અને ફરમાવે છે કે મને કસમ છે મારી ઈઝઝત અને જલાલની કે હું કદી પણ પેદા ન કરત આસમાનને કે જેને બનાવવામાં આવ્યું અને ન જમીનને કે જેને પાથરવામાં આવી, ન તો પ્રકાશિત ચંદ્રને અને સૂરજને કે ન તો બ્રહ્માંડને કે જે ગતિ કરે છે કે ન તો વહેતી નદીઓને કે ન તો કશ્તીને કે જે નદીમાં ચાલે છે, પરંતુ આપ(સ.અ.વ.) અને આપની એહલેબયતના કારણે અને આપ હઝરત(સ.)ની મહોબ્બતના કારણે અલ્લાહે આપની તરફ વહી ફરમાવી છે કે આના સિવાય અલ્લાહ કંઈ બીજું ઈચ્છતો નથી કે ખુદા ચાહે છે કે દૂર રાખે આપની એહલેબયતથી નજાસતને અને પવિત્ર રાખે કે જે પવિત્ર રાખવાનો હક છે.

આપણે અગિયારમા ઈમામ હઝરત હસન અસ્કરી(અ.)ની તફસીરમાંથી અને હદીસે કિસાઅમાંથી કેટલાક પ્રસંગો જોયા. જાણવા મળ્યું કે અલ્લાહનું દરેક કાર્ય મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની મહોબ્બત અને તેમના કારણે હોય છે. ઈબાદતોનો સવાબ પણ તે તેમની મહોબ્બતના પ્રમાણમાં આપે છે. જો આપણા દિલમાં એહલેબયતની મહોબ્બત હશે તો જ આપણે કરેલી ઈબાદતોનો સવાબ આપણને મળશે, નહિતર

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૨૬**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

رَبَّنَا اغۡفِرۡ لِىۡ وَلِوَالِدَىَّ وَلِلۡمُؤۡمِنِيۡنَ يَوۡمَ يَقُوۡمُ الۡحِسَابُ ﴿۴۱﴾

**રબ્બનગ્ફિરલી વલે વાલેદૈય વલીલ્મુઅ્મેનીન યૌમ યકૂમુલ્હેસાબ.**

(પારો-૧૩, સૂરએ ઈબ્રાહીમ, આયત-૪૧)

અર્થ : અય અમારા પરવરદિગાર ! જે દિવસે હિસાબ લેવામાં આવશે (તે દિવસે) મને તથા મારા મા-બાપને તથા મોમિનોને માફ કરી દેજે.) *

આપણી ઈબાદતો પણ વેડફાઈ જશે. તેનો સવાબ મળવાનો નથી.

હદીસે કિસાઅ પ્રમાણે જોઈએ તો અલ્લાહે આસમાનને પેદા કર્યું તો મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની મહોબ્બતમાં, જમીનને પેદા કરી તો મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની મહોબ્બતમાં, ચંદ્ર અને સૂરજને પેદા કર્યા તો એહલેબયતની મહોબ્બતમાં. વહેતી નદીઓ અને તેના ઉપર તરતી હોડીઓ પણ મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની મહોબ્બતમાં પેદા કરી. ટૂંકમાં જે પણ વસ્તુ અલ્લાહ તરફથી હોય છે તેનો સંબંધ મોહંમદ વ આલે મોહંમદ(સ.)થી હોય છે.

આના ઉપરથી સાબિત થયું કે અલ્લાહે આપણને જે જીવન આપ્યું છે તો તે પણ મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની મહોબ્બત ખાતર જ આપ્યું છે. આપણા જીવનને ટકાવવા માટે હવા, પાણી, ખોરાક, પ્રકાશ પણ અલ્લાહે બનાવ્યાં છે. આપણે ગુનેહગાર માણસો છીએ. તેમની સરખામણીમાં તો આવી શકીએ તેમ જ નથી. તેમ છતાં ય અલ્લાહ આપણી પાસે એવી અપેક્ષા રાખે છે કે આપણામાં સભ્યતા અને સંસ્કાર સારા હોવા જોઈએ જેવા કે વડીલોનું માન જાળવવું, બચ્ચાઓ સાથે પ્રેમથી વર્તવું, એક બીજા સાથે નમ્રતાથી રહેવું. આપણને અલ્લાહે મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની મહોબ્બતમાં પેદા કર્યા છે તો ઓછામાં ઓછું આપણામાં એવા ગુણો તો હોવા જ જોઈએ કે જેથી મોહંમદ વ આલે મોહંમદ(સ.)ને આપણી સાથે મહોબ્બત રહે. જો કોઈ સ્વચ્છ અને સુઘડ રહેનારી વ્યક્તિ હોય કે જેને સ્વચ્છતા પસંદ હોય તેની સામે આપણે ગમે તે મેલા-ઘેલા ગંધાતા જઈએ તો તે ચોક્કસપણે આપણાથી મોઢું ફેરવી લેશે, એવું કહીને કે આ કેવો ગંધાતો માણસ છે ! એવી જ રીતે મોહંમદ વ આલે મોહંમદ(સ.) કે જેમને અલ્લાહે દરેક પ્રકારની બૂરાઈથી દૂર રાખ્યા છે તેમની સામે આપણે દરેક પ્રકારની બૂરાઈથી ઘેરાયેલા જઈએ તો તેઓ આપણી સામે કેવી રીતે જોશે ? તો ઓછામાં ઓછા આપણે એવા ગુણો તો કેળવવા જ જોઈએ કે જે એમને પસંદ પડે તેવા હોય.

કરબલાના મેદાનમાં આપણને ઉત્તમ પ્રકારના અમલ દેખાય છે. બચ્ચાંની તરસ જોઈને હઝરત અબ્બાસ(અ.) તેમના માટે પાણીનો બંદોબસ્ત કરવા જાય છે. આપ બચ્ચાંને તેમના રડવાના કારણે આવું કહીને ધમકાવતા નથી કે આવા સમયે તમારા માટે પાણી ક્યાંથી લાવીએ ? હઝરત અબ્બાસ(અ.)એ આપણને એવો સબક આપ્યો કે તમારા બાળકોની યોગ્ય માગણી તરફ વડીલ તરીકે તમારે ધ્યાન આપવું જોઈએ. હઝરત અલી અકબર(અ.)એ સમજાવ્યું કે બાપની મુશ્કેલીના સમયે તેમની મદદ કરવામાં પોતાના જીવની પણ પરવા કરવી જોઈએ નહીં. ઈમામ હુસૈન(અ.)ની હુરને માફ કરવાની બાબતમાં કુટુંબના દરેક સભ્યે આપને સહકાર આપ્યો. કોઈએ પણ એવું કહીને વિરોધ દર્શાવ્યો નહીં કે આવા દુશ્મનને કે જેના લીધે આવી મુસીબતમાં સપડાઈ ગયા છીએ, તેને તો માફ કરવો જોઈએ જ નહીં. જો હુરે રસ્તો રોક્યો ન હોત તો મુસીબતમાં પડત જ નહીં. વળી ઈમામ હુસૈન(અ.)એ બચ્ચાંને તરસથી તરફડતાં જોયાં તેમ છતાંય હઝરત હુર ઉપર ગુસ્સો કર્યા વગર સાચા દિલથી તેમને માફ કરી દીધા.

કરબલાની બીબીઓએ પણ પોતાનાં બચ્ચાંને હુસૈન(અ.) ઉપર નિસાર કરી દીધાં. કોઈ બીબીએ એવો વાંધો ન ઉઠાવ્યો કે અમે આપની સાથે રહીને આટલી બધી તકલીફો વેઠી છે હવે બચ્ચાંને તો રહેવા દો, તેમને દુશ્મનોમાં ન લઈ જાઓ. અમે તેમના ઉપર અમારું જીવન વીતાવીશું. ખયમા સળગવાના પ્રસંગે બીબીઓને પોતાના પડદાનો ખ્યાલ હતો તેથી જ તો તેમણે ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ને પૂછ્યું કે અમે ખયમામાંથી બહાર

નીકળી જઈએ કે અંદર જ રહીને મરી જઈએ ? ઈમામ હુસૈન(અ.)એ કરબલાના કપરા સમયમાં પણ પોતાના ભાઈની વસિયતની અને પોતાની દીકરીના લગ્નની ફરજ અદા કરી. આ બધા એ લોકોના ઉત્તમ ગુણો હતા કે જે દુનિયામાં બીજે ક્યાંય પણ જોવા નહીં મળે. આપણે મોહંમદ વ આલે મોહંમદ(સ.)ને ચાહનારા થઈને તેમાંથી સબક લઈને પોતાના જીવનમાં સદ્‌ગુણો ઉતારીએ. વડીલ તરીકે આપણે આપણા બાળકો સાથે પ્રેમથી વર્તીએ, તેમની યોગ્ય માગણીઓને મહત્વ આપીએ. મા-બાપની સાથે આપણે નમ્રતા દાખવીએ અને તેમના આજ્ઞાપાલન માટે સદાય તત્પર રહીએ. આપણા વડીલ કોઈ વાતનો નિર્ણય લે તો તેમાં આપણે સહકાર આપવા તૈયાર રહીએ. જેની સાથે સંબંધ બગડી ગયો હોય અને જો તેના તરફથી સાચા દિલથી માફી માગવામાં આવે તો આપણે તેને રાજી ખુશીથી માફ કરી દેવો જોઈએ. સ્ત્રીઓએ પણ જરૂર વગર કોઈ અજાણ્યા પુરૂષથી દૂર જ રહેવું જોઈએ.

જો આવા ગુણો આપણામાં હશે તો મોહંમદ વ આલે મોહંમદ(સ.) પણ આપણી સાથે મહોબ્બત કરશે. રોજી પણ અલ્લાહે આપણને આપી છે જેથી દુનિયામાં આપણું જીવન સારી રીતે પસાર થાય. આપણે જોયું કે જે પણ કાર્ય અલ્લાહ તરફથી હોય છે તો તેમાં મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની મહોબ્બત સમાયેલી હોય છે માટે આપણે એવી રોજીને મહત્વ આપવું જોઈએ કે જે એહલેબયતની મહોબ્બતની સાથે હોય. એહલેબયતથી આપણને દૂર કરતી રોજીથી હંમેશાં બચતા રહેવું જોઈએ કેમકે રોજી આપનાર અલ્લાહ છે અને તે દરેક જગ્યાએ રોજી આપવા બંધાયેલો છે, મોમિનને પણ આપે છે, નાસ્તિકને પણ આપે છે.

તો આવી રીતે મોહંમદ વ આલે મોહંમદ(સ.)ને લક્ષમાં રાખીને આપણે જીવન પસાર કરવું જોઈએ. *


બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અસ્સલામુન અલયકુમ.....

અલ્લાહના ફઝલો કરમથી, પંજેતન પાક(અ.) અને પીરો મુરશિદની રહેમની નજર અને ભલી દુઆઓથી શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના નેઝા હેઠળ છેલ્લા બે વર્ષથી કરબલાની ઝિયારતના અનુભવ સાથે **અઝાદાર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**નું આયોજન કરેલ છે.

ચાલુ વર્ષે મે-૨૦૧૨માં ઈન્શાઅલ્લાહ ઉમ્રહ ઝિયારત ટૂરનું આયોજન કરેલ છે. ઈચ્છા ધરાવનાર મોમિનોએ નીચે આપેલ નંબર્સ પર સંપર્ક કરવા વિનંતી.

**::::: ટૂર આયોજક :::::**

**અન્જુમન-એ-શાને કાસિમ (મેતા)**

**નૌહાખ્વાન - ખાદિમહુસૈન જી. નાંદોલીયા** મો.૦૯૮૨૫૪ ૧૫૭૨૦ - ૦૯૪૦૯૧ ૪૪૦૨૯

**સાદિકહુસૈન જી. નાંદોલીયા** મો.૦૯૮૭૯૪ ૦૧૬૯૯ - ૦૯૩૨૭૯ ૧૪૨૬૧

**મુ.પો. મેતા, તા. વડગામ, જિ. બનાસકાંઠા.**

**::::: શુભેચ્છક :::::**

'મહેર ટૂર' ઈસ્માઈલભાઈ ઉસ્તાદ(ઈલોલ)


Azadar Tours & Travels

# ગ ડ મ થ લ ૨૩૬

**::::: સંપાદક:::::**

**મો.કાસમભાઈ ઈબ્રાહીમભાઈ**

**વિજાપુરા (મહેરપુરા)**



**::::: આડી ચાવીઓ :::::**

(૧) સાચું (૪)
(૩) સચ્ચાઈ, અલ્લાહની પ્રાપ્તિ માટેનો ત્રીજો તબક્કો(૪)
(૫) દુષ્કૃત્ય, બદી, ઉપદ્રવ (૪)
(૭) મદિરા, શરાબ (૨)
(૯) (ચાંદીનો) ચલણી સિક્કો (૪)
(૧૦) કાંડા સુધીનો હાથ (૨)
(૧૧) ભીંત, દીવાલ, આડ (૩)
(૧૩) નિર્દય, નિષ્ઠુર, પાષાણહૃદયી માણસ (૨)
(૧૪) શુધ્ધ ઉચ્ચારણ સાથે કુર્આનની તિલાવત કરનાર વ્યક્તિ (૨)
(૧૫) નિકટતા, નજદીકી (૪)
(૧૬) ખંજરી, ડફલી જેવું એક વાદ્ય (૨)
(૧૭) મનની શાંતિ (૩)
(૨૦) શાશ્વતતા, નિરંતરતા (૨)
(૨૧) ખાડો, નીચાણવાળો ભાગ (૩)
(૨૩) અડધું / લીમડો (૨)
(૨૬) હઝરત અબુતાલિબ(અ.)નું અસલ નામ (૪)
(૨૭) નમાઝમાં તકબીર વખતે કાન સુધી હાથ ઊંચા લઈ જવાની ક્રિયા (૫)

**::::: ઊભી ચાવીઓ :::::**

(૧) વિનાશ, પાયમાલી (૪)
(૨) એને શ્વાસમાં લેવાય છે (૨)
(૩) કા'બા ઉપરાંત કોઈ પણ પવિત્ર સ્થળ માટે તે શબ્દ વપરાય છે. (૬)
(૪) પક્ષપાત, તરફેણ (૫)
(૫) પાણી અથવા દૂધમાંથી બનાવેલ મીઠું પીણું (૪)
(૬) રસ્તો, માર્ગ (૨)
(૮) હક, અધિકાર, claim (૨)
(૧૨) ઘોડાના જીનનું પેગડુ (૩)
(૧૪) સફળતા, કામયાબી (૪)
(૧૫) કરબલાનો રહેવાસી (૫)
(૧૬) ઉપદેશ, યાદ દેવડાવવાની ક્રિયા (૩)
(૧૭) એક સ્થળેથી બીજે સ્થળે (૫)
(૧૯) રોઝા રાખવાનો મહિનો (૪)
(૨૨) પધ્ધતિ, શૈલી, રીત, ઢંગ (૨)
(૨૪) ઉપાય, ઈલાજ (૨)
(૨૫) ચીજ, વસ્તુ (૨)

## ગડમથલ નં.૨૩૫નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | હ્ | ૨ ફ | | ૩ સ | લ | ૪ સ | બી | લ | |
| લી | | સ | | | ૫ અ | લ | અ | મી | ૬ ન |
| ૭ મુ | સ | લ | મા | ૮ ન | | મા | | | મ |
| લ્લા | | | ૯ કા | ઝ | મૈ | ન | | | રૂ |
| ૧૦ હ | બી | ૧૧ બ | | મ | | | ૧૨ આ | બિ | દ |
| | | દી | ૧૩ જિ | | ૧૪ ન | | ફ | | |
| ૧૫ ઈ | દ | | બ્ર | | ૧૬ જા | ફ | રી | ૧૭ યા | |
| દ | | ૧૮ કા | ઈ | ના | ત | | ૧૯ ન | સ | ૨૦ બ |
| રિ | | તિ | લ | | | ૨૧ વા | | | દ |
| ૨૨ સ | બ | બ | | ૨૩ મ | હે | ર | હુ | સૈ | ન |

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### દરેક વસ્તુમાં હલનચલન છે

દીને ઈસ્લામ પ્રમાણે આપનો અકીદો એ હતો કે કાઈનાતમાં જે કંઈ છે તે ખાલિકની મખ્લૂક છે. ત્યાર પછી આવનારા જમાનાઓમાં જયારે વિજ્ઞાનનું વર્ગીકરણ એવી રીતે કરવામાં આવ્યું કે માઅરેફત અને ફિલોસૉફીને વિજ્ઞાનથી જુદાં પાડી દેવામાં આવ્યાં તો વૈજ્ઞાનિકોએ ઈમામ જાફર સાદિક(અ.)ના આ દષ્ટિકોણને કે દરેક વસ્તુ અલ્લાહ તરફ પાછી ફરે છે, તેને માઅરેફતનો દષ્ટિકોણ સમજી લીધો છે, વૈજ્ઞાનિક નહીં.

પરંતુ આજના વૈજ્ઞાનિકો ઉપર વિજ્ઞાનના ક્ષેત્રમાં આ હકીકત સ્પષ્ટ થઈ ગઈ છે કે જે કંઈ ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું હતું તેનો સંબંધ વિજ્ઞાનથી છે, માઅરેફતથી નહીં. હાલ આ વિશે નાના મોઢે મોટી વાત કરવી અપરિપક્વતાભરી છે કે બધી વસ્તુઓ ફક્ત એક વસ્તુ (ઈમામ જાફર સાદિક(અ.) પ્રમાણે અલ્લાહ) તરફ પાછી ફરે છે.

પરંતુ એ વાત સાબિત થઈ ચૂકી છે કે દરેક વખતે જયારે ઈલેકટ્રોનમાંથી કિરણ નીકળે છે તો તે કિરણ એક દિશામાં જાય છે અને જયાં સુધી તેના રસ્તામાં ચુંબકીય શક્તિ આવતી નથી ત્યાં સુધી તે આજુબાજુ ફેલાતું નથી પરંતુ તે કિરણ ત્યારે આજુબાજુ ફેલાવા લાગે છે કે જયારે તે વીજ ચુંબકીય (electro- magnetic) તરંગનો એક ભાગ બની જાય છે. આવી પરિસ્થિતિમાં તે આજુબાજુ ફેલાઈ જાય છે. આ એ જ તરંગો છે કે જેમના વડે ટેલિફોન, રેડિયો અને ટેલિવિઝન કામ કરે છે.

આપણે ઈલેકટ્રોનના એક જ દિશા તરફના હલનચલનને હોકાયંત્રની સોય વડે અનુભવ કરી શકીએ છીએ કે જે હંમેશાં ઉત્તર દિશામાં રહે છે. એવું કહેવામાં આવે છે કે પૃથ્વીના ગોળામાં હોકાયંત્ર ઉત્તર ધ્રુવ તરફ આકર્ષાય છે જેથી તેની સોય ઉત્તર તરફની દિશા બતાવે. હોકાયંત્ર મુસલમાનોનો આવિષ્કાર છે* અને આપણે જાણીએ છીએ તેમ તેનો આવિષ્કાર સમુદ્રી મુસાફરીમાં ઘણો મદદરૂપ થયો છે. જો હોકાયંત્રનો આવિષ્કાર ન થાત તો ન તો પોર્ટુગલનો રહેવાસી વાસ્કો-ડી-ગામા પંદરમી સદીના બીજા દાયકામાં જહાજ વડે દક્ષિણ આફ્રિકા અને ભારત પહોંચી શકત કે ન તો ઈટાલીનો ક્રિસ્ટોફર કોલંબસ પોતાના

---

* આ વાત સાચી નથી. હોકાયંત્રનો આવિષ્કાર મુસલમાનોએ કર્યો નથી પરંતુ ઈન્સાઈક્લોપીડિઆ બ્રિટાનિકા પ્રમાણે હોકાયંત્રનો આવિષ્કાર ચીનાઓએ કર્યો છે. હોકાયંત્રનો આવિષ્કાર સૌથી પહેલી વખત ઈસવી સન પૂર્વે ૨૨૦માં ચીનમાં થયો પરંતુ સમુદ્રી મુસાફરી માટે તેનો ઉપયોગ કરવામાં આવતો ન હતો અને ઈ.સ. ૧૩૧૨માં ચીનાઓએ સૌથી પહેલી વખત તેનો સમુદ્રની મુસાફરીમાં ઉપયોગ કર્યો. મુસલમાનો તેનો ઉપયોગ કરવાનું ચીનાઓ પાસેથી શીખ્યા અને યુરોપના લોકો મુસલમાનો પાસેથી તેનો ઉપયોગ કરવાનું શીખ્યા એટલા જ માટે એમણે સમજી લીધું કે મુસલમાનોએ તેનો આવિષ્કાર કર્યો છે.

જમાનામાં જહાજ વડે અમેરિકાની શોધ કરી શકત કે ન તો પોર્ટુગલનો માજિલાન સ્પેનના બાદશાહના ખર્ચે જહાજ વડે દુનિયાના ફરતાં ચક્કર લગાવી શકત. આ રીતે તેણે સાબિત કરી દીધું કે પૃથ્વી ગોળ છે. આપણે જાણીએ છીએ તેમ આજે પણ જહાજ ચલાવવા માટે હોકાયંત્ર અત્યંત જરૂરી છે અને એરોપ્લેનનો સંપર્ક હંમેશાં એરપોર્ટ સાથે સ્થાપિત રહેતો હોવા છતાં અને કંટ્રોલ ટાવરથી તેને સતત નિર્દેશ મળતા રહેતા હોવા છતાં કોઈ પણ એરોપ્લેન હોકાયંત્ર વગર ઉડી શકતું નથી.

જ્યારે રૉકેટ ચંદ્ર સુધી પહોંચ્યું તો તેના હોકાયંત્રની સોય એવી રીતે ઉત્તરની દિશામાં ચોંટેલી રહી કે વૈજ્ઞાનિકો એવું સમજ્યા કે હોકાયંત્ર હજુ સુધી પૃથ્વીની ચુંબકીય અસરમાં છે. બીજા ગ્રહો તરફ જનારા રૉકેટમાં હોકાયંત્ર એટલા સમય સુધી નિષ્ક્રિય રહ્યા પછી ગ્રહોની ઉત્તર તરફ દિશા સૂચન કરતું થઈ જાય છે (તેને પૃથ્વીની ઉત્તર દિશા સમજવી ન જોઈએ) અને આવી રીતે જાણે કે દરેક જગ્યાએ ઉત્તર દિશાનું સૂચન કરવાવાળી એક ચુંબકીય સોય હાજર હોય છે. બીજા ગ્રહો દા.ત. મંગળ, શુક્ર અને ગુરૂ તરફ જવાવાળા રૉકેટમાં કોઈ અન્ય હકીકત બહાર આવે તો તેના વિશે હાલ કંઈ કહી ન શકાય પરંતુ આજે ઈસવી સનની અઢારમી અને ઓગણીસમી સદીની જેમ વૈજ્ઞાનિક જાણકારી ધરાવનારા પોતાની જાણકારીને મફતમાં લોકો સુધી પહોંચાડી નથી દેતા એટલે તો આ જમાનામાં કેટલીક વૈજ્ઞાનિક માહિતી લશ્કરી ખાનગી વાતોનો ભાગ બનીને રહી ગઈ છે અને જે સરકાર પોતાના રૉકેટ અથવા ઉપગ્રહની મદદથી આવી માહિતી પ્રાપ્ત કરી લે છે, તે તેમને જાહેર કરતી નથી.*

અમે જાણીએ છીએ કે અન્ય ગ્રહો તરફ મુસાફરી કરનારાં એવાં રૉકેટ કે જેમને મુસાફરીમાં ઘણાય મહિના લાગી જાય છે, તે હોકાયંત્ર વગર મુસાફરી કરે છે. તેમ છતાંય ચંદ્ર પૃથ્વી કરતાં ઘણો નજીક છે તેની તરફ મુસાફરી કરવાવાળા અપોલોને હોકાયંત્રની આવશ્યકતા પડી નહીં કારણ કે જેવું હોકાયંત્ર પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રથી દૂર જાય છે કે તરત જ એની અંદર ગરબડ શરૂ થઈ જાય છે અને તે કોઈ એક દિશા તરફ સૂચન નથી કરતું. કેટલાક સમયે પૃથ્વી ઉપર પણ વીજક્ષેત્ર હોવાના કારણે હોકાયંત્ર ગરબડ કરવા લાગે છે અને તેની સોય દરેક ક્ષણે જુદી જુદી દિશાઓ બતાવે છે. આજે બધાં સમુદ્રી જહાજો લોખંડથી બનાવવામાં આવે છે એટલે હોકાયંત્રને તેમાં એવી રીતે લગાવવામાં આવે છે કે તે સમુદ્રી જહાજની ધાતુના સંપર્કમાં ન આવે નહિતર એની કાર્યક્ષમતા ઉપર અસર થઈ શકે છે એટલે સુધી કે કેટલીક વખત તો ૭૦ ડિગ્રી સુધીની ભૂલ થઈ જાય છે (હોકાયંત્રમાં કુલ ૩૬૦ ડીગ્રી હોય છે).

જો ક્રિસ્ટોફર કોલંબસનાં અમેરિકા તરફ જવાવાળાં સમુદ્રી જહાજો લાકડામાંથી બનેલાં ન હોત અને લોખંડમાંથી બનેલાં હોત તો તે કદીય પણ અમેરિકાની શોધ કરી શકત નહીં. હોકાયંત્રની ભૂલ તેને અવળી દિશામાં લઈ જાત.

આજના જમાનાના જાણીતા ભૌતિક-

* પેરિસના એક સામયિક 'વિજ્ઞાન અને જીવન'ના ઈ.સ.૧૯૭૩ના ઓગસ્ટ મહિનાના અંકમાં લખ્યું છે કે ફ્રેન્ચ સરકાર ઘણાં વર્ષોથી રશિયન અને અમેરિકન સરકારોને વિનંતી કરતી આવી છે કે તેમના જે કૃત્રિમ ઉપગ્રહો સતત ફ્રાન્સની અવકાશીય હદોમાંથી પસાર થાય છે અને ફોટા લેતા રહે છે એમાં જે ફ્રાન્સના ફોટા હોય તે ફ્રાન્સને પાછા આપી દે. પરંતુ આ બન્ને સરકારો માનતી નથી. જ્યારે કે આ ફોટા લશ્કરી રહસ્યોમાંથી પણ નથી અને ભૌગોલિક નકશામાં તેમની ગણના કરવામાં આવે છે. અમેરિકન સરકાર કે જેણે હમણાં હમણાં કેટલાક દેશોને આવા ભૌગોલિક ફોટા આપ્યા છે તે હવે ફ્રાન્સને પણ કેટલાક ફોટા આપવાનું વિચારી રહી છે.

શાસ્ત્રીઓમાં એક પ્રોફેસર ડેશ (Jay Gregory Dash) છે કે જે વૉશિંગ્ટન યુનિવર્સિટીમાં ભણાવે છે. પ્રોફેસર ડેશ ખગોળશાસ્ત્રી પણ છે. તે કાઈનાત વિશે એવી થિઅરીમાં માને છે કે જેના વડે ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણને સમર્થન મળે છે કે આ કાઈનાતમાં જે કંઈ છે તે તેના ખાલિક તરફ પાછું ફરી રહ્યું છે. આપણે બધા જાણીએ છીએ કે વિજ્ઞાને ઓગણીસમી સદીથી લઈને આજ સુધી કાઈનાતના સ્વરૂપ અને હલનચલનની સ્પષ્ટતા કરવા ઉપર ધ્યાન આપ્યું છે અને આ સંદર્ભમાં ત્રણ વૈજ્ઞાનિકો તરફથી વિવિધ થિઅરીઓ પ્રસ્તુત કરવામાં આવી છે પરંતુ આ બધી થિઅરીઓ જ છે. ખગોળશાસ્ત્રના કેટલાક નિયમો દા.ત. ગુરૂત્વાકર્ષણના નિયમ સૂરજની આજુબાજુ ગ્રહોના પરિભ્રમણના નિયમ અને મુક્ત પદાર્થના પડવાના નિયમ તરફ ધ્યાન આપવામાં આવ્યું છે અને આ બધા નિયમો ઈસવી સનની ઓગણીસમી સદી પહેલાં શોધાઈ ચૂક્યા હતા. વૈજ્ઞાનિકોએ જે કંઈ આજ સુધી કાઈનાતના સ્વરૂપ અને હલનચલન વિશે કહ્યું છે તે થિઅરી ઉપર જ આધારિત છે, સિધ્ધાંત ઉપર આધારિત નથી.

**આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ**

(Theory of Relativity)

આઈન્સ્ટાઈનના સમર્થકો કહે છે કે કાઈનાત વિશે આઈન્સ્ટાઈનની થિઅરી ગાણિતિક સુસંગતતા (mathematical correlation) ઉપર આધારિત છે પરંતુ ગણિતનું એક પૃષ્ઠ એક ત્રાજવાના જેવું છે. અને જ્યારે ત્રાજવાનો કાંટો વચ્ચોવચ રોકાઈ જાય ત્યારે આપણે કહી શકીએ કે બન્ને પલ્લાં વજનમાં બરાબર છે પરંતુ ત્રાજવાના કાંટાનું વચ્ચોવચ હોવું અને ત્રાજવાના બન્ને પલ્લાં સરખા વજનનાં હોવાં તે બાબત, બન્ને પલ્લાંમાં કઈ કઈ વસ્તુઓ રાખેલી છે, તેમની ઓળખ ન આપી શકે. જો આપણને એ વાતની ખબર ન હોય કે ત્રાજવાના બન્ને પલ્લાંમાં ઘઉં છે કે કોલસા છે તો આપણે ત્રાજવાના કાંટાને વચ્ચોવચ જોઈને ક્યારેય એવો અંદાજ ન લગાવી શકીએ કે પલ્લામાં શું છે.

જેમકે કહેવામાં આવ્યું છે તેમ ગાણિતિક સુસંગતતા સાચી છે અને ગણિતની પધ્ધતિઓમાંથી છે અને તે એકલું એવું વિજ્ઞાન છે કે જેનો કોઈ ઈન્કાર કરી શકતું નથી. પરંતુ ગાણિતિક સુસંગતતાથી ફક્ત એ વાત જાણી શકાય છે કે અમુક વસ્તુને અમે પલ્લામાં મૂકી છે તે આટલા પ્રમાણમાં છે, અલબત્ત એ વાત જાણી શકાતી નથી કે જે વસ્તુ પલ્લામાં છે તે કેવી છે. માટે ગાણિતિક સુસંગતતા સાચી હોવા છતાંય એ વાત સ્વીકાર્ય નથી કે આઈન્સ્ટાઈને પોતાના બન્ને પલ્લામાં જે કંઈ રાખ્યું છે તે સાચું છે.

બીજું એ કે આઈન્સ્ટાઈન પોતાના સાપેક્ષવાદમાં કાઈનાતના વ્યાસને ત્રણ હજાર મિલિયન પ્રકાશવર્ષ લખે છે જ્યારે કે આજ કાલની રેડિયો ટેલિસ્કોપીની જાણકારી પ્રમાણે આકાશી પદાર્થો વિશે એ હકીકત સામે આવી છે કે તે પદાર્થો પૃથ્વી કરતાં નવ હજાર મિલિયન પ્રકાશવર્ષ દૂર છે. (ક્રમશઃ)



**MBBS 3rd (i)**

**મોમિન વારિસઅલી**

**અકબરઅલી**

**(ગણેશપુરા)**

**G. K. Corner Solution 127**

(૧) સર રેડકિલફ (૨) શક સંવત (૩) રવિન્દ્રનાથ ટાગોર (૪) વીણા (૫) વાદળોની દિશા અને ગતિ (૬) મહા (૭) કર્ણાટક (૮) ઔરંગઝેબ

# Momin and Imaan

-----------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-----------------------------------------------------------------------------------------------------------------------------------

*During my induction in one of the prominent companies, the HR manager was explaining me* ***the policies of the organization*** *and what would be* ***my job responsibilities****? And what were* ***the expectations*** *of the company from me?*

*He further elaborated about the* ***employee benefit schemes*** *of the company –* ***the perks*** *and* ***leave entitlement*** *and* ***the performance appraisal system****. I was very impressed and I asked him about how soon would I be eligible for all this?*

*He said that it would depend on* ***successful completion of my probation period of six months.*** *During this period the company would observe* ***my commitment****,* ***integrity****, my* ***way of carrying out all the responsibilities*** *and above all* ***<u>my dedication</u>*** *to the organization.*

*If I am successful I would be a* ***confirmed employee*** *having access to* ***all the benefits*** *and* ***perks*** *but If I fail my probation period* ***may get extended*** *and in worst situation I may be* ***asked to leave*** *the organization.*

➔ *Any company operating in any kind of industry follows the above norms, so if this is so prevalent in* ***business organization*** *can we draw any parallel of this with* ***Islamic organization****?*

In Quran Allah (SWT) says in the following ayah:

- *"Arab ke dehati kehte hai ke hum imaan laye ae Rasool (SAW) tum kehdo ke tum* ***imaan nahi laaye*** *balke yun* ***kehdo ke islam laaye*** *haanlake* ***<u>imaan ka abhi tak tumhare dil se guzar hua hi nahin</u>****…." – (Surah-e-Al-Hujuraat, ayah 14)*

In the light of above ayah, it can be said that **"Being in Islam"** and **"Being with Imaan"** are two different things. Again, it seems that a person is first a Muslim and then he can become a Momin. For a Muslim it is mandatory to **offer namaz, fast in Ramzan** and **go for a Hajj** and if he does this he is called a devout Muslim. So how can he become a Momin? It means Allah (SWT) wants Muslims **to do something beyond the mandatory** to be a Momin. What is that?

Following ayah will help us in our quest:

- *"Aur Ae Imandaro namaz pabandi se padha karo aur zakaat diya karo* ***aur (dil se) Rasool (SAW) ki ita'at karo*** *taake tum per* ***rahem kiya jaaye****." – (Surah-e-Noor, ayah 156)*

The above ayah has been addressed to **"Imaandar Momins** " and it says that apart from our prayers (namaz); Allah (SWT) expects us to be **dedicated to Rasool (SAW).** It means that **being dedicated to Rasool (SAW) is that key parameter**, which will transform a Muslim into a **true Momin**.

Again in the following ayah Quran says:

- *"Aur **jo shakhs ne Khuda aur <u>Rasool (SAW) ki ita'at ki</u>** to aise log **un maqbool bandon ke saath honge jinhain Khuda ne apni na'ematein di** hai yaane ambiya aur siddiqueen aur shohda aur saalehin aur yeh log kya hi ache rafeeq hai." – (Surah-e-Nisa, ayat 69)*

If we remain **dedicated to Rasool (SAW)**, we get **the appraisal of being the chosen one** by Allah (SWT). And then we become eligible to **get limitless bounties** from the Almighty Allah.

➔ So if we carry out our responsibilities of namaz, roza, zakat, Hajj and whatever is being entrusted on us well and **above all remain dedicated to Rasool (SAW);** Allah (SWT) would **<u>confirm us as Momins</u>**. And once we get **the confirmation of being a Momin**, we would get the **benefits of Allah's grace, His limitless bounties and kindness**. And we are **amongst the chosen people** of Allah.

We have been taught the ways of offering namaz, undergoing roza and Hajj. But do **we know the way** to **remain dedicated to Rasool (SAW)?** Has Allah (SWT) **created such example** which we should follow? And if such an example is there, can Quran throw some light on it?

In Surah-e-Anfal, Allah (SWT) says:

- *"Ae Rasool (SAW) wohi to woh Khuda hai jis ne **<u>apni khaas madad aur momineen se tumhari taeed ki"</u>** – (Surah-e-Anfal, ayah 62)*

In the above ayah, Allah (SWT) has informed Rasool (SAW) that He has appointed a Momin, who is a great help to him.

As per the tradition of Abu Hureira, quoted by Ibn-e-Asakir, Rasool (SAW) has said that it is written on *'arsh'* that there is no God but Allah, Mohammed (SAW) is My slave and My Rasool and **I helped him through Ali.** (Ref: Durr-e-Mansoor, Vol 3, P 199, Mulla Jalaluddin Suyuti, Tarkih Ibn-e-Asakir, Zainul falli).

Allah further says in the following ayah of the same surah:

- *"Ae Rasool (SAW) tum ko buss Khuda aur **jo <u>momineen</u> tumhare <u>taabe' farman</u> hai kafi hai**." – (Surah-e-Anfal, ayah 64)*

Here, He endorses the **commitment and dedication of Mawla Ali (A.S)** and He further says that Allah and Mawla Ali are enough for Rasool (SAW)'s help.

This dedication and commitment has made him "Commander of Faithfull" and the prominent hadees of Rasool (SAW) says:

- '**Momin** ka **Amir** aur **Musalmanon** ka **Sardar Ali** hai." (Ref: Manaqib al Khwarzami, P 85, Karib Minal Lafaz, Faraeed al Samtain, Vol 1, P 149)

➔ Mawla Ali (A.S) is **that shining example** which **needs to be followed.** and if we follow him **we will know the way** to remain dedicated to Rasool (SAW). He is **Amir-ul-Momineen** and **leader of umah-e-Rasool (SAW).**

Love for Mawla Ali (A.S) is that **key differentiator** between a Momin and otherwise. That is why Rasool (SAW) has said:

- "Momin ke **naam-e-aa'mal ka uonwaan <u>Ali</u>** ki **<u>mohabbat</u>** hai" (Ref; Sawaiqa Mohraika, P 120, Tarikh ibn-e-Asakir, vol 42, P 7, Tarikh al Baghdad, P 177)

In the following ayah Quran says:

- *"Yeh woh log hai jinki **roohain farishte iss haalat main qabz karte hain ke woh (najaasat-e-kufr se) paak-o-pakizah hote hai** to farishte unse (nihayat tapaak se) kehte hai **salaam-un-alay kum jo naikiya duniya main tum karte the uss ke sile main Jannat main ( be-takalluf ) chale jao."** – (Surah-e-Nahl, ayah 32)*

In the above ayah the angels send their salams to **few chosen people** for their **<u>good deeds.</u>** So what are these good deeds which even angels acknowledge and who are these people?

Rasool (SAW) has said this:

- 'Behold, **whoever dies** for **the love of Aal-e-Mohammed** two **doors leading towards Heaven** shall be **opened for him** in his **grave**". (Ref: Zamakhshari in his Tafseer, Imam Sa'labi in Tafseer-e-Kabeer)

In the light of above hadees it is clear now that ayah of Surah-e-Nahl refers to **Momins** who die for the love of **Aale Mohammed**. It means the reference of "*Nekiyan*" or "**good deeds**" is the love for Prophet (pbuh) and his holy progeny which even **angels acknowledge**.

In a professional career if you do well for the organization you are **duly rewarded**. You get **appreciation** for your consistency in **commitment** and **dedication**. Now let us see which are the rewards a Momin can expect at the Day of Judgment for his **commitment** in **loving Mawla Ali and his dedication to Rasool (SAW)**. For this we will see the following two ayahs:

- *"Jis din tum **<u>momin mard</u>** aur **<u>momin aurton</u>** ko dekhoge ke **unke imaan ka noor** unke aage aage aur dahine taraf chal raha hoga to **unse kaha jaaega** ki tum ko bashaarat ho ki **aaj tumhare liye woh baagh hai jinke niche nahrein jaari hai** jinmain hamesha rahoge **yehi to badi kamiyabi hai** – (Surah-e-Al Hadid, ayah 12)*

- *"Khuda ne **Imaandar mardon** aur **imaandar aurton** se **bahisht ke un baaghon ka wa'ada kar liya hai** jinke niche nahrein jaari hai aur **wo un main hamesha rahenge** bahisht ke baaghon main **umda umda makanaat ka bhi wa'ada farmaya** hai aur Khuda ki khushnudi un sab se baalatar hai, yehi to badi a'ala darje ki kaamiyabi hai." – (Surah-e-Tauba, ayah 72)*

➔ I would like to conclude with this prayer that O my Lord! **Increase my love for Mawla Ali**, so that **I remain dedicated to Rasool (SAW)** and **so that I become a chosen Momin slave of Yours**. I get **appraisal** and **great rewards** in this **world and hereafter**. Keep my feet planted on the path Your holy Prophet (PBUH) has shown. Aamin

# મોમિન અને ઈમાન

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

*નામાંકિત કંપનીઓમાંની એક કંપનીમાં મારી પદનિયુક્તિ દરમિયાન કંપનીનો ઉચ્ચ મેનેજર મને **સંસ્થાની કાર્યનીતિઓ** અને **મારી નોકરીની જવાબદારીઓ** કેવી હશે તે અંગે અને કંપની મારી પાસેથી કેવા પ્રકારની **અપેક્ષાઓ** રાખે છે તે બાબત મને સમજાવી રહ્યો હતો.*

*વધુમાં તેણે કંપની તરફથી અપાતી **કર્મચારી કલ્યાણ યોજનાઓ, ભથ્થાં** અને **હક રજાઓ** તેમજ **કામગીરીના મૂલ્યાંકનની પધ્ધતિ** વિષે વિગતવાર વાત કરી. હું તો ખૂબ જ પ્રભાવિત થઈ ગયો અને મેં તો તેમને પૂછી જ નાખ્યું કે હું આ લાભો મેળવવા માટે કેટલો જલ્દી પાત્ર બનીશ ?*

*તેણે મને જણાવ્યું કે આ બધી બાબતોનો આધાર હું **છ મહિનાનો મારો અજમાયશી સમયગાળો સફળતાપૂર્વક પૂર્ણ કરું** તેના ઉપર છે. આ સમય દરમિયાન કંપની મેં **સ્વીકારેલી જવાબદારીઓ, પ્રમાણિકતા** અને **જવાબદારીઓ વહન કરવાની મારી કાર્યપધ્ધતિ** અને સૌથી વિશેષ તો સંસ્થા પ્રત્યેની **મારી સમર્પણની ભાવના**નું અવલોકન કરશે.*

*જો હું આમાં સફળ થયો તો હું **બધા જ લાભો** અને **ભથ્થાં** મેળવવા માટે હકદાર બનીને **પીઢ કર્મચારી** બનીશ અને જો હું એમાં નિષ્ફળ જાઉં તો મારો અજમાયશી સમયગાળો **કદાચ વધારવો પડે** અને ખૂબ જ ખરાબ સંજોગોમાં મને કદાચ સંસ્થા **છોડી દેવાનું કહેવામાં પણ આવે.***

→ *કોઈ પણ પ્રકારના ઉદ્યોગનું સંચાલન કરતી કોઈ પણ કંપની ઉપરોક્ત પ્રકારનાં સ્વીકૃત ધોરણોને અનુસરતી હોય છે તેથી આવું બધું **ધંધાકીય સંસ્થાઓમાં** જો પ્રવર્તતુ હોય તો શું **ઈસ્લામી સંસ્થામાં** આપણે આવાં કોઈ સમાન્તર ધોરણોને વહન ન કરી શકીએ ?*

કુરઆનમાં અલ્લાહ(સુ.વ.ત.) નીચેની આયતમાં ફરમાવે છે :

- **'બદ્દુઓ કહે છે કે અમે ઈમાન લાવ્યા; (પણ) કહે કે તમે <u>ઈમાન નથી લાવ્યા,</u> બલ્કે તમે એમ <u>કહો કે અમે ઈસ્લામ લાવ્યા,</u> કેમકે <u>ઈમાન તો તમારા અંતઃકરણોમાં હજુ સુધી પેઠું જ નથી...'</u>**

(સૂરએ અલ-હુજરાત, આયત-૧૪)

ઉપરોક્ત આયતના પ્રકાશમાં એવું કહી શકાય કે **ઈસ્લામમાં હોવું** અને **ઈમાનવાળા બનવું** આ બન્ને અલગ અલગ બાબતો છે. ફરીથી જોઈએ. એવું લાગે છે કે કોઈ વ્યક્તિ પ્રથમ તો એક મુસલમાન છે અને ત્યાર પછી તે મોમિન બની શકે છે. મુસલમાન માટે **નમાઝ પઢવાનો, રમઝાનમાં રોઝા રાખવાનો અને હજ માટે જવાનો** હુકમ છે અને જો તે એવું કરે તો તે સમર્પિત મુસલમાન છે. તેથી તે કેવી રીતે મોમિન બની શકે? એનો અર્થ એ થયો કે મોમિન બનવા માટે અલ્લાહ (સુ.વ.ત.) મુસલમાનો પાસે (શરીઅતના) **હુકમો માનવા ઉપરાંત કંઈક વિશેષ** ઈચ્છે છે. એ બાબત કઈ છે ?

આપણા સંશોધનમાં નીચેની આયત આપણને મદદરૂપ નિવડશે.

- **'અને (હે ઈમાનવાળાઓ !) નમાઝ કાયમ કરો તથા ઝકાત આપો તથા <u>રસૂલની</u>**

**<u>આજ્ઞા માનો</u> કે જેથી તમારા પર <u>દયા</u> <u>કરવામાં આવે.'</u>** (સૂરએ નૂર, આયત-૫૬)

ઉપરોક્ત આયત **ઈમાનદાર મોમિનો**ને સંબોધીને કહેવામાં આવી છે અને તે આયત જણાવે છે કે આપણી ઈબાદતો (નમાઝ) ઉપરાંત આપણે **રસૂલ(સ.)ને સમર્પિત** થઈએ તેવી અલ્લાહ(સુ.વ.ત.) અપેક્ષા રાખે છે. તેનો અર્થ એ થયો કે **રસૂલ(સ.)ને સમર્પિત થઈ જવું તે ચાવીરૂપ માપદંડ છે** કે જે મુસલમાનને **સાચા મોમિનમાં** પરિવર્તિત કરી નાખે છે.

ફરીથી નીચેની આયતમાં કુરઆન કહે છે :

- **'<u>અને જેઓ અલ્લાહ તથા તે(ના) રસૂલની આજ્ઞા પાળે છે</u> તો તેઓ <u>તેમની સાથે હશે કે જેમના પર અલ્લાહે બક્ષિસો નક્કી કરી છે</u> કે જેઓ કેટલાક પયગમ્બરોમાંથી તથા સત્યવાદીઓમાંથી તથા શહીદોમાંથી અને સદાચારીઓમાંથી છે; અને એ જ લોકો મિત્રતા માટે ઉત્તમ છે.'**

(સૂરએ નિસા, આયત-૬૯)

જો આપણે **રસૂલ(સ.)ને સમર્પિત** રહીશું તો અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા **પસંદ થયેલામાં આપણી કામગીરીનું મૂલ્યાંકન** થશે અને ત્યાર પછી આપણે સર્વશક્તિમાન અલ્લાહ તરફથી **અઢળક બક્ષિસો મેળવવા માટે પાત્ર** બનીશું.

→ તેથી જો આપણે નમાઝ, રોઝા, ઝકાત, હજ અને જે કંઈ આપણને સોંપવામાં આવ્યું હોય તે જવાબદારીઓને સારી રીતે બજાવી લાવીશું અને **તેનાથી વિશેષમાં આપણે રસૂલ(સ.)ને સમર્પિત થયેલા રહીશું** તો અલ્લાહ(સુ.વ.ત.) આપણને **મોમિનો તરીકે દ્રઢ** બનાવશે. અને એક વખત આપણે મોમિન હોવાની દ્રઢતા પ્રાપ્ત કરી લઈશું તો આપણે **અલ્લાહની કૃપાના લાભો, તેની અનંત બક્ષિસો(નેઅમતો) અને દયા** મેળવીશું અને આપણે **અલ્લાહના પસંદગીપાત્ર લોકોમાંથી** હોઈશું.

આપણને **નમાઝ પઢવાની, રોઝા અને હજની તકલીફો વેઠવાની પધ્ધતિઓ શીખવવામાં આવી છે.** પરંતુ રસૂલ(સ.)ને સમર્પિત રહેવાની **પધ્ધતિ શું આપણે જાણીએ છીએ** ખરા ? અલ્લાહ (સુ.વ.ત.)એ આવાં ઉદાહરણો પેદા કર્યા છે ખરાં કે જેનું આપણે અનુસરણ કરવું જોઈએ ? અને જો **આવું કોઈ ઉદાહરણ અલ્લાહે પેદા કરેલું** હોય તો શું કુરઆન એના ઉપર કંઈ પ્રકાશ ફેંકે છે ખરું ?

સૂરએ અન્ફાલમાં અલ્લાહ(સુ.વ.ત.) ફરમાવે છે :

- **'તે (અલ્લાહ) એ જ છે કે જેણે <u>પોતાની મદદ વડે તથા મોમિનોની (મદદ) વડે તને સબળ કર્યો</u> છે.** (સૂરએ અન્ફાલ, આયત-૬૨)

ઉપરોક્ત આયતમાં અલ્લાહ(સુ.વ.ત.)એ રસૂલ(સ.)ને માહિતી આપી છે કે તેણે એક મોમિનની નિમણૂંક કરી છે કે જે તેમના માટે ઘણો મદદરૂપ છે.

અબુ હુરૈરાની રિવાયત પ્રમાણે કે જેનું અવતરણ ઈબ્ને અસાકિરે ટાંક્યું છે, રસૂલ(સ.)એ ફરમાવ્યું છે કે અર્શ ઉપર એવું લખેલું છે કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી; મોહંમદ(સ.) મારા બંદા અને રસૂલ છે અને મેં **અલી દ્વારા તેમની મદદ કરી** છે. (સંદર્ભ : દુર્રે મન્સૂર, ભાગ-૩, પેજ-૧૯૯, મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, તારીખ ઈબ્ને અસાકિર, ઝયનુલ ફાલ્લી)

અલ્લાહ વધુમાં આગળ આ જ સૂરાની નીચેની આયતમાં ફરમાવે છે :

- **'અય રસૂલ ! અલ્લાહ તથા મોમિનોમાંથી જેઓ તારી તાબેદારી કરે છે તેઓ જ તારા માટે બસ(કાફી) છે.'**

અહીં અલ્લાહ **મૌલા અલી(અ.)એ વહન કરેલ જવાબદારી અને સમર્પણની ભાવનાનું** સમર્થન કરે છે અને આગળ ફરમાવે છે કે અલ્લાહ અને મૌલા અલી રસૂલ(સ.)ની મદદ માટે પૂરતા છે.

સમર્પણની ભાવના અને વહન કરેલ જવાબદારીઓએ તેમને **અમીરુલ મોમિનીન** બનાવ્યા છે. વળી રસૂલ(સ.)ની ધ્યાનકર્ષક હદીસ જણાવે છે :

- **'<u>મોમિનો</u>નો <u>અમીર</u> અને <u>મુસલમાનોનો સરદાર અલી</u> છે.'**

(સંદર્ભ : મનાકિબ અલ ખ્વારઝમી, પેજ-૮૫, કરીબ મિનલ લતાઝ, ફરાઈદ અલ સમ્તાઈન, ભાગ-૧, પેજ-૧૪૯)

→ મૌલા અલી(અ.) એક એવું **ઝગમગતું ઉદાહરણ** છે કે જેનું **અનુસરણ કરવાની જરૂર** છે અને જો આપણે તેમની પયરવી કરીશું તો આપણે રસૂલ(સ.)ને સમર્પિત રહેવાની **રીત જાણીશું** તે **અમીરુલ મોમિનીન** તેમજ **રસૂલ(સ.)ની ઉમ્મતના સરદાર** છે.

મૌલા અલી(અ.)ની મોહબ્બત મોમિન અને બિનમોમિન વચ્ચે **તફાવત પાડનારી ચાવી** છે. એટલા માટે તો રસૂલ(સ.)એ ફરમાવ્યું છે :

- **'મોમિનના <u>આમાલનામાનું શીર્ષક અલીની મોહબ્બત</u> છે.'**

(સંદર્ભ : સવાએકે મોહર્રકા, પેજ-૧૨૦, તારીખ ઈબ્ને અસાકિર, ભાગ-૪૨, પેજ-૭, તારીખ અલ બગદાદ, પેજ-૧૭૭)

નીચેની આયતમાં કુરઆન કહે છે :

- **'કે <u>જેમનો અંત ફરિશ્તાઓએ એવી સ્થિતિમાં આણ્યો હશે કે તેઓ (નાસ્તિકપણાની નાપાકીથી) પાક સાફ હશે</u>, ફરિશ્તાઓ તેમને આ(વું) કહેતા હશે કે <u>સલામુન અલયકુમ</u> (તમારા પર શાંતિ હોજો), <u>જે (સુ)કરણી તમે કર્યા કરતા હતા તેના બદલામાં તમે જન્નતમાં દાખલ થઈ જાઓ.</u>'** (સૂરએ નહલ, આયત-૩૨)

ઉપરોક્ત આયતમાં ફરિશ્તાઓ **અમુક પસંદ થયેલા** લોકો ઉપર તેમનાં **સત્કૃત્યો** માટે સલામ મોકલે છે. તો આ એવાં કયાં સત્કાર્યો છે કે જેનો ફરિશ્તાઓ પણ સ્વીકાર કરે છે ? અને આવા કોણ લોકો છે ?

રસૂલ(સ.)એ આવું ફરમાવ્યું છે :

- **'જુઓ, <u>જે કોઈ આલે મોહંમદ(સ.)ની મોહબ્બતમાં મરે છે</u> તેની <u>કબરમાં જન્નત તરફ ઊઘડતાં બે બારણાં ખોલવામાં આવશે.</u>'**

(સંદર્ભ : ઝમખશરી તેની તફસીરમાં, ઈમામ શાફઈ તફસીરે કબીરમાં)

ઉપરોક્ત હદીસના પ્રકાશમાં જોઈએ તો એ બાબત હવે સ્પષ્ટ છે કે સૂરએ નહલની આયત એવા **મોમિનોનો** સંદર્ભ દર્શાવે છે કે જે **આલે મોહંમદ(સ.)**ની મોહબ્બતમાં મરે છે. તેનો અર્થ એવો થાય છે કે **નેકીયાન** અથવા **સત્કૃત્યો** તે પયગમ્બર(સ.) અને તેમના પવિત્ર વંશજોની મોહબ્બત છે કે જેનો **ફરિશ્તાઓ પણ સ્વીકાર કરે છે.**

વ્યવસાયિક કારકિર્દીમાં તમે જો સંસ્થા માટે કંઈક સારું કરો તો તેનો **યોગ્ય બદલો** આપવામાં આવે છે. તમારી **જવાબદારીઓ વહન કરવાની** અને **સમર્પણની ભાવના**ના સાતત્ય માટે તમે **પ્રશંસા** પ્રાપ્ત કરો છો. ચાલો હવે આપણે એ જોઈએ કે કયામતના દિવસે **મોમિન મૌલા અલી(અ.)ને ચાહવાની અને રસૂલ(સ.) પ્રત્યેની સમર્પણની તેની ભાવનાની પરિપૂર્ણતા** માટે કઈ કઈ બક્ષિસો મેળવે છે. આના

માટે આપણે નીચેની આયતો જોઈશું.

● 'જે દિવસે તું મોમિન પુરૂષો તથા મોમિન સ્ત્રીઓને જોશે કે તેમનું નૂર તેમની આગળ આગળ તથા તેમના જમણા હાથ (તરફ) દોડતું જતું હશે ત્યારે તેમને કહેવામાં આવતું હશે કે આજે તમારા માટે વધામણી (શુભ સમાચાર) છે તે જન્નતોની કે જેની હેઠળ નદીઓ વહે છે, તેમાં તમારું સદાનું રહેવાનું થશે; મહાન સફળતા તો એ જ છે.' (સૂરએ હદીદ, આયત-૧૨)

● 'અલ્લાહે મોમિન પુરૂષો તથા મોમિન સ્ત્રીઓને જન્નતોનો વાયદો કર્યો છે કે જેની હેઠળ નદીઓ વહેતી ફરે છે, (અને) જેમાં તેઓ હંમેશના રહેનારા થશે, અને હંમેશાં (એક જ સ્થિતિમાં રહેનારી) જન્નતોમાં સારાં સારાં મકાનો પણ (આપવાનો) વાયદો કર્યો છે; અને અલ્લાહની પ્રસન્નતા તો સર્વોત્તમ જ છે - એ જ મોટી સફળતા છે.' (સૂરએ તૌબા, આયત-૭૨)

→ આ દુઆ સાથે હું આ લેખનું સમાપન કરીશ કે અય મારા માલિક ! **મૌલા અલી પ્રત્યેની મારી મોહબ્બતમાં વધારો કરજે** જેથી કરીને હું **રસૂલ(સ.)ને સમર્પિત રહું** અને જેથી કરીને **હું તારી પસંદગી પામેલો મોમિન બંદો બનું, દુનિયા અને આખેરત** બન્ને ઠેકાણે હું **ગણનાપાત્ર** બનું. તારા પવિત્ર પયગમ્બર(સ.)એ બતાવેલા માર્ગ ઉપર મને સાબિતકદમ રાખજે, આમીન. ✻

**ઈસ્લામી કવીઝ નં. ૨૧૭ના જવાબો**

(૧) મરહબ (૨) સાઈઠ હજાર દિરહમમાં (૩) હઝરત પીર સૈયદ શમ્સુદ્દીન(રહે.અ.)એ (૪) નમાઝે તહજ્જુદમાં (૫) અલ્લાહની અલૌકિક બુધ્ધિ (૬) હઝરત નિઝામુદ્દીન અવલિયા(રહે.અ.)ના (૭) દસ ગણો

# General Knowledge Corner 127

**(૧) ભારત અને પાકિસ્તાન વચ્ચેની સીમા રેખા કોણે નક્કી કરી હતી ?**
(A) સર રેડક્લિફ (B) મેકમોહન
(C) લોર્ડ માઉન્ટબેટન

**(૨) ભારતનું રાષ્ટ્રીય પંચાંગ કયા સંવત પર આધારિત છે.**
(A) વિક્રમ સંવત (B) શક સંવત
(C) ઉપરના બન્ને

**(૩) પહેલા ભારતીય નોબેલ પારિતોષિક વિજેતા કોણ હતા ?**
(A) હરગોવિંદ ખુરાના
(B) સી.વી.રામન
(C) રવિન્દ્રનાથ ટાગોર

**(૪) સૌથી પ્રાચીન વાદ્ય નીચેનામાંથી કયું છે?**
(A) સરોદ (B) સિતાર (C) વીણા

**(૫) નેફોમીટરથી શું માપવામાં આવે છે ?**
(A) વાદળોની દિશા અને ગતિ
(B) સમુદ્રમાં મીઠાનું પ્રમાણ
(C) વરસાદની માત્રા

**(૬) હીરાકુંડ બંધ કઈ નદી પર બાંધવામાં આવેલો છે ?**
(A) ગંગા (B) મહા (C) જેલમ

**(૭) ભારતમાં સુખડના લાકડા માટેનું સુપ્રસિધ્ધ રાજ્ય કયું છે ?**
(A) પશ્ચિમ બંગાળ (B) કેરળ
(C) કર્ણાટક

**(૮) નીચેનામાંથી કયો મોગલ સમ્રાટ વીણા વગાડવા માટે પ્રસિધ્ધ હતો ?**
(A) ઔરંગઝેબ (B) શાહજહાં
(C) બાબર

# બોલ્યા ચાલ્યા માફ

લેખન : મો.કાસમભાઈ વિજાપુરા(મહેરપુરા)

બોલ્યા ચાલ્યા માફ.

બોલ્યા ચાલ્યા માફ કરવા એટલે જીવન દરમિયાન બે વ્યક્તિઓ વચ્ચે ઝઘડો થયો હોય, બોલાચાલી થઈ હોય અથવા કોઈ કારણસર મનદુઃખ થયું હોય તો એકબીજા સાથે મળીને પરસ્પર માફ કરી દેવાની ક્રિયા. બોલ્યા ચાલ્યા માફ કરવાની આ પધ્ધતિ કુરાન અને હદીસ પર આધારિત સાચી પધ્ધતિ છે કેમકે કોઈને માફ કરી દેવું, કોઈએ કરેલ ખરાબ કાર્યને કે અન્યાયને દરગુજર કરી દેવાની બાબત એક આદર્શ સિફત છે, એક આવકાર્ય સદ્‌ગુણ છે. કુરાન શરીફમાં છે કે જો કોઈને માફ કરી દેવામાં આવે તો તે કાર્ય તક્વા-પરહેઝગારીની નિકટનું કાર્ય છે.

માફ કરનારો, માફી આપનારો કદી નુકસાનમાં રહેતો નથી. તેને તો ફાયદો જ થાય છે. ખુદા તઆલા માફ કરનાર વ્યક્તિની ઈજ્જત આબરૂમાં વધારો કરે છે. વળી એક હદીસમાં એવું પણ છે કે જે માણસ લોકોને માફ કરી દે છે તો ખુદા તઆલા પણ તેના ગુનાહ માફ કરી દે છે. આપણે કોઈના ગુનાને માફ જ ન કરીએ અને પછી અલ્લાહ તઆલા આગળ પોતાના ગુના માફ કરાવવા માટે દુઆ માગીએ તો અલ્લાહ તઆલા આપણા ગુનાહ માફ કરશે ખરો? શું અલ્લાહ આપણને એવું નહીં કહે કે તું બીજાના ગુના તો માફ કરતો નથી અને તું મારી પાસે તારા ગુના માફ કરાવવાની આશા રાખે છે ?

જેની સાથે ઝઘડો કર્યો હોય, જેની સાથે બોલાચાલી કરી હોય તેના ઘેર સામે ચાલીને માફી માગવા અને માફ કરવા જવું કંઈ સહેલું કાર્ય નથી પરંતુ મર્દાનગીભર્યું કાર્ય છે કારણ કે માફી માગવા જનાર વ્યક્તિ પોતાનો અહમ્, પોતાનું હું પણું, પોતાની વિચારધારા, વગેરેને ભૂલી જઈને સામેની વ્યક્તિને મળવા માટે જાય છે. તે માણસ Forget and forgive- **'ભૂલી જાઓ અને માફ કરી દો'**ની ભાવનાને પ્રગટ કરે છે. આવો માણસ પોતાના નફસ સાથે જિહાદ કરીને નીકળેલો હોય છે, જિહાદે અકબર કરીને નીકળેલો હોય છે. આવો માણસ અલ્લાહ અને તેના રસૂલ(સ.)ની આજ્ઞાઓને પોતાના માથે ચડાવે છે અને તેથી જ તો અલ્લાહ અને તેના રસૂલ(સ.) તેનાથી ખુશ થાય છે.

એક બીજાને માફ કરી દેવું શા માટે જરૂરી છે? સુલેહ કરવી એટલા માટે જરૂરી છે કે તે ઈસ્લામનો હુકમ છે. જેમકે હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે :

**'બે મુસલમાનો માટે ત્રણ દિવસથી વધારે સમય સુધી આપસમાં ગુસ્સો અને કડવાશ રાખીને એકબીજાથી દૂર રહેવું જાએઝ નથી.'** (મેઅરાજુસ્સાદહ, ભાગ-૧, પેજ-૪૫૬)

ઉપરની હદીસ સ્પષ્ટપણે બતાવે છે કે એકબીજા પ્રત્યે ગુસ્સો રાખવો અને મનમાં કડવાશ રાખીને દૂરી રાખવી જાએઝ નથી.

આપણી જમાઅતમાં **'બોલ્યા ચાલ્યા માફ'** વાક્ય સામાન્ય રીતે બે પ્રસંગોએ વપરાતું સાંભળવા મળે છે :

(૧) કોઈના મોમિનના મૃત્યુના સમયે

(૨) હજ-ઝિયારત માટે જતી વખતે.

કોઈ મોમિન કે મોમિનાનો ઈન્તેકાલ થાય ત્યારે તેના જનાઝાને કબ્રસ્તાનમાં લઈ જતાં પહેલાં મૈયતનાં સગાં વહાલાં કે મિત્રો વારાફરતી તે મૈયતની પાસે જાય છે અને આવું કંઈક કહે છે કે -

'બોલ્યા ચાલ્યા માફ કરજો. હું પણ તમને

અલ્લાહ તઆલાના ઘર સુધી, રોઝે મહેશર સુધી માફ કરું છું.'

મૈયત સમક્ષ આ રીતે વાંક-ગુનો માફ કરાવવાની ક્રિયા ખરેખર સાચી છે કે ખોટી તે researchનો વિષય છે, સંશોધનનો વિષય છે કેમકે અહીં માત્ર એક પક્ષીય માફી માગવામાં અને આપવામાં આવે છે. મૈયત તરફથી તો કોઈ જવાબ મળતો જ નથી. કદાચ મૈયતના મનમાં એવો વિચાર પણ આવતો હોય કે આખી જિંદગી સુધી, હું જીવતો હતો ત્યાં સુધી, તો તમે મને માફ કર્યો નહીં અને હવે જ્યારે હું મરી ગયો છું ત્યારે મને માફ કરવા માટે આવ્યા છો ? ખેર, મૈયતની સમક્ષ આ રીતે બોલ્યા ચાલ્યા માફ કરવાની પધ્ધતિ સાચી છે કે ખોટી તે બાબત અલ્લાહ બેહતર જાણે છે.

બોલ્યા ચાલ્યા માફ કરવાનો બીજો પ્રસંગ છે હજ-ઝિયારતમાં જતી વખતનો. આ પ્રસંગે માફ કરનાર અને માફી માગનાર બન્ને જણ હાજર હોય છે અને એકબીજાની રૂબરૂમાં માફીની આપ-લે કરતા હોય છે તેથી બોલ્યા ચાલ્યા માફ કરવાની આ રીત સાચી હોય એવું લાગે છે. પરંતુ બોલ્યા ચાલ્યા માફ કરવા માટે આટલી બધી લાંબી રાહ જોવાની શું જરૂર છે ? કોઈ માણસ હજ-ઝિયારત કરવા માટે જાય ત્યાં સુધી રાહ શા માટે જોવી જોઈએ? કેમકે ઈસ્લામ તો આટલા બધા લાંબા સમયની છૂટ આપતો જ નથી. લ્યો, સાંભળો આ હદીસ.

હઝરત રસૂલે ખુદા(સ.)નું કથન છે કે -

**'જ્યારે મુસલમાનો એક બીજાથી નારાજ (કે ગુસ્સે) થયેલા હોય અને ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં આપસમાં સુલેહ ન કરી લે તો તેઓ ઈસ્લામના વર્તુળમાંથી બહાર નીકળી જાય છે અને બન્નેમાંથી જે માણસ સુલેહ માટે હાથ લંબાવવામાં પહેલ કરશે તે વહેલો જન્નતમાં જશે.'** (મેઅરાજુસ્સઆદહ, ભાગ-૧, પેજ-૪૫૬)

જોયું ને ? રસૂલ(સ.) તો એવું કહે છે કે ત્રણ દિવસથી વધારે સમય રિસાયેલા રહેવાય જ નહીં. જો ત્રણ દિવસથી વધુ સમય રિસાયેલા રહ્યા, અબોલા રહ્યા તો ઈસ્લામના દાયરામાંથી બહાર નીકળી ગયા, out of the circle of Islam. વળી અહીં આપ(સ.)એ એવું પણ ફરમાવ્યું કે સુલેહ કરવાની પહેલ કરનારો જન્નતમાં વહેલો પહોંચી જશે. રસૂલિલ્લાહ(સ.)એ જન્નતની ચાવી તેના હાથમાં જ આપી દીધી.

બે મુસલમાનો, બે મોમિનો, એકબીજાથી દૂર રહે, અતડા રહે એ બાબત ખૂબ જ ખતરનાક પણ છે. આ અંગે આપણા છઠ્ઠા ઈમામ શું કહે છે તે સાંભળીએ :

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી રિવાયત છે :

**'જ્યારે બે મુસલમાનો ગુસ્સાના કારણે એકબીજાથી દૂરી પકડે છે ત્યારે બેમાંથી એક લા'નતને પાત્ર ઠરે છે અને ક્યારેક તો એવું બને છે કે તે બન્ને લા'નતને પાત્ર ઠરે છે.** એક માણસે ઈમામ(અ.)ને પ્રશ્ન કર્યો,

'એ બન્નેમાંથી એક મઝલૂમ હોય તો તે કેવી રીત લા'નતને પાત્ર ઠરશે ?'

તો ઈમામ(અ.)એ ફરમાવ્યું,

**'તે (મઝલૂમ) માણસ શા માટે પોતાના મોમિન બિરાદરને સુલેહ કરવા બોલાવતો નથી?'**

(મેઅરાજુસ્સઆદહ, ભાગ-૧, પેજ-૪૫૬)

સાંભળ્યા ને ઈમામના શબ્દો ? બે રિસાયેલા મોમિનો લા'નતને પાત્ર છે. જેને અન્યાય થયો હોય, જેના ઉપર જુલ્મ થયો હોય તે પણ જો સુલેહ કરવા ન જાય તો એ પણ દોષિત છે, લા'નતને પાત્ર છે.

હવે હજ-ઝિયારત કરવા જનારાઓની વાત કરીએ. જો ઝવ્વાર ભાઈ-બહેનોમાંથી કોઈ પોતાના મોમિન ભાઈ બહેનથી હજુ પણ રિસાયેલ હોય તો તેણે ઉપરની હદીસો પર ચિંતન-મનન કરવાની

જરૂર છે. જો કોઈ પોતાના મોમિન બંધુથી રિસાયેલો હોય તો તે ઈસ્લામના દાયરામાંથી બહાર નીકળી ગયેલો છે. તે મુસલમાન જ નથી અને જે મુસલમાન જ ન હોય તેણે હજ-ઝિયારત કરવા જવાની શી જરૂર છે ? ઈમામના કોલ અનુસાર તે લા'નતને પાત્ર છે અને જે અલ્લાહની લા'નતને પાત્ર હોય તો પછી તેણે અલ્લાહના ઘેર કા'બામાં જવાની શી જરૂર છે?

ઝવ્વાર બંધુઓ ! માફ કરજો. ગુસ્તાખી માફ કરજો. હું હકીકતની તરફ તમારું ધ્યાન દોરું છું. આપણે બધા જો અલ્લાહના પવિત્ર ઘેર જવા નીકળ્યા હોઈએ, ઈમામોના પવિત્ર દરબારમાં જતા હોઈએ ત્યારે આપણું દિલ નિખાલસ હોવું જોઈએ, પાક હોવું જોઈએ. દિલમાંથી કૂડ, કપટ, ઈર્ષા, વેરઝેર, અદેખાઈ જેવા દુર્ગુણોને કાઢી નાખીને દિલને નિર્મળ બનાવીને આ પવિત્ર સ્થળોએ જવું જોઈએ. માત્ર દુનિયાને બતાવવા ખાતર જવું ન જોઈએ. પરંતુ સાચી મોહબ્બતથી, ઈબાદતની ભાવનાથી, કુર્બતન ઈલ્લલ્લાહના હેતુથી જવું જોઈએ નહિતર જેમ નમાઝની બાબતમાં છે કે જેણે દુનિયાને બતાવવા ખાતર નમાઝ પઢી હશે તે માણસ જ્યારે કયામતના મેદાનમાં આવશે ત્યારે દુનિયાને દેખાડવા ખાતર પઢેલી તેની નમાઝોનો વીંટો વાળીને અલ્લાહ તઆલા તેના મોઢા ઉપર મારશે. હજ અને અન્ય ઈબાદતોનું પણ એવું જ છે. એવી જ રીતે ઈમામ હુસૈન(અ.) પણ જેણે દુનિયાને બતાવવા ખાતર ઝિયારતો પઢી હશે તો તે ઝિયારતો શું તેના મોઢા ઉપર પાછી નહીં ફેંકે અને આવું નહીં કહે કે મને ચાહનારા એક મોમિનને રાજી કર્યા વગર તું મારા દરબારમાં આવ્યો છે તો જા, મારે તારી ઝિયારતોની કોઈ જરૂર નથી.

દોસ્તો ! જો આવું જ કરવા જતા હોઈએ તો આપણા પૈસા પાણીમાં છે, મહેનત ફોગટ છે. તો હજુ પણ સમય છે. **દેર આયે દુરસ્ત આયે.** હજુ પણ આપણાથી કોઈને મનદુઃખ હોય, આપણાથી કોઈ રિસાયેલો કે નારાજ હોય તેને મનાવી લઈએ. કોઈના ય પ્રત્યે દિલમાં ખરાબ ભાવ ન રાખીએ અને આપણા રહેબર આપણી પાસે જેવા મોમિન બનવાની અપેક્ષા રાખે છે તેવા મોમિન બનીને ઝિયારત કરવા જઈએ.

કોઈએ સાચું જ કહ્યું છે કે -

**'મોમિનકે કલ્બે પાકમેં હૈ ઘર હુસૈનકા.'**

કલ્બ એટલે દિલ-હૃદય. ઈમામ હુસૈન(અ.)નું ઘર ક્યાં છે ? મોમિનના પાક દિલમાં ઈમામ હુસૈન(અ.)નું ઘર છે. ઈમામ હુસૈન(અ.) આપણા દિલમાં આવીને વસે તે માટે આપણું દિલ પાક હોવું જરૂરી છે. દરેકના દિલમાં ઈમામ હુસૈન(અ.)નો વાસ થાય એવી નેક તૌફીક અલ્લાહ તઆલા અતા ફરમાવે, આમીન.

તો દોસ્તો ! બોલ્યા ચાલ્યા માફ કરવાનું ન ભૂલીએ અને એ પણ સાચા અર્થમાં. આપણે કેવી રીતે બોલ્યા ચાલ્યા માફ કરીશું ? અલ્લાહ અને તેના રસૂલ(સ.)ના હુકમ પ્રમાણે માફ કરીશું. માત્ર formalityથી નહીં, ઔપચારિકતા અદા કરીને નહીં. મોટા ભાગે તો આપણે ઔપચારિક રીતે જ મુસાફહો કરીએ છીએ. સાચા દિલથી નથી કરતા. એક વિધિ પૂરી કરવા ખાતર જ હાથ મિલાવીએ છીએ. વળી આપણામાંના કેટલાક તો બીજા ધર્મના લોકોનું અનુકરણ કરીને છાપામાં કે માસિકમાં **'ક્ષમા યાચના'** છપાવે છે. આ રીતે છપાયેલી ક્ષમા યાચના શું સાચા અર્થમાં **'બોલ્યા ચાલ્યા માફ'**ની ભાવનાને વ્યક્ત કરે છે ખરી ? મને તો આ formality લાગે છે. આપણે આખી દુનિયાની માફી માગવાની શું જરૂર છે ? આપણે જે વર્તુળમાં રહેતા હોઈએ તેમની સાથે, આપણે જેમના સતત સંપર્કમાં આવતા હોઈએ તેમની સાથે જ કદાચ બોલાચાલી થઈ હોય છે. તેથી તેમની જ માફી માગવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. ઈલોલના કોઈ

મોમિને દૂર સુદૂર રહેતા થૂર કરનાળાપરાના કે ખાટાઆંબાના મોમિનોની માફી માગવાની શું જરૂર છે ? આપણી પાડોશમાં જ રહેતો આપણો સગો ભાઈ આપણને બોલતો ન હોય કે આપણાથી નારાજ હોય તો તેની માફી માગવાનું ટાળીએ છીએ, તેને મનાવી લેતા નથી અને આખી બાવીસી જમાઅતની માફી માગવા નીકળી પડીએ છીએ. આ formality નથી તો બીજું શું છે ? જેની સાથે અણબનાવ બન્યો હોય તેની માફી માગવી જરૂરી છે અને એ પણ ઔપચારિકતાથી નહીં, સાચા દિલથી માફી માગીએ.

કોઈની સાથે હાથ મિલાવીએ ત્યારે બન્નેના હાથ મળે, સાથે સાથે બન્નેનાં બે દિલ મળે, બન્નેની આંખો મળે અને જે મોહબ્બતનો ભાવ ઉત્પન્ન થાય તે રૂહાની આનંદ આપે છે. તે આનંદ અવર્ણનીય હોય છે. બન્નેનાં દિલ બાગ બાગ થઈ જાય છે. બે રિસાયેલા, ઝઘડેલા મોમિનો જ્યારે આવા અનેરા ભાવ સાથે હાથ મિલાવે છે, ખભે ખભા મિલાવે છે ત્યારે જ **'બોલ્યા ચાલ્યા માફ'**ની જે ભાવના છે તે સાચા અર્થમાં વ્યક્ત થાય છે. એ બન્ને જણનાં દિલ ખુશ થઈ જાય છે ત્યારે અલ્લાહ તઆલા પણ ખુશ થઈ જાય છે. સાંભળવા છે અલ્લાહના શબ્દો? તો લ્યો, સાંભળો.

**'જ્યારે બે ઝઘડેલા મુસ્લિમ બિરાદરો પરસ્પર મુસાફેહો કરે છે અને ખભે ખભા મિલાવે છે ત્યારે પરવરદિગારે આલમ તે બન્નેને જુએ છે અને ફરિશ્તાઓની સામે ફખ્રની સાથે ફરમાવે છે; કે જુઓ, મારા બે મોમિન બંદાઓ એક બીજાને ભેટી રહ્યા છે. એમણે મારી ખુશી ખાતર પરસ્પર દોસ્તીનો સંબંધ બાંધ્યો છે, તો મને પણ એ જ શોભે છે કે હું તેમને જહન્નમનો અઝાબ નહીં થવા દઉં.'**

તો આપણે હર હંમેશ બોલ્યા ચાલ્યા માફ કરવાનું કદી ન ભૂલીએ. ✻

તમારું દીની જ્ઞાન ચકાસો.

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૧૭

**(૧) યહૂદીઓની 'રિઝર્વ બેન્ક' તરીકે પ્રખ્યાત કમૂસના કિલ્લામાં 'કેશિયર' તરીકે કોણ ફરજ બજાવતું હતું ?**
(A) મરહબ (B) અંતર (C) હારિસ

**(૨) હઝરત ઈમામ હુસૈન(અ.)એ બની અસદના કબીલા પાસેથી કરબલાની જમીન કેટલા દિરહમમાં ખરીદી હતી ?**
(A) ચાલીસ હજાર દિરહમમાં
(B) સાઈઠ હજાર દિરહમમાં
(C) પચાસ હજાર દિરહમમાં

**(૩) 'કુમ બેઈઝનીલ્લાહ'ના શબ્દો નીચેનામાંથી કયા વલીઅલ્લાહે ઉચ્ચાર્યા હતા ?**
(A) હઝરત પીર સૈયદ કબીરૂદ્દીન(રહે.અ.)એ
(B) હઝરત પીર સૈયદ સલાહુદ્દીન(રહે.અ.)એ
(C) હઝરત પીર સૈયદ શમ્સુદ્દીન(રહે.અ.)એ

**(૪) ત્રણસો વખત 'અલ અફ્વ'નો ઝિક્ર કઈ નમાઝમાં પઢવામાં આવે છે ?**
(A) નમાઝે તહજ્જુદમાં
(B) નમાઝે આયાતમાં (C) નમાઝે વહ્શતમાં

**(૫) અલ્લાહની હિકમત એટલે -**
(A) અલ્લાહનું ખાસ જ્ઞાન
(B) અલ્લાહની અલૌકિક બુધ્ધિ
(C) અલ્લાહનો અનુપમ ઈલાજ

**(૬) માઅરેફતના ખજાનાથી ભરેલી 'કવ્વાલી'ની રીત કોના જમાનામાં અસ્તિત્વમાં આવી ?**
(A) હઝરત નિઝામુદ્દીન અવલિયા(રહે.અ.)ના
(B) હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી(રહે.અ.)ના
(C) હઝરત પીર કબીરૂદ્દીન કુફ્શીકન(રહે.અ.)ના

**(૭) અલ્લાહ તઆલાએ એક નેક કાર્યનો બદલો કેટલા ગણો આપવાનો વાયદો કર્યો છે ?**
(A) સિત્તેર ગણો (B) ચાલીસ ગણો
(C) દસ ગણો

# ખુદાની કુદરત

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اِنَّ اللّٰہَ عَلٰی کُلِّ شَیْءٍ قَدِیْرٌ

**ઈન્નલ્લાહ અલા કુલ્લે શયઈન કદીર.**

(સૂરએ બકરહ, આયત-૨૦)

અર્થ : બેશક અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવનારો છે.

કિતાબ **'અલ તૌહીદ'**માં ઈમામ અલી નકી(અ.)થી એક લાંબી હદીસ મનકૂલ છે. એમાં બીજી બાબતો ઉપરાંત આપ(સ.)એ આવું પણ ફરમાવ્યું છે :

'જયારે તમે **ઈન્નલ્લાહ અલા કુલ્લે શયઈન કદીર** કહો છો તો તમે એ બાબતની ખબર આપો છો કે અલ્લાહને કોઈ ચીજ આજિઝ (લાચાર-વિવશ) કરી શકતી નથી. આ શબ્દો દ્વારા તમે ખુદાની લાચારીને નામંજૂર કરો છો અને ગૈરૂલ્લાહ (અર્થાત અલ્લાહ સિવાયના બીજાઓને) લાચાર સાબિત કરો છો.'

આ જ સનદોથી અબૂ બશીર કહે છે કે મેં ઈમામ જાફર સાદિક(અ.)થી સાંભળ્યું છે કે આપ આવું ફરમાવ્યા કરતા હતા :

'આપણો રબ એ વખતે પણ **આલિમ** હતો જયારે કે **મા'લૂમ** (એટલે કે જાણીતી) વસ્તુ પણ અસ્તિત્વમાં આવી ન હતી અને તે એ વખતે પણ **સમીઅ** (સાંભળવાવાળો) હતો કે જયારે સાંભળી શકાય તેવો કોઈ અવાજ પેદા થયો ન હતો. અને તે એ વખતે પણ **બસીર** (જોવાવાળો) હતો કે જયારે જોઈ શકાય તેવી કોઈ વસ્તુ હજુ સુધી પેદા પણ થઈ ન હતી અને તે એ વખતે પણ **કદીર** (કુદરત ધરાવનારો) હતો કે જયારે કોઈ શક્તિ ધરાવતી વસ્તુ અસ્તિત્વમાં આવી ન હતી. અને જયારે તેણે વસ્તુઓને પેદા કરી તો જે ચીજો **મા'લૂમ** હતી તેમના ઉપર ખુદાનું ઈલ્મ અસ્તિત્વમાં આવ્યું અને જે ચીજો સાંભળી શકાય તેવી હતી તેમના ઉપર ખુદાની સાંભળવાની શક્તિ અસ્તિત્વમાં આવી અને જે વસ્તુઓ જોઈ શકાય તેવી હતી તેમના ઉપર ખુદાની દ્રષ્ટિ પડી અને જે વસ્તુઓ શક્તિવાળી હતી તેમના ઉપર ખુદાની શક્તિ પડી.

વસ્તુઓનું સર્જન થયું તેના પહેલાં ઈલ્મ, શ્રવણ, દ્રષ્ટિ અને કુદરત (એ બધું) તેની એક ઝાત જ હતી.'

કિતાબ **'અલ તૌહીદ'**માં મરકૂમ છે કે સુપ્રસિધ્ધ નાસ્તિક અબ્દુલ્લાહ દલીશાની ઈમામ જાફર સાદિક(અ.)ના એક શાગિર્દ હિશામ બિનુલ હકમની પાસે આવ્યો અને તેણે તેમને કહ્યું,

'શું તમે પરવરદિગારમાં માનો છો ખરા ?'

હિશામે કહ્યું, 'જી હા. હું રબ ઉપર ઈમાન ધરાવું છું.'

દલીશાનીએ કહ્યું, 'શું તમારો રબ કાદિર (કુદરત ધરાવનારો) પણ છે ?'

હિશામે કહ્યું, 'જી. હા, અમારો રબ કાદિર પણ છે અને ગાલિબ પણ છે.'

દલીશાનીએ કહ્યું, 'શું તમારા રબની પાસે એવી કુદરત મોજૂદ છે કે તે આખી દુનિયાને એક ઈંડામાં એવી રીતે બંધ કરી દે કે ન તો દુનિયાની મોટાઈ નાની થાય કે ન તો ઈંડાના કદમાં કોઈ ફેર પડે ?'

હિશામે કહ્યું, 'આ સવાલના જવાબ માટે મને મોહલત આપો.'

દલીશાનીએ કહ્યું, 'મારા તરફથી તમને આખા એક વર્ષની મોહલત છે.'

આવો સવાલ કરીને તે (નાસ્તિક) ચાલ્યો

ગયો. તેના જતા રહેવા પછી હિશામે મુસાફરી કરી અને ઈમામ જાફર સાદિક(અ.)ની ખિદમતમાં હાજર થયા. તેમણે દરબાન પાસે અંદર દાખલ થવાની રજા માગી. જ્યારે તેમને ઈજાઝત મળી તો તેમણે ઈમામ જાફર સાદિક(અ.)ને કહ્યું,

'અય ફરઝંદે રસૂલ(સ.) ! અબ્દુલ્લાહ દલીશાની(નામના નાસ્તિક)એ મને એક એવી મુસીબતમાં ફસાવી દીધો છે કે જેમાંથી માત્ર ખુદા અને આપ જ મને નજાત આપી શકો તેમ છો.'

ઈમામ જાફર સાદિક(અ.)એ પૂછ્યું,

'તેણે તમને શું પૂછ્યું હતું ?'

હિશામે કહ્યું,

'તેણે મને એવું પૂછ્યું હતું કે શું ખુદાની પાસે એવી કુદરત છે ખરી કે તે આખાય જગતને એક ઈંડામાં એવી રીતે બંધ કરી દે કે ન તો જગત સંકોચાઈ જાય કે ન તો ઈંડુ મોટું થઈ જાય ?'

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું,

'અય હિશામ ! તારી પાસે ઈન્દ્રિયો કેટલી છે?'

હિશામે ક્હયું,

'મૌલા ! મારી પાસે પાંચ ઈન્દ્રિયો છે.'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'એ બધી ય ઈન્દ્રિયોમાં નાનામાં નાની ઈન્દ્રિય કઈ છે ?'

હિશામે કહ્યું,

'મૌલા આંખ સૌથી નાની ઈન્દ્રિય છે.'

આપ(સ.)એ ફરીથી ફરમાવ્યું,

'તારી આ આંખમાં નિગાહ (અર્થાત આંખની કીકી) કેવડી મોટી હોય છે ?'

હિશામે જવાબ આપ્યો,

'મસૂરના દાણા જેવડી અથવા તો તેના કરતાં ય કદમાં થોડી નાની હોય છે.'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'હવે જરા તમે તમારી નજર ઉઠાવીને તમારી આગળ, પાછળ અને ઉપર, નીચે જુઓ અને એ જોઈને મને બતાવો કે તમે તેના વડે શું શું જોયું ?'

હિશામે કહ્યું,

'મૌલા ! મને એના દ્વારા જમીન, આસમાન, મકાનો, મહેલો, પહાડો અને દરિયા જોવા મળે છે.'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'તો સાંભળો. જે ઝાત આવડી મોટી આકૃતિઓને એક નાનકડી કીકીમાં દાખલ કરી શકતી હોય તે ઝાત અગર ઈચ્છે તો સમગ્ર કાઈનાતને એક ઈંડામાં એવી રીતે દાખલ કરી શકે તેમ છે કે ન તો કાઈનાત નાની બને કે ન તો ઈંડું મોટું બને.'

જ્યારે હિશામે ઈમામ(અ.)નો આવો જવાબ સાંભળ્યો તો તેમણે ઝુકી જઈને આપના સર મુબારક, હાથ તેમજ પગના બોસા લીધા અને કહ્યું,

'અય ફરઝંદે રસૂલ(સ.) ! હવે મને મારો જવાબ મળી ગયો.'

મોમિનીન ! આ જ કિતાબમાં એવું લખેલું છે કે ઈબ્લિસે હઝરત ઈસા(અ.)ને આવો જ પ્રશ્ન કર્યો હતો તો તેના જવાબમાં ઈસા(અ.)એ ફરમાવ્યું,

'અય ઈબ્લિસ ! તારા ઉપર અફસોસ થાય, અલ્લાહને આજિઝી(લાચારી-વિવશતા)ની સિફતથી પ્રશંસિત કરી શકાતો નથી અને એનાથી વધીને વધારે કુદરત કોની પાસે છે કે જે જમીનને સુક્ષ્મ બનાવી દે અને ઈંડાને મોટું બનાવી દે ?'

આવો જ પ્રશ્ન એક માણસે હઝરત અલી(અ.)ને પૂછ્યો તો તેના જવાબમાં મૌલા અલી(અ.)એ ફરમાવ્યું,

'તારા ઉપર અફસોસ થાય, અલ્લાહને આજિઝ(લાચાર) બનાવી શકાતો નથી અને તેનાથી વધારે બીજા કોઈની પાસે શક્તિ નથી કે જે જમીનને નરમ બનાવી દે અને ઈંડાને મોટું બનાવી દે.'

વળી બીજા એક માણસે ઈમામ અલી રઝા(અ.)ને પણ આવો જ પ્રશ્ન પૂછ્યો તો આપ(અ.)એ તેના જવાબમાં ફરમાવ્યું,

'જી હા. ખુદા આવું કરવા માટે કાદિર છે એટલું જ નહીં પરંતુ જો તે ચાહે તો દુનિયાને અને તેની અંદર જે કંઈ છે તેને ઈંડા કરતાં ય નાની ચીજમાં દાખલ કરી શકે છે. અલ્લાહે આ દુનિયા તારી આંખોમાં રાખી છે જ્યારે કે તે (આંખો) તો ઈંડા કરતાં ય નાની છે. જ્યારે તું આંખો ખોલે છે તો તને જમીન અને આસમાન નજરે પડવા લાગે છે અને જો તે ઈચ્છત તો તને તેમનાથી આંધળો પણ બનાવી શકતો હતો.

મોમિનીન ! એક જ પ્રશ્ન આપણા ત્રણે ય ઈમામોને જુદા જુદા જમાનાઓમાં જુદી જુદી વ્યક્તિઓએ પૂછ્યા તેમ છતાં ય ત્રણેય ઈમામોના જવાબો એક સરખા હતા. કારણ ? કારણ એ જ કે આપણા આ બધાય ઈમામોને અલ્લાહ તઆલા તરફથી ઈલ્મ મળેલું છે. એ મહાન શક્તિશાળી કાદિરે મુત્લક અલ્લાહે જ ચહારદા માઅસૂમીન (અ.)ને ઈલ્મે લદુન્નીથી નવાજ્યા છે.

આપણે હર હંમેશ કુરાનની આ આયતને નજર સમક્ષ રાખવી જોઈએ :

**ઈન્નલ્લાહ અલા કુલ્લે શયઈન કદીર.**

(બેશક અલ્લાહ તઆલા દરેક ચીજ ઉપર કુદરત ધરાવનારો છે.) *

(સંકલન : તફસીરે નૂરૂસ્સકલૈનમાંથી અનુવાદિત)

**શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત મદ્રેસાની વાર્ષિક પરીક્ષા હિજરી સન-૧૪૩૩ પ્રથમ ત્રણ ક્રમે આવતા મદ્રેસાઓ**

| ક્રમ | મદ્રેસાનું નામ | ગામનું નામ | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| | **વિભાગ-એ (૨૦૦ ઉપર સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | | |
| (૧) | મદ્રસએ મશાયખી | વાઘરોલ | ૨૨૧ | ૯૦.૦૪% |
| (૨) | મદ્રસએ શીઆહ જાફરી | કેસીમ્પા | ૩૬૬ | ૮૭.૪૩% |
| (૩) | મદ્રસએ ઝયનુલ ઈસ્લામ | બાદરપુર | ૩૨૧ | ૮૨.૮૬% |
| | **વિભાગ-બી (૧૫૧ થી ૨૦૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | | |
| (૧) | મદ્રસએ મહેરૂલ ઊલૂમ | કાકોશી | ૧૮૬ | ૯૬.૨૩% |
| (૨) | મદ્રસએ મહેમૂદીયા | મોલીપુર | ૧૫૬ | ૯૪.૮૭% |
| (૩) | મદ્રસએ હૈદરી | ઈલોલ તલાવ | ૧૮૫ | ૮૭.૫૬% |
| | **વિભાગ-સી (૧૦૧ થી ૧૫૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | | |
| (૧) | મદ્રસએ ફૈઝુલ ઊલૂમ | કિશોરગઢ | ૧૦૧ | ૧૦૦.૦૦% |
| (૨) | મદ્રસએ એહમદીયા | મેતા | ૧૪૧ | ૯૫.૦૩% |
| (૩) | મદ્રસએ તન્વીરૂલ ઊલૂમ | હૈદરપુરા | ૧૪૫ | ૯૪.૪૮% |
| | **વિભાગ-ડી (૫૧ થી ૧૦૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | | |
| (૧) | મદ્રસએ સદરૂલ ઊલૂમ | સેદ્રાણા | ૮૮ | ૧૦૦.૦૦% |
| (૨) | મદ્રસએ શમ્સુલ ઊલૂમ | શેરપુરા | ૬૯ | ૧૦૦.૦૦% |
| (૩) | મદ્રસએ હુસૈનીયા | ડીંડરોલ | ૫૨ | ૧૦૦.૦૦% |
| | **વિભાગ-ઈ (૨૬ થી ૫૦ સુધીની સંખ્યાવાળા મદ્રેસાઓ)** | | | |
| (૧) | અઝાખાનાએ ઝહીરહુસૈન | અંકલેશ્વર | ૨૮ | ૧૦૦.૦૦% |
| (૨) | મદ્રસએ ઝહીરૂલ ઊલૂમ | ગોરેગાંવ-મુંબઈ | ૪૯ | ૯૭.૯૫% |
| (૩) | મદ્રસએ બાબુલ ઈલ્મ | કૌસરી-મુંબઈ | ૪૨ | ૯૭.૬૧% |

લી. મોલ્વી હાસમભાઈ વલીભાઈ, સિધ્ધપુર

# નબવી અદાલત

કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજતેહાદી

### ચુકાદો નંબર-૪

**હામેલા સ્ત્રીને મારવાથી હમલ સાકિત**

ઈમામ માલિક રિવાયત કરે છે કે બની હઝીલની બે સ્ત્રીઓમાંથી એકે બીજીને ઝર્બ લગાવી જેના પરિણામે તે સ્ત્રીના પેટમાં રહેલા બાળકનું હમલ પડી ગયું.

રસૂલે કરીમ(સ.)એ આ મસઅલામાં એવો ચુકાદો આપ્યો,

'માર મારવામાં આવેલ સ્ત્રીને એક ગુલામ અથવા તો એક લોંડી આપવામાં આવે.'

મુસ્લિમની એક બીજી હદીસ છે કે જેમાં એવું છે કે એ બન્નેમાંથી એકે બીજીને પથ્થર માર્યો અને તે સ્ત્રી પોતાના જન્મનાર (પેટમાંના બાળક)ની સાથે મૃત્યુ પામી.

એક બીજી હદીસમાં એવું છે કે તેણે તંબુના ખીલાથી માર માર્યો તો જેને માર મારવામાં આવ્યો હતો તે પોતાના જન્મનાર બાળકની સાથે મૃત્યુ પામી.

વળી એક બીજી હદીસમાં એવું છે કે તેણે તંબુના ખીલાથી તેને મારી અને તે સ્ત્રી તેની શોક્ય હતી અને હામેલા હતી અને તે ઝર્બથી તે મરી ગઈ.

રસૂલે કરીમ(સ.)એ મારી નાખવામાં આવેલ સ્ત્રીનું વળતર (ખૂંબહા) કતલ કરનારના રિશ્તેદારો ઉપર નાખ્યું અને પેટના બચ્ચા માટે ગુર્હ (ખૂંબહાનો વીસમો ભાગ) આપવાનો હુકમ કર્યો અને કતલ થયેલીના બદલામાં કતલ કરનારનેકતલ કરવાનો હુકમ ફરમાવ્યો,

અને નિસાઈ ઉપરાંત બીજી કિતાબોમાં પણ એવું જ છે કે રસૂલે કરીમ(સ.)એ મરનારના બદલામાં તેને કતલ કરવાનો હુકમ કર્યો અને તે જન્મનાર બાળકના બદલે ગુર્હની કિંમત (જે રસૂલે કરીમ(સ.)ની નજરમાં પચાસ દીનાર અથવા છસો દિરહમ છે તે) અપાવી.

મુસન્નફ અબ્દુર્રઝ્ઝાકમાં છે કે તે હઝીલીનું નામ કે જેની એક પત્નીએ બીજીને કતલ કરી હતી તે હમલ બિન માલિક બની અલ નાબેગા છે અને કતલ કરનારીનું નામ ઉમ્મે અફીફા બિન્તે મસરૂહ છે અને મરનારીનું નામ મલિકા બિન્તે અવૈમર હતું.

બુખારીના બયાનથી જાહેર થાય છે કે રસૂલે કરીમ(સ.)એ મારનાર સ્ત્રીને કતલ નથી કરી અને તે એટલા માટે કે હઝરત અબુહુરૈરા(રઝી.)ની હદીસથી તેને ઈલ્મ થયું. એક વખત રસૂલે કરીમ(સ.)એ બની નહયાનની એક સ્ત્રીના જન્મનાર બાળકના બારામાં (ગુર્હનો) હુકમ આપ્યો પછી તે સ્ત્રી કે જેના વિરૂધ્ધ આ ચુકાદો આપ્યો હતો તે મરી ગઈ. તેના ઉપર રસૂલે કરીમ(સ.)એ હુકમ આપ્યો કે વારસો તેના બેટા અને ખાવિંદના માટે છે અને ગુનાનું વળતર તેના રિશ્તેદારો ઉપર છે.

### ચુકાદો નંબર-૫

**બે વસ્તીઓની વચ્ચે મળી આવેલ મારી નાખવામાં આવેલ માણસ**

મસ્નદ અબી શૈબામાં છે કે મારી નાખવામાં આવેલ એક માણસ બે ફિરકાઓની વચ્ચે જોવા મળ્યો. રસૂલે કરીમ(સ.)એ તેમની વચ્ચેના અંતરને માપવાનો હુકમ કર્યો. પછી જે વસ્તીથી અંતર ઓછું

નીકળ્યું તે વસ્તીને મારી નાખવામાં આવેલ માટે જવાબદાર ઠરાવવામાં આવી.

મુસન્નફ અબ્દુર્રઝ્ઝાકમાં છે કે એક માણસ થોડાંક ઘરોની સામે કતલ કરેલો જોવા મળ્યો.

રસૂલ(સ.)એ ફરમાવ્યું,

'મુદ્દઆ અલૈહિમ (પ્રતિવાદી બધા જ પુરૂષો)ના માથે કસમ છે. અગર કસમથી ઈન્કાર કરે તો દાવો કરનાર કસમ ખાઈને મુસ્તહક (હકદાર) થઈ જશે અને અગર બન્ને ફિરકાવાળા કસમ ખાવાથી ઈન્કાર કરે તો ખૂંબહાનો અડધો ભાગ મુદ્દઆ અલૈહિમ (એટલે કે પ્રતિવાદી પુરૂષો)ના માથે રહેશે અને અગર કસમ ન ખાય તો અડધો હિસ્સો માફ થઈ જશે.

## ચુકાદો નંબર-૬

### જો મરનારના કાતિલની માહિતી ન મળી શકે તો...

મૂતામાં છે કે અબ્દુલ્લાહ બિન સહલ મહીસાને કોઈ આકસ્મિક કારણ સર ખૈબર જવું પડ્યું. જ્યારે મહીસા પાછા આવ્યા તો તેમને ખબર મળી કે અબ્દુલ્લાહને મારી નાખવામાં આવેલ છે અને તેમની લાશને કોઈ ઊંડા કૂવામાં નાખી દીધી છે. મહીસા તરત જ યહૂદીઓની પાસે આવ્યા અને કહ્યું,

'ખુદાની કસમ તમે લોકોએ જ અબ્દુલ્લાહને કતલ કરી દીધા છે.'

યહૂદીઓએ ઈન્કાર કર્યો. ત્યાર પછી તેઓ પોતાની કોમ પાસે પહોંચ્યા અને આખી ય ઘટના કહી સંભળાવી. આ સાંભળીને મહીસા અને તેનો મોટો ભાઈ હોવીસા અને અબ્દુર્રહેમાન રસૂલ(સ.)ની ખિદમતમાં હાજર થયા. મહીસાએ વાતચીતમાં પહેલ કરવાની ઈચ્છા કરી તો રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'તમારા વડીલને વાત કરવા દો.'

ત્યાર પછી હુવૈસાએ આખોય પ્રસંગ કહી સંભળાવ્યો. અને મહીસાએ પણ તેની વાત કરી.

આ સાંભળીને રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'યહૂદીઓ કાં તો ખૂંબહા આપે અથવા જંગ કરવા માટે તૈયાર થઈ જાય.'

ત્યાર પછી આ બાબતમાં રસૂલુલ્લાહ(સ.)એ તેમની તરફ એક ફરમાન રવાના કર્યું કે જેનો જવાબ તે લોકોએ એવો આપ્યો કે -

'અલ્લાહ કસમ, અમે આને કતલ કરેલ નથી.'

આનાથી રસૂલે કરીમ(સ.)એ હુવૈસા, મહીસા અને અબ્દુર્રહેમાનને પૂછ્યું,

'શું તમે એ બાબત ઉપર કસમ ખાઓ છો ખરા કે આને યહૂદીઓએ જ કતલ કરેલ છે અને તમે તેના ખૂનનો બદલો લેવા માટે હકદાર છો ?'

તે લોકોએ કહ્યું,

'અમે લોકો કાફિરોની કસમ ઉપર વિશ્વાસ નથી કરી શકતા.'

આ સાંભળીને આપે તેનું વળતર (ખૂંબહા) એકસો ઊંટડીઓ પોતાના તરફથી આપી દીધું.

વળી એક જગ્યાએ આ મુજબ છે કે આપ(સ.)એ ફરમાવ્યું,

'કાતિલના વિરૂધ્ધની સાક્ષી લાવો.'

તેમણે કહ્યું,

'અમે સાક્ષી રજૂ કરવા માટે અસમર્થ છીએ.'

તો પછી આપ(સ.)એ ફરમાવ્યું,

'યહૂદીઓને કસમ ખાવા દો.'

તેમણે કહ્યું,

'તેઓ કાફિર છે. તેમની કસમ અમારા માટે ભરોસાપાત્ર નથી.'

રસૂલે કરીમ(સ.)એ આવું વિચારીને કે મરનારનું ખૂન નિરર્થક ન જાય એ માટે તેમણે ઝકાતના ઊંટોમાંથી તેનો ખૂંબહા અદા કર્યો. *

**મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ**

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

**ખત્મુલ મુર્સલીન(સ.)એ પોતાની હયાતીમાં જ આપ (અ.)ને અમીરુલ મોમિનીન નામ આપી દીધું હતું.**

*(અબૂ જૈશ મુઝફ્ફર બિન મોહંમદ બલ્ખીએ મને બતાવ્યું - અબુબકર મોહંમદ બિન એહમદ બિન અબી સલ્જે મને બતાવ્યું - હસીન ઈબ્ને ઐયૂબે મોહંમદ બિન ગાલિબના હવાલાથી અને તેમણે અલી બિન હુસૈનના હવાલાથી અને તેમણે હસન બિન મહબૂબના હવાલાથી - તેમણે અબૂ હમ્ઝા શિમાલીના હવાલાથી - તેમણે અબૂ ઈસ્હાક સબીઈના હવાલાથી - તેમણે બશીર ગફ્ફારીના હવાલાથી - તેમણે અનસ બિન માલિકના હવાલાથી બતાવ્યું કે તેમણે કહ્યું કે-)*

'હું પયગમ્બરે ઈસ્લામ(સ.)નો ખિદમતગાર હતો. એક રાત્રે ઉમ્મે હબીબા, અબુ સૂફયાનની દીકરી, પાણી લાવ્યાં જેથી કરીને રસૂલિલ્લાહ(સ.) વુઝૂ કરી લે. ત્યારે આપે મારી સામે જોયું અને બોલ્યા, **'અનસ ! આ દરવાજાથી અમીરુલ મોમિનીન આવવાના છે, તે ખૈરૂલ વસીય્યિન છે, પુરૂષોમાં સૌથી પહેલાં તેમણે મારી ગવાહી આપી અને ઈસ્લામ કબૂલ કર્યો, ઈલ્મ અને બુધ્ધિમત્તામાં સૌથી અફઝલ છે. તે અવામુન્નાસ (આમ જનતા)માં સૌથી વધારે સહનશીલ છે.'** આટલું સાભળીને હું બોલ્યો, **'અય અલ્લાહ ! એ મારી કોમમાંથી હોજો.'**

મેં આટલું જ કહ્યું હતું એવામાં મેં જોયું કે એ દરવાજાથી હઝરત અલી(અ.) ઈબ્ને અબીતાલિબ પ્રવેશી રહ્યા છે. પયગમ્બરે ઈસ્લામ(સ.) જ્યારે વુઝૂથી ફારેગ થયા તો આપે ખોબામાં પાણી લીધું અને અમીરુલ મોમિનીન(અ.)ના ચહેરા ઉપર છાંટી દીધું જેના લીધે આંખોમાં પાણી ભરાઈ ગયું. ત્યારે હઝરત અલી(અ.)એ પૂછ્યું, **'અય અલ્લાહના રસૂલ ! શું મારી અંદર મેલાપણું છે ?'** એ સાંભળીને પયગમ્બર(સ.)એ જવાબ આપ્યો, **'તમે પાકો પાકીઝા અને તાહિર છો. તમે મારાથી છો અને હું તમારાથી છું. તમે મારાં કાર્યોને પૂરાં કરશો. મારી ફરજોને પરિપૂર્ણ કરશો, મારી મૈયતને ગુસલ આપશો. મને કબરમાં દફન કરશો લોકો મારા વિષે તમને પ્રશ્નો પૂછશે અને મારા પછી તમે તેમના પ્રશ્નોના જવાબ આપશો.'**

હઝરત અલી(અ.)એ પૂછ્યું, 'અય અલ્લાહના રસૂલ(સ.) ! શું લોકોને આપે આ બાબતમાં પરિચિત નથી કર્યા ?'

તેનો જવાબ પયગમ્બર(સ.)એ આ મુજબ આપ્યો,

**'મારા પછી લોકોમાં ઈખ્તેલાફ (મતભેદ) પેદા થઈ જશે. અય અલી ! તમે તેમના ઈખ્તેલાફ સાંભળીને તેમને કારણ બતાવશો અને સમજૂતિ કરાવશો.'**

*(અબૂ જૈશ મુઝફ્ફર બિન મોહંમદે મને બતાવ્યું- તેમણે મોહંમદ બિન એહમદ બિન અબી સલ્જના હવાલાથી બતાવ્યું કે તેમણે કહ્યું કે મારા દાદાએ મને બતાવ્યું હતું. અબ્દુલ્લાહ બિન દાહરે અમને બતાવ્યું. મારા બાપ દાહર બિન યહા અહમરી મકરીએ મને ઉમશના હવાલાથી બતાવ્યું જેમણે ઉબાયા અસદીના હવાલાથી અને તેમણે ઈબ્ને અબ્બાસના હવાલાથી બતાવ્યું કે તેમણે કહ્યું :)*

'અલ્લાહના રસૂલ(સ.)એ ઉમ્મે સલમા (રઝી.અ.)ને બતાવ્યું, **'સાંભળો અને આ વાતનાં સાક્ષી રહેજો કે આ અલી(અ.) અમીરુલ મોમિનીન છે અને સૈયદુલ**

**વસીય્યિન** (વસીઓના સરદાર) **છે.'**

*(તેમણે સનદોના આધારે મોહંમદ બિન એહમદ બિન અબી સલ્જના હવાલાથી બતાવવામાં આવ્યું કે તેમણે કહ્યું કે મારા દાદાએ મને બતાવ્યું કે અબ્દુસ્સલામ બિન સાલેહે અમને કહ્યું, યહ્યા બિન યામાને અમને બતાવ્યું - સુફયાન સૂરીએ અમને અબૂ જહાફના હવાલાથી કહ્યું અને તેમણે મોઆવિયા બિન સઅલબના હવાલાથી કહ્યું કે તેમણે બતાવ્યું કે :)*

'અબૂઝર(રઝી.અ.)થી પૂછવામાં આવ્યું કે આપ અગર વસિયત કરવા ઈચ્છતા હો તો કરો.' તેમણે જવાબ આપ્યો, 'વસિયત પહેલેથી જ કરી ચૂક્યો છું.' તેમને પૂછવામાં આવ્યું, 'કોનાથી વસિયત કરી છે ?' તેમણે કહ્યું, 'અમીરુલ મોમિનીન(અ.)થી.' પૂછ્યું, કોણ અમીરુલ મોમિનીન ? ઉસ્માનથી ?' તેમનો જવાબ હતો, ના. **અમીરુલ મોમિનીન અલી(અ.) ઈબ્ને અબીતાલિબથી. હકીકત એ છે કે તે ધરી છે અને જમીન તેમના ફરતાં ફરે છે અને તે ઉમ્મતનો ઉછેર કરનારા છે. અગર તમે તેમને ખોઈ નાખ્યા તો તમને જમીન વિષેની જાણકારી નહીં થઈ શકે, કે જમીન ઉપર શું હતું.'**

*બૂરીદા બિન ખસીબ અસ્લમીનું આ બયાન આલિમોમાં અને વિદ્વાનોમાં ખૂબ જ મશહૂર છે અને આ બયાનને પ્રમાણભૂત હવાલાઓથી રજૂ કરવામાં આવ્યું છે. (સનદોને સંક્ષિપ્તમાં રજૂ કરવાને કારણે મૂકવામાં આવતી નથી) બયાન આ મુજબ છે :)*

'પયગમ્બરે ઈસ્લામ(સ.)એ હુકમ આપ્યો, હું સાત માણસોના ટોળાનો સાતમો માણસ હતો. ટોળામાં આ લોકો શામેલ હતા - ઉમર, તલ્હા અને ઝુબૈર - **'અલી(અ.)ને અમીરુલ મોમિનીનના લકબથી સલામ કરો.'** ત્યારે અમે લોકોએ અમીરુલ મોમિનીન કહીને તેમને સલામ કરી. આ પ્રસંગ રસૂલે અકરમ(સ.)ની જિંદગીમાં બન્યો હતો.'

આ પ્રકારના અસંખ્ય પ્રસંગો છે કે અગર તેમને રજૂ કરવામાં આવે તો કિતાબ ખૂબ દળદાર બની જાય.

## આપના ઔસાફ (સદ્‌ગુણો) મનાકિબ

આપના ઘણા બધા સદ્‌ગુણો મશહૂર છે. તેમના મો'તબર (પ્રમાણભૂત) હોવામાં લેશમાત્ર શંકા નથી. આ ઔસાફને જલીલુલ કદ્ર ઉલમા અને બુધ્ધિજીવીઓએ પોતાનાં લખાણોમાં સુરક્ષિત કર્યા છે. આ હદીસો એટલી બધી વધારે સનદવાળી અને ભરોસાપાત્ર છે કે તેમની સાબિતી માટે સનદોની જરૂર નથી. અમીરુલ મોમિનીન(અ.)ની સિફતો સંપૂર્ણરીતે જો એક જગ્યાએ એકત્ર કરવામાં આવે તો કિતાબોના અંબાર ખડકાઈ જાય. તેથી આ કિતાબમાં કેટલાક પ્રસંગોને જ શામીલ કરવામાં આવે છે તેથી સંક્ષિપ્તિ કાયમ રહે અને બીજા પ્રસંગોનું વર્ણન પણ થઈ જાય. ઈન્શાઅલ્લાહ.

## બની અબ્દુલ મુત્તલિબનો જલ્સો

આ મહત્વના પ્રસંગનું વર્ણન એવી રીતે છે કે અલ્લાહ તઆલાના રસૂલ(સ.)એ પોતાના ખાનદાનના લોકોને એકઠા કર્યા. આ પ્રસંગ બેઅસતના પછી ખૂબ જ મહત્વ ધરાવનાર પ્રસંગ છે. આપે પોતાના ખાનદાનના લોકોની સમક્ષ દીને ઈસ્લામનો દૃષ્ટિકોણ રજૂ કર્યો અને તે લોકોની મદદ મેળવવા માટે ઈચ્છુક બન્યા જેથી ઈસ્લામના દુશ્મનો અને કાફિરોથી દીનની સુરક્ષા કરી શકાય. અને ઝમાનાત આપી એ લોકોને કે જેઓ મદદ કરવા માટે તૈયાર છે કે તેમને દુનિયામાં બુઝુર્ગી અને ઈજ્જત મળશે અને આખેરતમાં શ્રેષ્ઠતા અને સવાબ-જન્નત મળશે. આપની એ ટૂંકી તકરીર સાંભળીને આપના સ્વજનો ખામોશ રહ્યા અને કોઈએ પણ જવાબ ન આપ્યો, સિવાય અમીરુલ મોમિનીન અલી(અ.) ઈબ્ને અબીતાલિબના. આ પ્રસ્તાવના જવાબમાં હુઝૂર(સ.)એ અમીરુલ

મોમિનીન(અ.)ને પોતાના ભાઈ, વઝીર, વારસદાર, વસી અને ખલીફા કહ્યા અને એવું પણ કહ્યું કે અલી(અ.) પર જન્નત વાજિબ કરી દેવામાં આવી.

આ જલ્સો (દાવતે ઝુલઅશીરા) ઘેર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગની દુરસ્તી અને મો'તબર હોવા વિષે દરેક મોહદ્દિસ (હદીસવેત્તા) મોઅર્રિખ (ઈતિહાસ લેખક) અને મુહક્કિક (ફિલસૂફ) કહેનાર છે.

પ્રસંગ આ રીતે વર્ણવવામાં આવ્યો છે કે જ્યારે પયગમ્બરે ખુદા(સ.)એ અબ્દુલ મુત્તલિબના ખાનદાનના પુરૂષોને અબુતાલિબના મકાન ઉપર એકઠા કર્યા તો તેમની સંખ્યા લગભગ ચાલીસ માણસોની હતી જેવું કે હદીસોમાંથી મળી આવે છે. આપે હુકમ આપ્યો કે મહેમાનો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવે. મહેમાનોની સામે જે જમણ લાવવામાં આવ્યું તેમાં બકરીની એક રાન અને ઘઉંની રોટલી અને 'સા' (એક જગ) દૂધ હતું. જે લોકોને દાવત માટે બોલાવવામાં આવ્યા હતા તેમાંનો દરેક માણસ એક જ સમયે એક દુમ્બો હજમ કરી જતો હતો અને એક શેર દૂધ અથવા શરબત પી જતો હતો. આપને સારી રીતે માલૂમ હતું કે આ લોકોનો ખોરાક ખૂબ હતો તેમ છતાંય આપે એટલું બધું ઓછું જમણ એટલા માટે સામે મૂક્યું હતું કે તે બધા લોકો આ અલ્પ જમણને ધરાઈને ખાય તેમ છતાંય જમણ ખતમ થાય નહીં. ઓછા પ્રમાણનું જમણ એ ચાલીસ પહેલવાનો જેવા માણસોના ખાધા પછી પણ વધી પડ્યું. આ દાવત દ્વારા આપનો મકસદ એવું જાહેર કરવાનો હતો કે આ માત્ર એક દાવત જ નથી પરંતુ રિસાલતના મિશનનો એક મોઅજિઝો છે. અને જે અલ્લાહની વહદાનિયતની તબ્લીગના માટે આપે પોતાના સગા સંબંધીઓને જમા કર્યા છે. એ અલ્લાહનો દીન સાચો દીન છે. જ્યારે બધા લોકોએ પેટ ભરીને ખાઈ લીધું તો આપે તે લોકોની સામે ઊભા થઈને કહ્યું,

'અય બની અબ્દુલ મુત્તલિબ ! ખુદાએ પોતાની તમામ મખ્લૂકની હિદાયત માટે મને મોકલ્યો છે. ખાસ કરીને મને આપ લોકોની હિદાયત માટે મોકલવામાં આવ્યો છું. મારા માટે એનો હુકમ છે કે તમારા કબીલાને ડરાવો કે જે તમારા સગા સંબંધીઓ છે. (સૂરએ શોઅરા, આયત-૨૧૪) તમે તમારી જીભથી એવો અહદ કરશો, આ અહદ જીભથી તો ખૂબ જ હલકા માલૂમ પડશે પરંતુ અલ્લાહના ત્રાજવા પર એ ખૂબ વજનદાર હશે. અગર તમે તેને પૂરો કરી લીધો તો તમે લોકો ન માત્ર અરબના બલ્કે દૂર સુદૂરના મુલકોના માલિક બની જશો. અને ઘણી બધી કોમો તમારી ઈતાઅત કરશે. અગર તમે બધાએ મારો હુકમ માની લીધો તો આખેરતમાં તમારું ઠેકાણું જન્નતમાં હશે અને જહન્નમની આગ તમારા ઉપર હરામ થઈ જશે. તમે જે અહદ કરશો તે બેવડો અહદ હશે. તમે આ કલમો જારી કરીને ગવાહી આપશો કે **'લાઈલાહા ઈલ્લલ્લાહ મોહંમદર રસૂલુલ્લાહ'** તો જે પણ


**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

# ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**

મને સાબિતીમાં જવાબ આપશે અને આ કાર્યમાં મારી મદદ કરશે અને મારા મિશનને આગળ વધારે એ જ મારો ભાઈ, મારો વસી, મારો વઝીર, મારો વારસદાર અને મારો ખલીફા બનશે. જલ્સામાં હાજર રહેલાઓએ આ સાંભળ્યું અને ચૂપ રહ્યા.

આ બાબતમાં અમીરુલ મોમિનીન(અ.) બયાન કરે છે કે હું બધાયની વચ્ચે હુઝૂર(સ.)ની રૂબરૂમાં ઊભો થઈ ગયો. એ વખતે મારી ઉંમર સૌથી ઓછી હતી. મારી પીંડલીઓ પાતળી હતી અને મારી આંખોના ખૂણાઓ ઉપર મેલ હતો. મેં કહ્યું,

‘અય અલ્લાહના રસૂલ(સ.) ! હું આપની મદદ કરીશ.’

આપે મને હુકમ કર્યો, ‘બેસી જાઓ.’ ત્યાર પછી આપે પોતાના કથનનું પુનરાવર્તન કર્યું. લોકોએ સાંભળ્યું અને પછી ખામોશ રહ્યા અને ત્યારે હું ફરી વાર ઊભો થઈ ગયો અને એ જ વાક્ય દોહરાવ્યું કે જે પહેલી વખત મેં કહ્યું હતું. ફરીથી આપે મને કહ્યું કે બેસી જાઓ. અને પછી આપે પોતાની વાતનું પુનરાવર્તન ત્રીજી વખત કર્યું. સભામાંથી કોઈ માણસે જવાબ ન આપ્યો. વળી પાછો હું મારી જગ્યા પર ઊભો થયો અને કહ્યું,

‘અય અલ્લાહના રસૂલ(સ.) ! આ કાર્યમાં હું આપની મદદ કરીશ.’ આપે કહ્યું, બેસી જાઓ અને પોતાની વાત આગળ વધારતાં બોલ્યા, ‘તમે મારા ભાઈ છો, મારા વસી છો, મારા વઝીર છો, મારા વારસદાર છો અને મારા ખલીફા છો.’ ત્યાર પછી જલ્સો બરખાસ્ત થઈ ગયો. લોકો ઊભા થઈ ગયા અને તેમણે અબુતાલિબ(રઝી.અન્હો)ને સંબોધીને કહ્યું,

‘અબુતાલિબ ! આજે તમે મુબારકબાદના હકદાર છો કેમકે તમે તમારા ભત્રીજાનો દીન અપનાવી લીધો અને હવે તમારો બેટો તમને ફરમાન કરનાર બની ગયો.’ (ક્રમશઃ)


**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

Shokatbhai - 94283 84286 M : (Shop) 97229 01460
Faizahemad - 97147 64194

Dashawadawala
**APANA**
**CUTLERY STORE**

**Wholesaler of :** Cutlery, Hosiery, Toy's Item etc.

E-15, Mahavir Complex, Nr. Yes Hospital
Valiya Chowkdi, G.I.D.C., Ankleshwar - 393 002

::::: સંપાદક :::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
::::: અનુવાદ :::::
મો.કાસમભાઈ વિજાપુરા

## અલી(અ.) સાથે મોહબ્બત કરનારો અને અલી(અ.) સાથે બુગ્ઝ(નફરત) કરનારો

એક માણસ હઝરત અલી(અ.)ની ખિદમતમાં હાજર થઈને કહેવા લાગ્યો,

'યા અલી ! હું આપને દોસ્ત રાખું છું. (આપે) ફરમાવ્યું કે તું જૂઠ્ઠો છે યકીનપૂર્વક કે ખુદાએ અર્વાહને અજસાદ (શરીરો)થી બેહજાર વર્ષ પહેલાં પેદા કરી હતી અને તેમાંથી ઈતાઅત કરનારાઓને અને મુન્કરોને મારી સામે રજૂ કર્યા હતા. મેં એ દિવસે મોહિબ્બોમાં તને જોયો ન હતો. એ વખતે તું ક્યાં હતો? અને ફરમાવ્યું, અગર મોમિનના નાક ઉપર ઝર્બ લગાવવામાં આવે કે મારી સાથે તે બુગ્ઝ કરે તો તે નહીં કરે અને અગર મુનાફિકની આગળ દુનિયા રજૂ કરી દેવામાં આવે કે તે મારી સાથે મોહબ્બત કરે તો તે નહીં કરે અને તેની સાથે ખુદાએ યૌમે અઝલે મારી બાબતમાં અહદ લીધો અને તેને બરબાદ ન કર્યો.

(બહરૂલ મઆરિફ, સફા-૪૯૪)

નોંધ : એટલા માટે આપે તેને ફરમાવ્યું કે મેં તને દોસ્તોમાં જોયો ન હતો. તેથી એની સાથે જ આલમે અરવાહમાં, અરવાહ પેશ કરવામાં આવી અને આલમે અજસાદમાં આમાલ રજૂ કરવામાં આવ્યા અને તેમની સામે મોતના સમયે રજૂ કરવામાં આવશે અને વફાતના પછી તેઓ તેમના મકામને જાણે છે અને તે આલમ છે તેમનું કે જે થવાવાળુ છે. તેથી અલી(અ.) વલી અરવાહ, વલી અદ્યાન, વલી ઈમાન, વલી હયાત, વલી મમાત, વલી નઈમ અને વલી અઝાબ છે. તેથી હલાકત છે જૂઠલાવનારાઓ માટે અને શંકા કરનારાઓના માટે. અલ્લાહ હકની તરફ હિદાયત કરે છે અને તેની તરફ પાછા જવાનું છે.

## દુનિયાની નિંદા

હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું,

(૧) જે માણસ આખેરતના સવાબ તરફ રૂચિ ધરાવે છે તેની નિશાની એ છે કે તે દુનિયાની થોડાક જ દિવસોની લિજ્જતને છોડી દે છે અને જે માણસ દુનિયામાં ઝોહ્દ (સંયમ) અપનાવી લે છે તે ઈલાહીની વહેંચણીની દષ્ટિએ નુકસાનમાં રહેતો નથી કેમકે તેને દુનિયાના ફાયદાથી વધારે સવાબ આખેરતમાં મળે છે. દુનિયાની લિજ્જતોના લાલચુને લાલચના કારણે કંઈ વધારે ય મળતું નથી અને તે આખેરતના સવાબથી પણ વંચિત થઈ જાય છે.

(૨) અય આદમની ઓલાદ ! અગર તું દુનિયાના સામાનથી એવો ઈરાદો ધરાવતો હોય કે તે તારા માટે કાફી છે એવું સમજીશ તો થોડો સામાન પણ કાફી બનશે અને અગર કાફી હોવાનો ઈરાદો નથી તો વધારેમાં વધારે સામાનને પણ તું કાફી નહીં સમજે. (ઉસૂલે કાફી, જિલ્દ-૨, બાબ-૬૧)

## દુનિયાનો ત્યાગ - તર્કે દુનિયા

સઘળા ઈસ્લામી ઈતિહાસ લેખકોનો એકમત છે કે હઝરત અમીરુલ મોમિનીન(અ.) દરરોજ ઈશાની નમાઝ પછી મોટા અવાજે આવું ફરમાવ્યા કરતા હતા :

'અય ખુદાના બંદાઓ ! ખુદા તમને તેની

રહમતમાં દાખલ કરે, જવાની તૈયારી કરો. આખેરતની સફર માટે તત્પર રહો. તમારી જમાઅતમાં આવો સાદ પાડવામાં આવ્યો છે, આ નાશ પામનારી દુનિયા સાથે દિલ ન લગાવો અને તમારા નેક આમાલને કે જે તમારા આખેરતના રસ્તાનું ભાથુ છે, તેને પોતાની સાથે લઈ લો કેમકે રસ્તાઓમાં ઘણી બધી સડકો અને મુશ્કેલીભર્યા માર્ગો છે કે જે તમારી સામે પ્રસ્તુત થવાના છે અને જેમને તમારે ઓળંગવા જરૂરી છે. સમજી લો કે મોતની નજરો હંમેશાં તમારી તરફ મંડાયેલી હોય છે અને તેનો પંજો તમારી તરફ ફેલાયેલો છે. તમે દરેક સમયે પોતાની જાતને મોતના પંજામાં પકડાયેલી સમજો અને તેના નહોરને તમારા શરીરમાં ખૂંપેલા સમજો. સકરાત અને જીવ નીકળવાની સખ્તીઓને હંમેશાં પોતાની નજર સમક્ષ રાખો. દુનિયા તેમજ દુનિયાના સંબંધોથી સંબંધ તોડી નાખો અને તક્વા તેમજ પરહેઝગારીને પોતાના સહભાગી બનાવો.'

(સિરાજુલ મોબીન, જિલ્દ-૨)

## દુનિયા

દુનિયાને સંબોધન કરીને હઝરત(અ.)એ ફરમાવ્યું,

'અય દુનિયા ! મારા તરફથી હટી જા. તારો ફંદો તારી પીઠ ઉપર જ રહેવા દેજે. હું તારા પંજાથી બહાર છું અને તારા ફિત્નાઓથી દૂર છું અને તારા ફંદાઓથી દૂર હટી ચૂક્યો છું. તારા ફરેબમાં જવાથી મેં નફરત કરી છે. ક્યાં છે એ કોમો કે જેમને તેં તારા ફરેબોથી ધોખો આપ્યો હતો ? અને ક્યાં છે એ ઉમ્મતો કે જેમને તેં તારી દોલતોથી ફિત્નાઓમાં ફસાવી હતી ? જાણી લે કે તે હવે કબરોમાં કેદ છે અને લહદોમાં છુપાયેલી છે. કસમ ખુદાની અગર તું એક માણસ હોત કે જેને જોઈ શકાતો હોત અથવા તો એક સુંદર ઢાંચો (શરીર) હોત તો હું ખુદાની હદોને તારા ઉપર એ બંદાઓનું કારણ કાયમ કરત કે જેને તેં આરઝૂની સાથે ધોખો આપ્યો અને તે ઉમ્મતોના માટે કે જેમને તેં હલાકતમાં નાખી અને હવાદ હોશમાં ફસાવી અને તે બાદશાહોના માટે કે જેમને તેં મોતને હવાલે કરી દીધા અને તેમને બલાના એવા સ્થળોએ પહોંચાડી દીધા કે જ્યાં તેમનું કોઈ સ્થાન ન હતું. અફસોસ કે જે ચાલ્યો અને અકડીને ચાલ્યો તે પડ્યો અને જે તારાં મોજાં પર સવાર થયો તે ગરક થઈ ગયો અને જે તારા ફંદાથી અલગ થયો અને તેને સલામતીની તૌફીક થઈ તે પરવા નથી કરતો, ભલેને પછી તેનો રસ્તો તેના માટે સાંકડો થઈ જાય. દુનિયા તેમની દૃષ્ટિએ એક એવા દિવસના જેવી છે કે જેનું ખતમ થવું નજીકમાં જ હોય.

(બહરૂલ મઆરૂફ, સફા-૫૩૭)

## દુનિયાથી અભિલાષાઓની સમાપ્તિ

અય લોકો ! તમારી મિસાલ એ ગધેડાના (જેવી) છે કે જેની આંખો બંધ છે અને તે પોતાના ખૂંટા પર બંધાયેલો છે. તેની રાતો અને દિવસો એવી રીતે પસાર થાય છે કે તેનો નફો ઓછો અને તેની આરઝૂઓ લાંબી છે. તેમ છતાંય તે એવો ભરોસો રાખે છે કે તેણે કેટલાંય અંઘરાં કાર્યો પાર પાડી દીધાં છે, અને પોતાની મંઝિલ સુધી પહોંચી ચૂક્યો છે, એટલે સુધી કે જ્યારે તેણે આંખો ઊઘાડી અને સુબ્હ કરી અને પોતાની જગ્યાને જોઈ તો તેને કોઈ ફાયદો ન પહોંચ્યો. તેમાં જે કંઈ હતું તે તેણે લઈ લીધું અને તે ચીજની તરફ પાછો ગયો કે જેના ઉપર તે હતો. તેથી સાચું તો એ છે કે ઓછા આમાલો માટે દુન્યવી જિંદગીમાં તેની કોશિશ નકામી થઈ ગઈ અને તે એવું ગુમાન કરે છે કે તેણે સારા આમાલ કર્યા છે, એવી જ રીતે સદીઓ પસાર થઈ રહી છે અને પસાર

થતી રહેશે પછી ખુદા તેના ઉપર રહમ કરે છે કે જેણે પોતાના નફસને માટે સંગ્રહ એકઠો કર્યો છે અને પોતાની પૂરપરછ(મરવા)ના માટે કટિબધ્ધ છે અને તે જાણે છે કે તે ક્યાંથી આવ્યો છે અને ક્યાં જશે. (બહરૂલ મઆરિફ, સફા-૨૮૮)

**દુનિયાના બે (પ્રકારના) લોકો**

હઝરત(અ.)એ હફસને ફરમાવ્યું,

'દુનિયામાં બે (પ્રકારના) લોકો માટે બેહતરી (શ્રેષ્ઠતા) નથી; એક એ કે જેનો એહસાન દરરોજ વધારે થતો જાય છે અને બીજો એ કે જે તૌબાની સાથે પોતાની આરઝૂને મેળવવાની ઈચ્છા કરતો રહે છે. તેથી ખુદાની કસમ, અગર તે સિજદાઓ કરતો જાય એટલે સુધી કે તેની ગરદન તૂટી જાય (તો પણ) ખુદા તેના કોઈ અમલને કબૂલ નહીં કરે પરંતુ અમ એહલેબયતની વિલાયતની સાથે પરિચિત થઈ જાય કે જેમણે અમારા હકને ઓળખ્યો છે અને દરરોજ પોતાની રોઝીથી રાજી રહે અને એ બાબતથી રાજી રહે કે જેનાથી પોતાની છત્રછાયા થાય અને પોતાનું માથું ઢાંકતો રહે, તેઓ અમારી સાથે સવાબના ઉમેદવાર થયા. તેના સિવાય તે લોકો ભયની હાલતમાં રહે છે અને વિચાર કર્યા કરતા રહે છે કે દુનિયાથી તો આવું જ તેમનું ભાગ્ય છે અને એવી જ રીતે અલ્લાહ તઆલાએ તેમના આવાં ગુણ બયાન કર્યાં છે કે 'તે લોકો એમાંથી બક્ષિસ કરે છે કે જે તેમને મળ્યું હોય છે. ખુદાની કસમ, તાઅત (ઈબાદત) મોહબ્બત અને વિલાયતથી જે વસ્તુ તેમને આપવામાં આવી છે તેનાથી તેમનાં દિલ ડરેલાં હોય છે કે ક્યાંક તે કબૂલિયતના મકામથી પસાર ન થઈ જાય. ખુદાની કસમ, તેમનો ખોફ (એવો) નથી કે જેમાં તેઓ દીનની યથાર્થતાની સાથે હોય પરંતુ તેઓ એ બાબતથી ભયભીત હોય છે કે તેઓ અમારી ઈબાદત અને મોહબ્બતમાં ક્યાંક દોષ તો નથી કરતા ને?

પછી હઝરત અલી(અ.)એ ફરમાવ્યું કે અગર તું એ બાબતની કુદરત ધરાવતો હોય કે પોતાના ઘેરથી ન નીકળે તો એવું જ કર. પછી તારા ઉપર લાઝિમ (આવશ્યક) છે કે ઘરમાંથી બહાર નીકળે તો કોઈની ગીબત ન કર, જૂઠ્ઠુ ન બોલ, ઈર્ષા ન કર, દેખાડો, બનાવટ અને ફરેબ ન કર.

પછી ફરમાવ્યું, મુસલમાનનું ઈબાદતખાનું તેનું એવું ઘર છે કે જેમાં તેની આંખો, તેની જીભ અને તેનો નફસ અને તેની શર્મગાહ સુરક્ષિત રહે છે. યકીનપૂર્વક કે જેણે અલ્લાહની નેઅમતને પોતાના દિલના ઊંડાણથી ઓળખી, તે અલ્લાહ તરફથી સવાબને પાત્ર બન્યો એ પહેલાં કે તેનો શુક્ર પોતાની જીભથી બજાવી લાવે.

પછી ફરમાવ્યું, અય હફસ ! મોહબ્બત ખોફથી અફઝલ છે.

ખુદાની કસમ, જેણે દુનિયાને દોસ્ત ગણી અને અમારા (સિવાય) બીજાની સાથે મોહબ્બત કરી તેણે ખુદાને દોસ્ત ન રાખ્યો અને જેણે અમારા હકને ઓળખ્યો અને અમારી સાથે મોહબ્બત કરી, તેણે ખુદાને દોસ્ત રાખ્યો. આ સાંભળીને એક માણસ રડવા લાગ્યો તો હઝરત(અ.)એ ફરમાવ્યું, શું તું રડે છે ? અગર સમગ્ર આસમાનવાળા અને જમીનવાળા ભેગા થઈને ખુદાની બારગાહમાં રડીને કહે કે તને જહન્નમથી નજાત મળી જાય અને તું જન્નતમાં દાખલ થાય તો પણ તેઓ તારી શફાઅત કરી શકે તેમ નથી.

અય હફસ ! તું ખાકસારી (નમ્રતા) ધારણ કર અને સરકશ (નાફરમાન) અને સરબલંદ (ઉન્નત મસ્તક) ન થતો.

(બહરૂલ મઆરિફ, સફા-૮૩)

*

# આઈનો અને મોમિન

સંપાદક : મોહસિનઅલી કોજર(જાફરીપુરા)

**મોમિનનો એકબીજા સાથેનો સંબંધ અને વ્યવહાર:**

**'મોમિન મોમિન માટે આઈના જેવો છે.'** પયગમ્બરે ઈસ્લામ(સ.)નું આ વાક્ય ઘણું ખૂબસૂરત છે. તેના દ્વારા ઘણા બધા નુક્તા સમજમાં આવે એવા છે. તો ચાલો આ રહસ્યોમાંથી કેટલાક રહસ્યો નીચે પ્રમાણે છે જેને આપણે સમજવાની કોશિશ કરીએ.

(૧) આપણે આઈના જેવા હોવા જોઈએ એટલે કે આપણે બીજાઓની સારી વાતોને પણ જોવી જોઈએ. ફક્ત કમજોરીઓ કે ખામીઓ જ નહીં.

(૨) આપણે આઈના જેવા બનીએ, દૂરબીન જેવા નહીં કે જેમાં લોકોની નાની અયબો મોટી દેખાય.

(૩) આપણે આઈના જેવા બનીએ, કાંસકા જેવા નહીં. આઈનો તો મોં ઉપર જ કહી દે છે પરંતુ કાંસકો તો પાછળ જઈને વાળની વચ્ચે કહે છે.

(૪) આઈનો વ્યક્તિનો હોદ્દો, ઈઝઝત, વ્યક્તિત્વ વગેરે કશાયની પરવા કરતો નથી, ન તો તે લાલચમાં પડે છે કે ન ધમકીને ગાંઠે છે. મતલબ આઈનો કોઈ માલદાર વ્યક્તિ વિશેષના ચહેરાના ડાઘા છુપાવવામાં ન લાંચ લે છે, ન ધમકીથી દબાઈ જાય છે. માણસ ગમે તેવો માલદાર કે હોદ્દેદાર હોય પરંતુ આઈનો તેનું મોં જેવું છે તેવું જ બતાવી દે છે.

(૫) આઈનો ત્યારે જ પોતાની ફરજ પૂર્ણ કરી શકે છે કે જ્યારે તેના ઉપર ધૂળ વગેરે ન હોય. તેના ઉપરની પૉલિશ અને ચમક ખરાબ ન થઈ હોય. વ્યક્તિ પણ ત્યાં સુધી બીજાઓની ટીકા કરી શકે છે કે જ્યાં સુધી સ્વયં તેના ઉપર અયબ ન લાગી હોય.

(૬) આઈનાને આ કારણથી તોડી નાખવો કે તે અમારી અયબોને ઊઘાડી કરી નાખે છે, તો તે ખોટું છે. એવી રીતે લોકોના માર્ગમાં અવરોધરૂપ બનવું કે જેઓ રચનાત્મક કાર્યો કરે છે તે પણ ખોટું છે.

(૭) જો આપણે આઈનાને તોડી પણ નાખીએ તો તેના ટુકડા પણ આપણને આપણી અયબો બતાવે છે. તૂટેલો આઈનો પણ પોતાની ફરજ ચૂકતો નથી. આ જ રીતે મોમિનને તકલીફ આપો તો પણ તે પોતાની ફરજ અદા કરવાનું ચૂકતો નથી.

(૮) આઈનાને ઘસીને ચકચકિત કરવામાં આવે છે. જેથી તેમાં આપણી અયબો દૃષ્ટિમાન થાય છે. મોમિન પણ ઈમાન, હિદાયત, કુરઆન ઉપર ચિંતન-મનન સાથેનો અભ્યાસ, સફાઈ અને સચ્ચાઈના કારણે પોતાના દીની ભાઈઓની અયબો બતાવે છે. મતલબ આ રીતે અમ્રબીલ મઅરૂફ કરે છે, બૂરાઈઓથી રોકથામ કરે છે. કીનો-કપટ કે બદલાની ભાવના સાથે તે મોમિન ભાઈઓની અયબો બતાવતો નથી.

(૯) આઈનો આપણી અયબોને પોતાની અંદર રાખતો નથી. આપણે આઈના સામેથી હટી ગયા કે તરત જ આઈનાનો કાચ સાફ થઈ જાય છે. મોમિને પણ વ્યક્તિની અયબોને તેની રૂબરૂ વર્ણન કરવી જોઈએ. પરંતુ જ્યારે તે વ્યક્તિ તેની સામેથી અલગ થઈ જાય તો પછી તેની અયબોને દિલમાં ન રાખવી જોઈએ.

(૧૦) આઈનાની સામે પોતાની અયબોને તે જ વ્યક્તિ સમજી શકે છે કે જે સમજવા ઈચ્છે છે. નહિ તો શક્ય છે કે વ્યક્તિ એક ઉપરછલ્લી દૃષ્ટિ નાખીને ચાલ્યો જાય અને પોતાની અયબો તરફ ધ્યાન ન આપે.

આમ ઉપર મુજબ જોઈએ તો પયગમ્બરે ઈસ્લામ(સ.) આપણને આઈના જેવા બનવાનું કહે છે. આપણે ઈન્સાન તો છીએ પણ સાથે સાથે એક મોમિન છીએ એ આપણે ન ભૂલવું જોઈએ. મોમિન એટલે કે જેનામાં કોઈ મોમિન પ્રત્યે નફરત કે દ્વેષભાવ ન હોય, પરંતુ ભાઈચારો હોય, એકબીજાની મદદ કરે અને પીરના હુકમનું પાલન કરે. જેમ આઈનો કોઈની ખુશામત કરતો નથી અને લોકોની સચ્ચાઈ બતાવે છે. એ જ રીતે આપણે પણ એક મોમિન અને પીરના મુરીદ હોવાના નાતે આપણી ફરજ બને છે કે સાચાઓનો સાથ આપવો અને બીજાઓની બૂરાઈ(નિંદા) કરવાથી બચવું.

અંતમાં પાક પરવરદિગારે આલમથી દુઆ કરીએ કે તે આપણને સદબુધ્ધિ આપે, એક અને નેક બનાવે અને રહેબરના હુકમ પર ચાલવાની નેક તૌફીક ઈનાયત કરે, આમીન. *

## જીવન સાથી જોઈએ છે

નીચેની વિગતવાળા લગ્ન ઈચ્છુક કુંવારા ઉમેદવાર માટે જીવન સાથી જોઈએ છે.

- **લાયકાત : મીકેનીકલ એન્જિનિયર**
- **નોકરી : પરમેનન્ટ**
- **પોસ્ટ : આસિસ્ટન્ટ એક્ઝીક્યુટીવ એન્જિનિયર**
- **ઊંચાઈ : ૫.૬ ઈંચ**
- **ઉંમર : ૨૫ વર્ષ**
- **મોબાઈલ : ૮૧૪૧૪૬૫૦૧૮**

ઉપરોક્ત લાયકાત ધરાવનાર યુવક માટે શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતની કન્યા જોઈએ છે. ગ્રેજ્યુએટ કન્યાની પ્રથમ પસંદગી રહેશે. તો રસ ધરાવતી વ્યક્તિએ આપેલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)

**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**

**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**


(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

LIC

**મોબાઈલ**

**૯૨૨૮૬૦૧૯૫૪**



# સાકિરઅલી વી. સુરપુરા

**એલ.આઈ.સી. જીવન વિમા એડવાઈઝર**

**::::: ઓફિસ :::::**

લેથવાલા મોલ, ૨ જો માળ,
રેલ્વે ક્રોસીંગ પાસે, ઈડર, જિ.સાબરકાંઠા.
મો.૯૨૨૮૬૦૧૯૫૪

**::::: રહેઠાણ :::::**

મુ.પો. સુરપુર, તા. ઈડર જિ. સાબરકાંઠા.

*પરવરદિગારના કરમથી આ વર્ષથી આપની સેવામાં*

LIC ના રોકાણ/બચત, જુના તથા નવા વીમાના કામકાજ માટે અમારો સંપર્ક કરો.

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૨ — સૂરએ જિન**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **(પણ મારો બચાવ માત્ર એમાં જ છે) કે હું અલ્લાહ તરફથી (હુકમો) પહોંચાડી દઉં અને તેના સંદેશા પણ; અને જે કોઈ અલ્લાહ તથા તેના રસૂલની નાફરમાની કરશે તો નિઃસંદેહ તેના માટે જહન્નમની આગ છે, જેમાં તે સદાને માટે રહેશે. (૨૩)**

**અહીં કે જ્યારે તેઓ તેને નિહાળશે કે જેનો તેમને વાયદો કરવામાં આવતો હતો તો તેઓ આ તરત સમજી લેશે કે કોના મદદગાર નબળા છે, અને સંખ્યાના પ્રમાણમાં કોણ વધારે ઓછા છે. (૨૪)**

**કહે કે જેનો વાયદો કરવામાં આવે છે તે ઘણો પાસે છે કે મારો પરવરદિગાર તેની મુદ્દત વધારી દેશે તે હું જાણતો નથી. (૨૫)**

**ગૈબનો જાણકાર એજ છે અને તે પોતાના ગૈબ પર કોઈને વાકેફ કરતો નથી. (૨૬)**

**સિવાય તે શખ્સને કે જેને રસૂલોમાંથી (ઈલ્મે ગેબ માટે) ચૂંટી કાઢે કારણ કે બેશક તે તેની આગલી બાજુએથી તથા તેની પાછળી બાજુએથી ચોકીદારો નિમી દે છે. (૨૭)**

**કે જેથી જાણી લે કે તેમણે પોતાના પરવરદિગારના પયગામ પહોંચાડી દીધા છે અને જે કાંઈ તેમની પાસે છે તે સઘળું તે(નું જ્ઞાન) ઘેરી રાખે છે, અને સઘળી વસ્તુઓની સંખ્યા તે નોંધી રાખે છે. (૨૮)**

હવે અલ્લાહ પોતાના બંદાઓને ડરાવવા માટે કહે છે કે જે ખુદા-રસૂલના હુકમોનું ઉલ્લંઘન કરશે તેના માટે જહન્નમની આગ છે.

જ્યારે તે આગને તેઓ જોશે કે જેનો વાયદો કરવામાં આવ્યો હતો, તો તરત તેઓ સમજી જશે કે કોના મદદગાર નબળા છે અને સંખ્યાની રૂએ કોણ થોડા છે. આ પ્રમાણે અલ્લાહે એટલા માટે ફરમાવ્યું કે કાફરો પોતાની મોટી સંખ્યા ઉપર ગર્વ કરતા હતા.

જ્યારે કાફરોએ એ પ્રમાણે સાંભળ્યું તો તેમણે કહ્યું કે આ વસ્તુ ક્યારે બનશે ? અલ્લાહે ફરમાવ્યું કે અય મોહંમદ(સ.) ! તું તેમને કહે કે જે તમને વાયદો કરવામાં આવ્યો છે તે હક છે અને તેની મુદ્દત મારો રબ વધારી આપશે એ હું જાણતો નથી.

ગૈબનું ઈલ્મ માત્ર ખુદાને જ છે અને તે ગેબથી કોઈને જાણકાર કરતો નથી.

સિવાય તે શખ્સ કે જેને રસૂલોમાંથી ઈલ્મે ગૈબ માટે ચૂંટી કાઢે તે તેની આગલી બાજુએથી તથા પાછલી બાજુએથી ચોકીદારો નિમી દે છે. હઝરત ઈમામ રઝા(અ.)એ આયતની તફસીરમાં ફરમાવ્યું કે પયગમ્બર(સ.)થી મુરાદ હઝરત મોહંમદ મુસ્તફા(સ.) છે અને અમો તેમના વારિસ છીએ. ખુદાએ જે કંઈ ચાહ્યું તે બતાવ્યું અને જે કંઈ થયું અને થશે તે અમો જાણી છીએ.

તે જાણી લે કે તેણે પોતાના પરવરદિગારના પયગામ પહોંચાડી દીધા છે અને જે કંઈ તેની પાસે છે તેને તેનું જ્ઞાન ઘેરી રાખે છે અને બધી વસ્તુઓની સંખ્યા તે નોંધી રાખે છે, જે કંઈ પયગમ્બરની અને ફરિશ્તાઓની પાસે છે તે સર્વે બાબતોને ખુદાના ઈલ્મે ઘેરેલ છે તેના ઈલ્મની બહાર કોઈ ચીજ નથી.

**સૂરા નં.૭૩ — સૂરએ મુઝમ્મેલ**

કુલ ૨૦ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

**અય ચાદરમાં વીંટળાયેલા (રસૂલ !)(૧) તું રાત્રે (નમાઝ માટે) ઊઠ્યા કર પણ**

**થોડો (વખત). (૨)**

**(અર્થાત) અડધી રાત અથવા તેથી પણ કાંઈ ઓછું કરી દે. (૩)**

**અથવા તે પર કાંઈ વધારી લે અને કુરાનને યોગ્ય (સ્પષ્ટ) રીતે પઢ. (૪)**

**નજીકમાં જ અમે તારા પર એક ભારે હુકમનો બોજો નાખીશું. (૫)**

હઝરત રસૂલે ખુદા(સ.) ઈસ્લામના આરંભકાળમાં જ્યારે નમાઝ પઢતા હતા ત્યારે પોતાના મોઢા ઉપર કામળી વીંટી લેતા હતા અને જનાબે ખુદેજાથી રિવાયત કરેલ છે કે રાત્રે ઓઢવાની એ કામળી સાડા ચૌદ હાથ લાંબી હતી તે એને ઓઢીને સૂતા હતા ત્યારે નમાઝે શબના વખતે જિબ્રઈલ આ આયત લાવ્યા જેમકે ખુદા ફરમાવે છે કે અય ચાદરમાં વીંટળાયેલા પયગમ્બર !

આ રાત ઈબાદતને માટે કયામનો હુકમ રાખે છે. રાતનો અડધો ભાગ કે કંઈ ઓછો અથવા વધુ વખત ઈબાદતમાં પસાર કરો. આ ઉપરથી તહજ્જુદની નમાઝ વાજિબ સાબિત થાય છે કારણ કે હુકમ વાજિબ માટે હોય છે, પરંતુ આ સૂરાના છેવટના ભાગમાં રૂખ્સત નાઝિલ થઈ છે. નબીએ કરીમ(સ.) અને સહાબા રાત્રિના ઈબાદત કરતા હતા કારણ કે એ સમયમાં વખત તો ખરી રીતે જાણી શકાતો ન હતો તેથી તેમનો રાતનો મોટો ભાગ જાગૃતિની હાલતમાં પસાર થતો હતો. એક વરસ સુધી આ વાજિબ હુકમ હેઠળ નમાઝે તહજ્જુદ પાબંદીથી અદા કરતા રહ્યા. ત્યાર પછી એક વરસ પછી આ સૂરાનો છેવટનો ભાગ નાઝિલ થયો કે જેમાં હુકમ થયો કે આ તકલીફને છોડી દો અને એટલું જ જાગો કે જેટલું શક્ય હોય.

અડધી રાત અથવા તેથી કંઈક ઓછું કરી દો અથવા કંઈક વધારી દો.

કુરાન પઢવામાં બહુ જ ધ્યાન રાખો અને શબ્દોને તેમના મખરઝની સાથે અદા કરો. હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું છે કે એને બિલકુલ સાફ અને સહીહ રીતે પઢો. કાવ્યની રીતે જલ્દી જલ્દી ન પઢો, પણ એવી રીતે પઢો કે જેનાથી સખત દિલ પણ સાંભળીને નરમ થઈ જાય અને સૂરાને જલ્દી ખતમ કરવાનો ખ્યાલ ન કરો. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે જે આયતમાં જન્નતનું વર્ણન હોય ત્યાં રોકાઈને જન્નતી દુઆ માગી લો અને જ્યાં જહન્નમનું વર્ણન હોય ત્યાં રોકાઈને તેનાથી રક્ષણ ચાહો. કુરાનને માટે હુકમ છે કે ધીરે ધીરે અને કર્ણપ્રિય અવાજથી પઢો.

કુરાને શરીફને **'કૌલન શકીલા'** એટલા માટે કહેવામાં આવ્યું છે કે તેના ઉપર પાબંદીની સાથે અમલ કરવો આમ ઈન્સાની તબીયત માટે બોજારૂપ થઈ જાય અથવા જો કે આ કલામ એ વજની (બોજલ) કલામ છે, સામાન્ય કલામોની જેમ નથી અથવા એ કે કયામતના દિવસે અમલના ત્રાજવામાં આ કલામ વજની સિધ્ધ થાય. (ક્રમશઃ)


**નઝર ગોદડ**

**મો. ૯૬૦૧૭ ૮૪૯૧૦**

દરેક પ્રકારના દસ્તાવેજ, સોગંદનામા (એફીડેવીટ), કુલમુખત્યારનામા (પા.ઓ.એટર્ની), અરજીઓ લખનાર તથા કોર્ટ કચેરીને લગતું તમામ કામ કરનાર.

**કોમ્પ્યુટર ટાઈપ કરનાર**

**૧૯, પ્રથમ માળ, વ્યાપાર ભવન, જિલ્લા સેવા સદન સામે, ન્યાય મંદિર, હિંમતનગર -૩૮૩ ૦૦૧.**

હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૧૦૫

**ફિકર તો ઈતની હે રે મન ધરની,**
**કે પીત અંધારેમાં ક્યું કર કરની.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહા) ફરમાવે છે કે માણસે એટલી તો ફિકર પોતાના મનમાં ધરવી જોઈએ કે અંધારામાં પ્રીત કેવી રીતે કરી શકાય ?)

**તો પીત રે બિના પીયુજી નાં પાવે,**
**દુરિજન ઉરામાં ભો રે દિખાવે.**

(પ્રીત વગર પીયુજીને મેળવી શકાય નહીં. દુરિજન રૂપી શેતાન અંધકારમાં માણસને ભય બતાવતો હોય છે.)

**નેહ પીયાકા એસા મન ધરના,**
**કે દો જીવ મિલ કર એક તન કરના.**

(વ્યક્તિએ પોતાના પીયુનો પ્રેમ પોતાના મનમાં એવી રીતે ધરાવવો જોઈએ કે બે જીવ ભેગા મળીને એક તન કરવું જોઈએ.)

**જો જીવ ને પીયા એક હો રે'વે,**
**તો જીવ પીયુ મિલ કર પીયુ પીયુ કે'વે.**

(જો વ્યક્તિનો જીવ અને પીયુ બન્ને એકાકાર બનીને રહે તો જીવ અને પીયુ બન્ને ભેગા મળીને પીયુ પીયુનું રટણ કરતા થઈ જશે.)

**જો તન રે ગમા કર પીત લગાવે,**
**તો કાંહે નાં પીયાજી અપના રે પાવે?**

(જો માણસ પોતાનું તન ગુમાવી દઈને પ્રીત લગાવે તો પછી તે પોતાના પીયુજીને શા માટે ન મેળવે?)

**વે બોત રંગીલા પીયુજી રે મેરા,**
**પીયુ પીયુ સબ રંગ હે રે બોતેરા.**

(મારો પીયુજી તો ખૂબ જ રંગીલો ખૂબ જ રસિયો-મોજીલો છે. પીયુ પીયુનો બધો જ રંગ ખૂબ જ પ્રમાણમાં છે.)

**જો તન રે ફના અપના નાં કીજે,**
**તો ક્યું કર પીયુજી અપના લહીજે.**

(જો પીયુજી ઉપર પોતાના તનને ફિદા કરી દેવામાં ન આવે તો પછી પીયુજીને પોતાનો પીયુજી કેવી રીતે કહી શકાય ?)

**જાં દેખોને દુધકા ધરીઆ રે નાંમા,**
**કે ચુચી સું રે નીકલે એ સબકા ઠાંમા.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે દૂધનું નામ કેવી રીતે ધરવામાં આવ્યું છે તે તમે જુઓ કે ચૂંચીમાંથી-સ્તનમાંથી જે નીકળે છે તેને દૂધ કહેવામાં આવે છે.)

**દૂધકા રે નાંમા સબકું રે લહીએ,**
**જે બાર ચુચી આવે, દૂધ ઉસે કહીએ.**

(એ બધાયનું નામ દૂધ કહેવામાં આવે છે કે જે ચૂંચીમાંથી અર્થાત સ્તનમાંથી બહાર નીકળતું હોય છે. ટૂંકમાં સ્તનોમાંથી નીકળે તેનું નામ દૂધ.)

**પણ એકઠા રે દૂધ નાંમ સબકા હી જાંનો,**
**ને દાસ પીયાકી બિગત પિછાંનો.**

(બધા જ (સસ્તન) પ્રાણીઓના સ્તનોમાંથી નીકળે તેનું સહિયારું નામ દૂધ છે અને વળી દાસ અને પીયુ એ બન્ને વચ્ચેની વિગતને પણ ઓળખો.)

**જબ તાંએ દાસ જુઆ નાં હોવે,**
**તો પીયુકું રે તનમાં ક્યું કર જોવે?**

(જ્યારે ત્યાં પણ દાસ (પોતાની જાતથી) અલગ ન થાય તો તે પોતાના તનમાં પીયુજીને કેવી રીતે જોઈ શકે ?)

**જે હોવે ના રે જુઆ ને દાસ કે'લાયા,**
**તો પીયાજી રે તનમાં ઉનું રે નાં પાયા.**

(જે જુદો જ ન થાય અને પોતાની જાતને દાસ કહેવડાવતો હોય તો તેણે પોતાના તનમાં પીયુજીને મેળવ્યો જ નથી (એવું કહેવાય).)

**જબ તન રે ગમાયા દૂધને રે સારા,**
**તબ જા પીયાકા પાયા રે પ્યારા.**

(જ્યારે દૂધે પોતાના સમગ્ર અસ્તિત્વને ગુમાવી દીધું ત્યારે જ તેણે પોતાના પીયુનો પ્રેમ સંપાદન કરી દીધો.)

**જો તન ગમાતે ડર નાં કરીઆ,**
**તો નાંમ ગમાય કર છાછ નાંમ ધરીઆ.**

(જો પોતાના તનને - પોતાના અસ્તિત્વને ગુમાવી દેતાં ડર પેદા ન કર્યો તો નામ ગુમાવીને તેણે પોતાનું નામ છાશ ધરી દીધું.)

**તો પીયુજી રે પરગટ હોને રે દિખાયા,**
**જો તન રે નેહસું અપના ગમાયા.**

(જેણે પ્રેમપૂર્વક પોતાના તનને - પોતાના અસ્તિત્વને - ગુમાવી દીધું તો પીયુજીએ જાતે પ્રગટ થઈને બતાવી દીધું.)

**જબ તાંએ એકઠા થા રે એક નાંમા,**
**તબ તાંએ પીયુકા નાં પાયા રે ઠાંમા.**

(જ્યારે તે જગ્યાએ એક જ નામ એકઠું થયેલું હતું ત્યારે ત્યાં પણ પીયુના સ્થાનને પ્રાપ્ત કર્યું નહીં.)

**જબ તન ગમા કર રે'વે નાં દાસા,**
**તો પીયુજી દેખનેકી કયા હે રે આસા.**

(જો માણસ પોતાનું તન ગુમાવીને, પોતાના અસ્તિત્વને ગુમાવી દઈને દાસ થઈને ન રહે તો તેના માટે પીયુજીને જોવાની આશા શું બાકી રહે?)

**પીયુકું રે પરગટ તનસું રે દાખે,**
**નિત ઉઠ પીત સું યું કર આખે.**

**-: રે તુંહી :-**

(પોતાના પીયુને શરીરથી પ્રગટ થયેલો ગણે તો દરરોજ ઊઠીને પ્રેમપૂર્વક 'રે તુંહી' કહીને અલ્લાહનો ઝિક્ર કરે.)

**દાસ આધાર રાખ કર, રાખ પીયાકી આસ રે,**
**રાખ પીયાકી આસ;**
**તન ગમા કર દાસ હો, તો પીયુજી આવે પાસ રે,**
**તો પીયુજી આવે પાસ.**

(દાસને આધાર તરીકે રાખીને ત્યાર પછી જ પીયુને પામવાની આશા રાખજે. જો તું તારા તનને - તારા અસ્તિત્વને ગુમાવીને દાસ બની જાય તો પીયુજી જાતે જ તારી પાસે આવશે.)

## બયાન નં.૧૦૬

**પીત પીયાકી નાં દુરિજન માંહાં,**
**જાં દુરિજન બાસા તાં પીત રે નાંહાં.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહા) ફરમાવે છે કે પીયુની પ્રીત - પીયુની મોહબ્બત દુરિજનમાં એટલે કે શયતાનમાં હોતી નથી. જ્યાં દુરિજનનો વાસ હોય છે ત્યાં પ્રીત રહેતી નથી.)

**નેહ પીયાકા જેનો મન ધરીઆ,**
**અને જીવ રે પીયાસુ એક જ કરીઆ.**

(જેણે પીયુજીનો પ્રેમ પોતાના મનની અંદર ધારણ કરી લીધો હોય અને પોતાના જીવને પીયુ સાથે એકાકાર કરી દીધો હોય (તેને સફળતા પ્રાપ્ત થઈ ગઈ).)

**જબ તાંએ તન આપ નાં ગમાવે,**
**તો પીત પીયાકી ક્યું કર પાવે ?**

(જો માણસ પોતાના તનને - પોતાના શરીરને પીયુને ખાતર ગુમાવી ન દે તો તે માણસ પીયુજીની

પ્રીતને કેવી રીતે પ્રાપ્ત કરી શકે ?)

**બંદા તો એકલા નાંહી તન માંહાં,**
**કેતેક એગઠે રહે હેં એક ઠાંહાં.**

(બંદો પોતાના તનની અંદર કંઈ એકલો નથી. તેના તનમાં તાં કેટલાય જણ એક જગ્યાએ એક સાથે રહે છે.)

**પીયુ ને જીવ એ તન માંહી કહીએ,**
**શેતાંન દુરિજન એ તન માંહી લહીએ.**

(બંદાના શરીરમાં પીયુજીનો પણ વાસ છે અને તેના જીવનો પણ વાસ છે તે ઉપરાંત શયતાન રૂપી દુરિજન પણ તેના તનની અંદર જ રહે છે.)

**એ તન ભીતર અનું સંગ જાંનો,**
**એ સબ એકઠે તો સહી રે પિછાંનો.**

(બંદાના શરીરની અંદર તેનો જીવ, પીયુજી, દુરિજન-શેતાન એ બધાય એક સાથે એકઠા રહે છે તે બાબતને તમે સાચી જાણો.)

**એ સબ મિલ કર બંદા કહાયા,**
**જબકા તો ઉસકી મા ને રે જાયા.**

(બંદાને જ્યારથી તેની માતાએ જણ્યો છે - તેને જન્મ આપ્યો છે ત્યારથી એ બધા તેનામાં ભેગા થાય છે ત્યારે તેને બંદો કહેવામાં આવેલ છે.)

**જબ દૂધ રે દેખો નાંમ રે ધરીઆ,**
**જબ ઉસકું રે થાંનથી બાર લે કરીઆ.**

(જ્યારે દૂધ માતાના સ્તનોમાંથીબહાર નીકળે છે ત્યારે જ તેનું નામ દૂધ ધરવામાં આવે છે.)

**જબ દૂધને દેહા ફના સબ કીતી,**
**તો પીત પીયાકી એને જા ને લીતી.**

(જ્યારે બંદો દૂધને અને પોતાના દેહને ફના કરી દે છે - ત્યારે જ તે પીયુજીની પ્રીતને પ્રાપ્ત કરી લે છે. પોતાના અસ્તિત્વને-પોતાની ખુદીને ફના કરી દેવી તે પીયુને મેળવવાની શરત છે.)

**જે થા રે પીયુ તનમેં વે તબ જાને પાયા,**
**જો તન રે અપના સબ ગમાયા.**

(જ્યારે બંદો પોતાના આખા શરીરને ગુમાવી દે છે ત્યારે જ તે તેના તનમાં જે પીયુ હોય છે તેને પ્રાપ્ત કરે છે.)

**જો તન રે ગુમાવે દુઃખ નાં રે કીતા,**
**તો દૂધ નાંમ ફિરા કર છાછ નાંમ લીતા.**

(જો પોતાના શરીરને ગુમાવીને બંદો કોઈ દુઃખ વ્યક્ત ન કરે, અફસોસ ન કરે તો દૂધ નામ બદલીને છાશનું નામ ધારણ કરી લે છે.)

**જો દાસ હોકર પીયુજી પિછાંના,**
**તો આપ તન માંહી થી પીયા જુઆં જાંના.**

(જો બંદો દાસ બનીને (તુચ્છ બનીને) પીયુજીને ઓળખે તો તેના તનની અંદરથી તેના પીયુને અલગ થયેલો તે જાણશે.)

**તું દેખ ને બંદા તુજ માંહે પીયા,**
**તીયુ જીવ મિલ કર હેં રે એક જીયા.**

(હે બંદા ! તું તારી અંદર પીયુ છે તે તું જો. પીયુ અને જીવ બન્ને મળીને એક જીવ બનેલ છે.)

**જો તન રે ગમા કર દાસ હો નાં રે'વે,**
**તો જીવ તુજ તનમેં વે પીયુંકું રે કે'વે.**

(જો બંદો તન ગુમાવીને પીયુનો દાસ બનીને ન રહે તો તારા તનમાં રહેલો જીવ પીયુજીને આ મુજબ કહેશે :

**તન તો તેરા હે બોત ગમાંના,**
**તો દુરિજન તન કે ભીતર સમાંના.**

(તારા તનને - તારા શરીરને તો ખૂબ જ ગુમાન છે - ખૂબ જ અભિમાન છે કેમકે તારા તનની અંદર દુરિજન રૂપી શેતાન સમાયેલો છે.)

**જો જુદા હો રે આપ તન રે નાં ખોવે,**
**તો પીતસું પીયાકું જીવ ક્યું જોવે ?**

(જો તું જુદો થઈને તારા તનને ગુમાવી ન દે, તારા તનને ખોઈ ન નાખે તો જીવ પ્રેમપૂર્વક પીયુજી તરફ શા માટે જોશે ?)

**પીત પીયાકી એસી મન ધરના,**
**કે તન ગમાતે સુખ નાં કરના.**

(બંદાએ પીયુજીની પ્રીતને પોતાના મનમાં એવી રીતે ધારણ કરવી જોઈએ કે તનને ગુમાવી દઈને પણ સુખનો અનુભવ ન કરવો.)

**જો દાસ રે હોકર તન રે ગમાવે,**
**તો પીયાજી રે તુજમાં ક્યું કર નાં પાવે?**
**-: રે તુંહી :-**

(જો બંદો દાસ બની જઈને પોતાના તનને ગુમાવી દે તો પછી તું તારી અંદર તારા પીયુજીને શા માટે ન મેળવે ?)

**પીયા સંગ તન સબ ખોય કર, હોકર રે'વે દાસ રે,**
**હોકર રે'વે દાસ;**
**બિગત પીયુ જીવ મન ધરે, તો હોવે પીયુકા બાસ રે,**
**તો હોવે પીયુકા બાસ.**

(પીયુજીને ખાતર પોતાના સમગ્ર તનને ખોઈ નાખીને જો બંદો દાસ બનીને રહે તો પીયુજી તે જીવને પોતાના મનમાં ધારણ કરશે અને તેનામાં પીયુનો વાસ થઈ જશે.) ✻


**પ્રો.અબ્બાસઅલી ઈસ્માઈલભાઈ સુણસરા**
**(મેતાવાળા)**
**મોબાઈલ : ૯૮૨૫૪૫૯૮૨૫**

# પૈરાહન
## રેડીમેડ

જીન્સ, શર્ટ, ટી-શર્ટ,
સ્લીમ શર્ટ, ટ્રાઉઝર્સ, નાઈટી અને
ચિલ્ડ્રનવેર મળશે.

**છાપી તાજ હોટલની બાજુમાં,**
**ડાયમંડ કોમ્પલેક્ષ, ગાલા નં. ૧૮-એ, છાપી.**

# કામિયાબ સેલ્સ એન્ડ સર્વિસ



મીનરલ વૉટર (આર.ઓ.પ્લાન્ટ),
ગેસ ગીઝર, ગેસ સગડી, લાઈટર, ગેસ પાઈપો
મળશે તથા રીપેરીંગ કરી આપવામાં આવશે.



**મીનરલ વોટર પ્લાન્ટનો વાર્ષિક કોન્ટ્રાક્ટ લેવામાં આવશે.**

**જાફરઅલી વાય. લશ્કરી મો.૯૯૨૪૭ ૮૫૭૮૫**
**શબ્બીરઅલી વાય. લશ્કરી મો.૯૭૨૩૨ ૨૪૮૪૮**

**બસ સ્ટેન્ડની બાજુમાં, વડનગર**

**ફારસીના મહાન કવિ શેખ સાઅદીની**

# શાયરીનો રસાસ્વાદ

## ‘ગુલિસ્તાન’માંથી પસંદ કરેલ પંક્તિઓ

### Piety (ધર્મનિષ્ઠા)

صاحبدلی به مدرسه آمد ز خانقاه
بشکست عهد صحبت اهل طریق را
گفتم: میان عالم و عابد چه فرق بود؟
تا اختیار کردی از آن این طریق را
گفت: آن گلیمِ خویش بدر می برد ز موج
وین جهد می کند که بگیرد غریق را

**સાહબદિલી બે મદરસા આમદ ઝ ખાન્કાહ**
**બશિકસ્ત અહદ સોહબત અહલ તરીક રા**
**ગુફ્તમ : મિયાંન આલિમ વ આબિદ ચે ફર્ક બૂદ?**
**તા ઈખ્તિયાર કરદી અઝ આન ઐન તરીક રા**
**ગુફ્ત : આં ગલીમ ખવીશ બદર મી બર્દઝ મૌજ**
**વૈન ચહદ મી કુનદ કે બગૈરદ ગરીક રા**

(એક ધર્મનિષ્ઠ (પવિત્ર) માણસ ખાનકાહને અને ધાર્મિક માણસોની સોબત છોડી દઈને મદ્રેસામાં આવી ગયો. મેં તેને પૂછ્યું, તમને આલિમ અને આબિદ વચ્ચે શું તફાવત માલૂમ પડ્યો કે જેથી તમે ખાનકાહ છોડીને મદ્રેસાના સમાજમાં પાછા આવી ગયા ? તેણે જવાબ આપ્યો, ‘આબિદ હંમેશાં તેની પોતાની નજાતની જ ચિંતા કરતો હોય છે જ્યારે કોઈ ભણેલો-ગણેલો આલિમ બીજાઓને ડૂબતા બચાવવાનો પ્રયત્ન કરે છે.)

نان از برای کنج عبادت گرفته اند
صاحبدلان ، نه کنج عبادت برای نان

**નાન અઝ બરાઈ કનજ ઈબાદત ગિરફ્તા અંદ**
**સાહબદિલાન, ને કનજ ઈબાદત બુરાઈ નાન**

(ઈબાદતગુઝાર માણસો એકાંતમાં ઈબાદત કરવા જીવતા રહી શકે તે માટે જમતા હોય છે. તેઓ પૈસાની કમાણી કરવા માટે એકાંતમાં દુઆ માગતા નથી હોતા.)

ترکِ دنیا و شَهوت است وهوس
پارسَایی، نه ترکِ جامه و بس

**તર્કે દુન્યા વ શહવત અસ્ત વ હવસ**
**પારસાઈ, નો તર્કે જામા વ બસ**

(સાચી ધર્મનિષ્ઠા (પારસાઈ) તો માત્ર પોતાનો પોષાક બદલવામાં (ફકીરનાં કપડાં પહેરવામાં) રહેલી નથી પરંતુ આવી સાચી ધર્મનિષ્ઠા તો દુનિયાની ખ્વાહિશો અને વાસનાઓનો ત્યાગ કરવામાં રહેલી છે.)

### Politeness (નમ્રતા / વિનમ્રતા)

چو پرخاش بینی، تحمّل بیار
که سهلی ببندد درِ کارزار
به شیرین زبانی و لطف وَخوشی
توانی که پیلی به مویی کشی
لطافت کن آنجا که بینی ستیز
نبرّد قزِ نرم را تیغ تیز

**ચૂ પુર ખાસ બીની, તહમ્મુલ બયાર**
**કે સહલ બોબંદદ દરે કારઝાર**
**બો શીરીન ઝબાની વ લુત્ફ વ ખુશી**
**તવાની કે પીલી બો મવીસી કુશી**
**લતાફત કુન આંચા કે બીની સતોઝ**
**નબારદ કઝે નરમ રા તેગે તેઝ**

(જ્યારે જ્યારે તમારે હિંસાનો ભોગ બનવું પડે ત્યારે ત્યારે સહનશીલ બનો કેમકે શાંત સ્વભાવ વિવાદના દરવાજાને બંધ કરી નાખે છે. મીઠા શબ્દો, નમ્રતા અને વિવેકની મદદથી વાળના એક દોરા દ્વારા તમે હાથીને ખેંચી શકો છો. જ્યારે જ્યારે તમને કોઈ ટંટો-ઝઘડો જોવા મળે તો દયાભાવ દર્શાવો કેમકે ધારદાર ચપ્પા દ્વારા મુલાયમ રેશમી કાપડને કાપી શકાતું નથી.

## Poverty (ગરીબાઈ)

آتـش از خـانـهٔ هـمـسایهٔ درویـش مـخـواه
کآنچه بر روزنِ او می گذرد، دودِ دل است

**આતશ અઝ ખાનહ હમસાયા દુરવેશ મખવાહ**
**કાન્યા બર રૌઝને અવ મી ગુઝરદ દુદે દિલ અસ્ત**

(તમારા ગરીબ પાડોશીના ઘરમાં આગ માગવા ન જતા કેમકે તેના ઘરના ધૂમાડિયામાંથી જે ધુમાડો નીકળે છે તે ધુમાડો હકીકતમાં તો તેના દિલનો નિસાસો હોય છે.)

## Praise of God (અલ્લાહની હમ્દ)

ای بَرتَر از خیال و قیاس و گُمان و وَهم
وز هر چه گفته اند و شَنیدیم و خوانده ایم
مجلس تمام گشت و به آخر رسید عمر
ما همچنان در اوّل وَصفِ تو مانده ایم

**અય બરતર અઝ ખયાલો કિયાસ વ ગુમાનો વહમ**
**વઝ હર ચે ગુફ્તા અંદ વ શનીદીમો ખ્વાનંદા ઈમ**
**મજલિસ તમામ ગશ્તો બે આખર રસીદ ઉમ્ર**
**મા હમ ચુનાન દર અવ્વલ વસ્ફે તૂ માન્દા ઈમ**

(અય (અલ્લાહ !) તું કે જે કલ્પનાથી, સરખામણીથી, કયાસથી અને ગુમાન-સમજથી પર છે! અને જે કંઈ તારા વિષે કહેવામાં આવ્યું છે, સાંભળવામાં આવ્યું છે અને લખવામાં આવ્યું છે તેનાથી પણ તું પર છે. (તારાં ગુણગાન ગાતાં ગાતાં) મજલિસો ખતમ થઈ ગઈ છે, જીવનનો અંત આવી ગયો છે તેમ છતાંય હજુ તો અમે તારી હમ્દ કરવાના પ્રથમ તબક્કામાં જ છીએ.)

به ذکرش هر چه بینی در خروش است
دلی داند در این معنی که گوش است
نه بلبل برگلش تسبیح خوانی است
که هر خاری به تسبیحش زبانی است

**બે ઝિક્રશ હર ચે બીની દર ખરૂશ અસ્ત**
**દિલી દાન્દ દર ઐન માઅની કે ગોશ અસ્ત**
**ન બુલબુલ બર ગલશ તસ્બીહખ્વાની અસ્ત**
**કે હર ખારી બે તસ્બીહ ઝબાની અસ્ત**

(કુદરતમાં તમે જે કોઈ વસ્તુને તમે નિહાળો છો તે બધાં અલ્લાહનાં ગુણગાન ગાય છે અને આ બાબત એવા લોકો જ જાણે છે કે જેમના કાન પરખશક્તિ ધરાવે છે. માત્ર બુલબુલ જ ગુલાબના છોડમાં રહીને અલ્લાહ તઆલાની હમ્દ ગાતું નથી પરંતુ દરેક કંટક પણ તેની હમ્દોસના કરવાની જીભ બની ગયેલ છે.)

## Prayer (ઈબાદત)

دوش مرغی به صبح می نالید
عقل وصبرم ببرد وطاقت و هوش
یکی از دوستان مخلص را
مگر آواز من رسید به گوش
گفت: باور نداشتم که ترا
بانگ مرغی چنین کند مدهوش
گفتم: این شرط آدمیت نیست
مرغ تسبیح گوی و من خاموش

**દોશ મરઘી બો સુબાહ મી નાલીદ**
**અકલ વ સાબરમ બાબર્દો તાકતો હોશ**
**યકરી અઝ દોસ્તાન મુખ્લિસ રા**
**મગર આવાઝ મન રસીદ બો ગોશ**
**ગુફ્ત : યાવર નદાશ્તમ કે તોરા,**
**બાંગ મરઘી ચુનીન કુન્દ મદહોશ**
**ગુફ્તમ : ઈં શર્ત આદમિયત નિસ્ત**
**મુર્ગ તસ્બીહ ગવી વ મન ખામોશ**

(ગઈ કાલે રાત્રે મેં એક મરઘીને વહેલી સવારે વિલાપ કરતી સાંભળી અને આ બાબતે મને મારી અક્કલ, સબર, શક્તિ અને સંવેદનશીલતાથી વંચિત કરી દીધો. જ્યારે મારા જીગરી દોસ્તોમાંથી એક જણે મારો અવાજ સાંભળ્યો તો તેણે કહ્યું, 'હું માની જ શકતો નથી કે કોઈ પક્ષી તને તારી બધી જ ઈન્દ્રિયોથી વંચિત કરી દે.' મેં જવાબ આપ્યો, જ્યારે કોઈ પક્ષી અલ્લાહ તઆલાનાં ગુણગાન ગાતું હોય ત્યારે મારે મૂંગા રહેવું તે માણસાઈ ના કહેવાય.)*

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**જનાબે સરવરે આલમ(સ.)ની ઓલાદનું જનાબે અમીર(અ.)ની સુલ્બથી હોવું.**

(૧) ઈબ્ને અબ્બાસ(રઝી.અ.)થી મરવી છે કે જનાબે રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે અય પરવરદિગાર ! ગવાહ રહેજે કે મેં પહોંચાડી દીધું છે કે આ (અર્થાત અલી ઈબ્ને અબીતાલિબ) મારો ભાઈ, અને કાકાનો દીકરો અને મારો જમાઈ અને મારા બાળકોનો બાપ છે. અય પરવરદિગાર ! જે માણસ તેને દુશ્મન રાખે તેને દોઝખની આગમાં ઊંધો નાખજે.

(૨) ઈબ્ને અબ્બાસ(રઝી.અ.)થી રિવાયત છે કે હું અને અબ્બાસ બન્ને જનાબે રસૂલિલ્લાહ (સ.)ની પવિત્ર ખિદમતમાં બેઠેલા હતા એવામાં અલી તશરીફ લાવ્યા અને સલામ કરી. આં હઝરત(સ.)એ જવાબ આપ્યો અને ઊઠીને ઊભા થઈ ગયા અને ગળે મળ્યા અને કપાળ ઉપર ચુંબન કર્યું. અબ્બાસ(રઝી.એ.) કહ્યું, યા રસૂલિલ્લાહ ! શું આપ તેમની સાથે મોહબ્બત રાખો છો ? આપ(સ.)એ ફરમાવ્યું, અય કાકા ! અલ્લાહ કસમ, ખુદાના ખાતર હું તેમની સાથે ખૂબ જ મોહબ્બત રાખું છું. યકીનપૂર્વક પરવરદિગારે દરેક નબીની ઓલાદને તેમની સુલ્બમાં સ્થિર કરી છે અને મારી ઓલાદને અલીની સુલ્બમાં સ્થિર કરી છે.

(૩) જાબિર(રઝી.અ.) રિવાયત કરે છે કે આં હઝરત(સ.)એ ફરમાવ્યું છે કે યકીનપૂર્વક અલ્લાહ જલ્લે જલાલહુએ દરેક નબીની ઓલાદને ખાસ તેની સુલ્બથી ગણી છે અને મારી ઓલાદને અલીની સુલ્બથી ગણી છે.

(૪) જનાબે અલી(અ.)થી રિવાયત છે કે આં હઝરત(સ.)એ મને શોધી કાઢ્યો અને એક દીવાલની નીચે સૂઈ રહેલો જોયો. આપ(સ.)એ પોતાના પગ મુબારકથી મને હલાવીને ફરમાવ્યું, ઊઠ, હું તને ખુશ કરું છું કે તું મારો ભાઈ અને મારા બાળકોનો બાપ છે.

(૫) મોહંમદ બિન ઉસામા બિન ઝૈદથી રિવાયત છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.) અલી(અ.)થી ફરમાવતા હતા, અય અલી ! તું અમારો જમાઈ અને અમારા બાળકોનો બાપ છે અને તું મારો અને હું તારો છું.

(૬) ઈબ્ને ઉમર(રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે સૈયદુલ મુર્સલીન(સ.) એ ફરમાવતા હતા કે અય મારા પરવરદિગાર ! ગવાહ રહેજે, મેં પહોંચાડી દીધું છે કે આ મારો ભાઈ અને કાકાનો દીકરો અને જમાઈ અને મારા બાળકોનો બાપ છે. અય અલ્લાહ! જે એને દુશ્મન રાખે તેને આગમાં ઊંધો ધકેલી દેજે.

**એ બાબતનું વર્ણન કે જનાબે સૈયદા(અ.) સિવાય આં હઝરત(સ.)ની નસલ કપાઈ ગઈ છે.**

(૧) અસદુલ ગાબા ફી તમીઝુલ સહાબામાં અલ્લામા ઈબ્ને અસીર લખે છે કે જનાબે સૈયદા(અ.)ની નસલ સિવાય આં હઝરત(સ.)ની નસલ કપાઈ ગઈ હતી.

(૨) અલ્લામા જલાલુદ્દીન સમહૂદી જવાહિરૂલ અકદૈનમાં લખે છે કે જ્યારે જનાબે અમીર(અ.)એ જોયું કે ઈમામ હુસૈન સિફ્ફીનના મેદાનમાં લડાઈ

માટે તશરીફ લઈ જઈ રહ્યા હતા ત્યારે ફરમાવ્યું, અય લોકો ! આ બન્ને છોકરાઓને અર્થાત હસનૈન(અ.)ને રોકી લો. હું ડરું છું કે તેમના શહીદ થઈ જવાના કારણે ક્યાંક આં હઝરત(સ.)ની નસલ કપાઈ ન જાય.

**જનાબે સૈયદા(અ.)ની ઓલાદ માટે આં હઝરત(સ.)નું સરપરસ્ત અથવા રિશ્તેદાર હોવું.**

(૧) જનાબે સૈયદા(અ.)થી રિવાયત છે કે હઝરત(સ.)એ ફરમાવ્યું છે કે દરેક નબીની નિસ્બત રિશ્તેદારી તરફ કરવામાં આવે છે પરંતુ ફાતેમાની ઓલાદના માટે હું સરપરસ્ત અને રિશ્તેદાર છું.

(૨) જાબિર(રઝી.અ.)થી મરવી છે કે યકીનપૂર્વક આં હઝરત(સ.)એ ફરમાવ્યું છે કે દરેક નબીના માટે એક રિશ્તેદાર હોય છે કે તેની તરફ તેને મન્સૂબ કરવામાં આવે છે પરંતુ ઓલાદે ફાતેમા કે તેમના માટે સરપરસ્ત અને રિશ્તેદાર હું છું અને તે મારી ઈતરત અને મારા સ્વભાવથી પેદા થયેલ છે.

(૩) રિવાયત છે કે જનાબે મૂસા કાઝિમ(અ.)ને રશીદે પૂછ્યું કે આપ પોતાની જાતને રસૂલિલ્લાહ(સ.)ની ઓલાદ તરીકે કેવી રીતે કહેવડાવો છો એમ છતાંય કે આપ તો હઝરત અલી(અ.)ની ઓલાદ છો? જનાબે ઈમામ અલીએ આ આયત પઢી કે જેનો અનુવાદ આ મુજબ છે કે ઈબ્રાહીમની ઓલાદથી દાઉદ અને સુલયમાન અને ઈસા. તેથી ઈમામ(અ.)એ ફરમાવ્યું કે ઈસા (અ.)ના તો બાપ જ નથી. તેઓ પોતાની માતાના કારણે ઈબ્રાહીમ(અ.)ની ઓલાદથી ઓળખાયા.

(૪) શઅબી અને કારી આસિમ ઈબ્નુલ નજૂદ રહેમતુલ્લાહ તઆલા બયાન કરે છે કે હુજ્જાજ બિન યૂસુફ અશ્કફીને ખબર મળી કે યહ્યા બિન મુઅમ્મર અલ તાબઈ એવું કહે છે કે હઝરત ઈમામ હસન(અ.) અને હુસૈન(અ.) આં હઝરત(સ.)ની ઓલાદ છે. એ વખતે યહ્યા ખુરાસાનમાં હતા. હુજ્જાજે ખુરાસાનના વાલી કનીબા બિન મુસ્લિમને લખ્યું કે યહ્યા બિન મઅમ્મરને કનીબાએ યહ્યાને હુજ્જાજની પાસે મોકલી દીધો. જ્યારે તે સામે આવ્યો તો હુજ્જાજે કહ્યું કે શું તારું એવું ગુમાન છે કે હસન અને હુસૈન(અ.) આં હઝરત(સ.)ની ઓલાદ છે ? યહ્યાએ કહ્યું, હા. શોઅબી કહે છે કે મને યહ્યાએ બેધડક હા કહ્યું તેના ઉપર આશ્ચર્ય થયું. હુજ્જાજે કહ્યું, અલ્લાહની સ્પષ્ટ કિતાબની કોઈ દલીલ રજૂ કરો અને **કુલ તઆલૂ અન્દઅ અબ્નાઅના વ અબ્નાઅકુમ**ની આયતને દલીલમાં રજૂ ના કરતા. યહ્યાએ કહ્યું, અગર હું આ આયતના સિવાય કુરાનની કોઈ બીજી આયતથી

## શણગાર છે હદીસ

નબી-ઈમામના કોલનો રણકાર છે હદીસ,
અલ્લાહના ઘરની વાતનો એકરાર છે હદીસ.

સત્ય કેરા પંથ ઉપર જો ચાલવું છે અહીં,
તો જગ મહીં રહેબર તણો અવતાર છે હદીસ.

હદીસ વિના મુમ્કિન નથી મુત્તકી બનવું,
માનવીને સાચો માનવ ઘડનાર છે હદીસ.

ખુદા તણા ભંડારમાં અખૂટ ખજાનો છે,
સૌને ખજાનો ઈલ્મનો ધરનાર છે હદીસ.

પ્રેમ નબી-ઈમામનો ગર રાખીશું દિલમાં,
તો જાણીશું, દિલના દર્દનો ઉપચાર છે હદીસ.

વાતો ખુદાના ઘર તણી, કેવળ ખુદાવાળા કરે,
આમ જુઓ તો બાતિલ સમક્ષ હથિયાર છે હદીસ.

'શેર' બોલશો ના શબ્દ પણ, છોડી હદીસને,
શાગિર્દ માટે સૌથી મોટો શણગાર છે હદીસ.

- શેરઅલી વિજાપુરા(ઝહીરાબાદ)

સ્પષ્ટ રજૂઆત કરું તો તું મને શું અમાન આપીશ ખરો ? કહ્યું, હા. યહ્યાએ એ આયત પઢી કે જેનો અનુવાદ આ મુજબ છે : અને આપ્યો અમે તેને ઈસ્હાક અને યાકૂબ. બધાને અમે હિદાયત કરી અને નૂહને અમે હિદાયત કરી એના પહેલાં અને તેની ઓલાદથી દાઉદ અને સુલયમાન અને યાકૂબ અને યૂસુફ અને મૂસા અને હારૂન. એવી જ રીતે અમે બદલો આપીએ છીએ. ઉપકાર કરનારાઓને અને ઝકરીયા અને યહ્યા અને ઈસા અને ઈલ્યાસ દરેક નેક માણસ દ્વારા. પછી યહ્યા બિન મુઅમ્મરે કહ્યું કે ઈસા(અ.)ના બાપ કોણ હતા કે જેમને અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ હઝરત ઈબ્રાહીમ(અ.)ની ઓલાદમાં મિલાવી દીધા છે ? અને ઈસા અને ઈબ્રાહીમ(અ.)ની વચ્ચેનો ફાસલો જનાબે હસન અને હુસૈન અને આં હઝરત(સ.)થી અલગ છે.

(૪) અમીર મોઆવિયાનો ગુલામ ઝકવાન બયાન કરે છે કે એક વખત મુઆવિયાએ કહ્યું, હું જાણતો નથી કે આ બન્ને છોકરાઓ (અર્થાત હસન અને હુસૈન)ને કોણે જનાબે રિસાલત મઆબના દીકરા ગણાવી દીધા છે. એમને તો અલી(અ.)ના દીકરાઓ કહેવા જોઈએ. ઝકવાન કહે છે કે ત્યાર પછી મોઆવિયાએ મને દફતરમાં તેની ઓલાદનાં નામ લખવાનો હુકમ આપ્યો. મેં તેના પુત્રો અને પૌત્રોનાં નામ લખ્યાં અને નવાસાઓનાં નામ છોડી દીધાં અને તે કાગળ મોઆવિયાને બતાવવા માટે લાવ્યો. મોઆવિયા કહેવા લાગ્યો, તું મારા મોટા દીકરાઓનાં નામ લખવાનું ભૂલી ગયો છે. મેં કહ્યું, તે કોણ છે ? મોઆવિયા બોલ્યો, મારી ફલાણી દીકરીના દીકરાઓ શું મારા દીકરા નથી ? મે કહ્યું, અલ્લાહો અકબર ! તારી દીકરીના દીકરા તો તારા દીકરા ગણાય અને જનાબે ફાતેમાના બેટાઓ આં હઝરત(સ.)ના દીકરા ના ગણાય ? મોઆવિયાએ કહ્યું, અરે ચૂપ થઈ જા. તારી પાસેથી આ વાત કોઈ સાંભળવા ન પામે. ✻


અહેસાનઅલી
મો. ૯૯૦૯ ૭૮૬ ૫૩૦

આબિદઅલી
મો. ૯૨૨૮ ૩૩૦ ૫૩૦

NOKIA Connecting People
SAMSUNG
LG
SONY
ONIDA
BAJAJ
NATRAJ
VU
DAIKIN

યામ ઈલેક્ટ્રોનિક્સ

ટીવી, ફ્રિજ, એસી, LCD, LED TV, DVD પ્લેયર, સાઉન્ડ સીસ્ટમ, મિક્ષર, ઈસ્ત્રી, માઈક્રોવેવ ઓવન, ઈન્ડક્શન કુકર, ઘરઘંટી, એરકુલર, વૉશીંગ મશીન, મોબાઈલ, મોબાઈલ એસેસરીઝ, જ્યુસર, ટોસ્ટર, ઓલ ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટસ.

દુકાન નં. ૫, દેના બેંકની નીચે, ડૉ. ગાંધી રોડ, હિંમતનગર.

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### સંગીત અને તેની અસરો

- ઈસ્લામ ધર્મ કોમની અંદર સંગીતને પ્રોત્સાહન આપવાની ભલામણ કરતો નથી. આવું પગલું કદાચ કડક પગલું લીધેલું લાગે પરંતુ તેનાં કેટલાંક કારણોની ચર્ચા આપણે નીચે કરીશું.
- સૌ પ્રથમ તો એ પ્રશ્ન કે લોકો સંગીત શા માટે સાંભળતા હોય છે ? એ બાબત તો સ્પષ્ટ જ છે કે તેનાથી તેઓ આનંદ માણે છે અને આના માટેનાં કારણોમાં સમય પસાર કરવાનો સમાવેશ થઈ શકે, મનોરંજનના એક સ્વરૂપ તરીકે જોઈએ તો તે સાંભળવું એ એક ફેશનેબલ ટેવ છે.
- સંગીત સાંભળવામાં કદાચ કંઈ ખોટું કરતા હોઈએ એવું ન લાગે પરંતુ જેમ જેમ આપણે વધારે વિગતોમાં ઉતરીશું તો તેનાં કારણો સ્પષ્ટ થઈ જવાનાં.
- સૌ પ્રથમ તો આપણે હલાલ અને હરામના ખયાલને સમજવાનો પ્રયત્ન કરવો જ પડશે.
- માણસો ખૂબ જ બાહોશ હોય છે અને વિવિધ પરિસ્થિતિને સહેલાઈથી અનુકૂળ થઈ શકે છે તેથી એ બાબત તો ખૂબ જ દુર્લભ છે કે દરેક જણ કોઈ પણ પ્રભાવથી એક સરખી રીતે પ્રતિક્રિયા આપે. તેથી બધા જ માણસો આલ્કોહોલની નાનકડી માત્રાથી અથવા થોડાક સંગીતથી સરખા પ્રમાણમાં કદાચ અસરગ્રસ્ત બની ન પણ શકે.
- તેમ છતાંય ઈસ્લામ બધા લોકો માટેનો સામૂહિક અને સાથે સાથે વ્યક્તિનો વ્યક્તિગત પણ ધર્મ છે. તેથી જો કોઈ બાબત એવી હોય કે જે મોટા ભાગના લોકોને અનિચ્છનીય રીતે અસર કરતી હોય જેવી કે નશાનું અને અવ્યવસ્થાનું કારણ બનતો આલ્કોહોલ, તો ઈસ્લામ તેને શરૂઆતથી જ હરામ બનાવી દેશે એ પાયા ઉપર કે રોગનો ઉપચાર કરવો તેના કરતાં તો રોગને થતો જ અટકાવી દેવો વધારે સારી બાબત છે. આનો અર્થ એ છે કે કોઈ ખરાબ બાબતને બન્યા પછી તેની બાબતમાં કંઈ કરવું એના કરતાં વધારે સારું તો એ છે કે ખરાબ બાબત પ્રથમ તબક્કામાં જ અટકાવી દેવી. આ અભિગમ બુધ્ધિગમ્ય છે.
- અલ્લાહ તઆલા પણ કુરાને મજીદમાં ફરમાવે છે કે અમુક વસ્તુઓ નાના જથ્થામાં હોય તો પણ આપણા માટે સારી અસરો ધરાવતી હોય છે પરંતુ ખરાબ અસરો સારી બાબતોથી ચઢિયાતી બની જતી હોય છે. તેથી સમગ્રરીતે જોતાં તો તે નુકસાનકારક જ છે અને તેથી જ તેની મનાઈ કરવામાં આવી છે.

**'(હે રસૂલ !) લોકો તને મદિરા (દારૂ) તથા જુગાર સંબંધી પૂછે છે; કહે કે એ બન્નેમાં મોટો ગુન્હો છે અને લોકો માટે (તેમાં થોડા) ફાયદાઓ પણ છે. છતાં એ બન્નેમાંનો ગુન્હો તેના ફાયદાઓ કરતાં વધારે છે... આવી રીતે અલ્લાહ તમારા માટે (પોતાના) હુકમો સ્પષ્ટ કરીને વર્ણવે છે કે જેથી તમે મનન કરો.'**

(સૂરએ અલ બકરહ, આયત-૨૧૯)

- હવે પાછા સંગીત તરફ જઈએ. સંગીતની બાબતમાં કઈ બાબત અનિચ્છનીય છે ?
- સંગીતથી મગજને અને શરીરને અસર થાય છે. આ અસર સંગીતનો પ્રકાર કયો છે તેના ઉપર આધાર રાખે છે.

- અમુક પ્રકારના મધુર અને શાંતિ આપે તેવા સંગીતની સાથે કોઈ રાહત અનુભવે છે અને મગજને ખુલ્લુ કરી દે છે, આંખોને બંધ કરી દે છે અને સંગીતને સમગ્ર શરીરની આરપાર વહેવા દે છે. આનાથી હૃદયના ધબકવાનું અને શરીરના બીજા ઈલેકેટ્રિક સિગ્નલ્સ મ્યૂઝિકના ધબકારાને અનુસરવાની શરૂઆત થવાનું શરૂ થઈ જાય છે અને આ બાબત અવ્યવસ્થા પેદા કરે છે.
- સંગીતના બીજા પ્રકારોથી તો મગજ ઉપર લગભગ તેનો કબજો થઈ જ ગયો સમજજો. ઘણી વખત તો ડિસ્કોમાં અને પાર્ટીઓમાં ગવાતા ઘોંઘાટવાળા મ્યૂઝિકથી લોકો નાચવા મંડી પડે છે અને મ્યૂઝિકની સાથે તાલ મિલાવતા ડોલવા માંડે છે. આના લીધે તેમના નફસનો કાબૂ તેઓ ગુમાવી દે છે જેથી કરીને તેઓ પાર્ટનર્સ સાથે ડાન્સ કરવા માંડે છે. એક બીજાની નજીક આવી જાય છે અને શરમને નેવે મૂકી દે છે, એવું વિચારવા અને એવાં કાર્યો આચરવા મંડી પડે છે કે જે તેમની વાસનાઓનાં પરિણામ હોય છે.
- વળી આ પ્રકારનું મ્યૂઝિક એવું હોય છે કે જે એવાં જૂથો તરફ ઝુકાવી દે છે જેવાં કે head bangers અને heavy metal કે જેઓ મ્યૂઝિકની આવી અસરથી પોતાની ક્રિયાઓ અને પોતાની નીતિમત્તા ઉપરનો સઘળો કાબૂ ગુમાવી બેસે છે.
- પછી તો મ્યૂઝિક ડ્રગના જેવો (નશો) બની જાય છે, માણસને તેની વધારેને વધારે જરૂર પડે છે અને તે બાબતને અટકાવવી તેના માટે મુશ્કેલ બની જાય છે અને એવી જ અસર જાળવી રાખવા માટે તેઓ વધારેને વધારે મોટા અવાજે મ્યૂઝિક વગાડે છે. આ બાબત કાનો માટે ખરાબ પણ હોય છે અને સાથે સાથે ચેતાતંત્ર ઉપર વધારે અસર પણ કરે છે.
- વધારે અગત્યનાં કારણોમાંનું એક કારણ છે સંગીતની સમાજ ઉપર પડતી અસર. ઘણા કિશોર-કિશોરીઓ કે જે પશ્ચિમી દુનિયામાં ઉછરતાં હોય છે તે પોતાની જાતને અમુક ટુકડી અને ક્લબ સાથે હોવાની પોતાની ઓળખાણ આપે છે. તેમના બેડરૂમમાં, તેમનાં કપડાંમાં પોસ્ટર્સ જોવા મળશે અને પોતાની આ અતિપ્રિય વ્યક્તિનું અનુસરણ કરવામાં તેમનું વ્યક્તિત્વ જ બદલાઈ જાય છે. પછી સંગીતના જલસાઓમાંનું કીકીયારીઓ પાડવાનું અને નાચવાનું વાતાવરણ જ્યારે તમે જોશો તો તમે કલ્પના કરી શકશો કે મગજ અને શરીર ઉપર સંગીતે કેવી જબરદસ્ત અસર કરી દીધી હોય છે.
- એ કમનસીબ બાબત છે કે જે પર્યાવરણમાં આપણે રહીએ છીએ તે આનંદપ્રમોદની વ્યાખ્યા એવી કરે છે કે કોઈ પણ બાબત કે જેનાથી તમે દુનિયાને ભૂલી જાઓ. મ્યૂઝિક, આલ્કોહોલ, ડ્રગ્સ, આ બધાનાં બે સમાન પરિબળો છે.

(૧) વાસ્તવિકતાથી છુટકારો મેળવવો અને

(૨) આ બધાં આદેશાત્મક હોય છે. આ બધાં તમને સાધારણ જીવનમાં સંતોષના સ્તર વિષે શું કહે છે?

- ગાયકોમાંથી અને ગ્રુપ્સમાંથી ઘણા બધા વાસનાઓને ઉશ્કેરવા માટે મ્યૂઝિકનો ઉપયોગ

**બેખતર કૂદ પડા આતિશે નમરૂદમેં ઈશ્ક,**
**અક્લ હૈ મહ્‌વે તમાશાએ લબે બામ અભી.** - અલ્લામા ઈકબાલ

(જાલિમ બાદશાહ નમરૂદે સળગાવેલી આગમાં ઝંપલાવવાની વાત આવી ત્યારે હઝરત ઈબ્રાહીમ(અ.)ની અક્કલ તો હજુ અટારીએ ઊભી ઊભી વિચાર કરી રહી હતી કે આમ આગમાં કૂદી ન પડાય, બળી ન મરાય... પરંતુ ઈબ્રાહીમ(અ.)ના ઈશ્કે તો બેધડક ડર્યા વગર આગમાં ઝૂકાવી દીધું.)

કરતા જોઈ શકાય છે કે જે વાસનાઓને અંકુશમાં રાખવાની હોય છે. આજકાલનાં ગ્રુપ્સમાંથી મોટા ભાગનાં કામગીરી બજાવતી વખતે એવા હાવભાવ કરતા હોય છે કે જે બીભત્સ હોય છે. તેમની પાસે એવી સ્ત્રીઓ અને પુરૂષો હોય છે કે જે સ્ટેજ પર કે વિડીયોમાં લોકોની નજરનો આકર્ષવા માટે અતિ અલ્પ અને અર્ધનગ્ન કપડાં પહેરતાં હોય છે. આ બધું સંગીતની અસરોનું પરિણામ છે.

- સંગીતનાં પોતાનાં જ ઘણાં બધાં પરિણામો હોય છે કેમકે ઘણા બધા વિવિધ પ્રકારના સંગીતના તાલ અને સંગીતનાં સાધનો હોય છે કે જેના દ્વારા સંગીત બનાવવામાં આવે છે. મ્યૂઝિક આપણને એવી જ રીતે અસર કરે છે કે જેવી રીતે આલ્કોહોલ અસર કરે છે. તે આપણને આપણા કાર્યોમાં અસભાનતા પેદા કરે છે. જો આપણા ફરતાં વાગતું સંગીત ઊંચા સ્વરનું અને પ્રભુત્વ જમાવતું હોય તો આપણે ગુસ્સે થઈ જઈએ છીએ. મ્યૂઝિક દરેક જણને સરખી માત્રામાં કદાચ અસર ન કરી શકે પરંતુ તે ચોક્કસપણે પૂરતી મોટી ટકાવારીમાં લોકોને હરામ બનાવવા માટે અસર કરે જ છે. વળી એવા કોઈ સ્થળે જવું કે જે સંપૂર્ણપણે સંગીત સાંભળવા માટેનું જ હોય દા.ત. ડિસ્કો તો તે પણ હરામ છે.
- વારંવાર લોકો એવું કહેતા હોય છે કે તેઓ સંગીતને તો ખૂબ થોડુંક જ સાંભળે છે અને તેની આગળ પોતાની જાતને ખુલ્લી કરતા નથી, સારું તો પછી ડ્રગ્સની માફક તે નશીલું છે. જો તમે થોડી માત્રાથી શરૂ કરો તો પછી તરત જ તેમાં વધારો થતો જ જશે જ્યાં સુધી કે તમે લાચાર (નિ:સહાય) ન થઈ જાઓ. (ક્રમશઃ)

## નુસ્ખા

### ખીલ

(ગતાકનું ચાલુ)

* ખૂબ પાકી ગયેલા પપૈયાને છોલીને, છૂંદીને તેની માલિશ મોઢા પર કરવી, પંદર-વીસ મિનિટ પછી તે સૂકાઈ જાય ત્યારે પાણીથી ધોઈ નાખવું અને જાડા ટુવાલ વડે મોઢાને સારી રીતે લૂછીને જલ્દી કોપરેલ લગાડવું. એક અઠવાડિયા સુધી આ રીતે કરવાથી મોઢા પરના ખીલના ડાઘ મટે છે. મોઢાની કરચલીઓ અને કાળાશ મટે છે.
* તુલસીના પાનના રસમાં લીંબુનો રસ અથવા આદુનો રસ ઉમેરી મોઢા ઉપર લગાડવાથી અને તે સૂકાઈ જાય ત્યાર પછી પાણીથી ધોઈ નાખવાથી મોઢા પરના કાળા ડાઘ મટે છે.
* પાકા ટામેટાને કાપીને તેની ચીર ખીલ ઉપર ધીરે ધીરે લગાડીને થોડી વાર સૂકાવા દો. ત્યાર બાદ સહેજ ગરમ પાણીથી સાફ કરવાથી ખીલ મટે છે.

## શબ્દ પરિચય

### અક્સ

**અક્સ** (عکس) : અક્સ અરબી શબ્દ છે. તેનો અર્થ થાય (૧) પ્રતિબિંબ, પડછાયો, પ્રતિચ્છાયા (૨) છાયા (૩) તસવીર, ફોટો, છબી. **અક્સે અફગન :** પ્રતિબિંબ પાડનાર **અક્સ ઉતારના:** આબેહૂબ પ્રતિકૃતિ કે આકૃતિ તૈયાર કરવી, તસ્વીર ઉતારવી **અક્સ ડાલના :** છાયા કરવી, છાયા નાખવી **અક્સ પડના :** છાયા પડવી **અક્સબીન :** પ્રતિબિંબ પાડવાના નિયમ પ્રમાણે થતી અવનવી સુંદર આકૃતિઓ જોવાનું યંત્ર અથવા સાધન, કેલિડોસ્કોપ **અક્સ રેઝ :** ક્ષ કિરણો, એક્સ-રે **અક્સ લેના :** કોઈ છબી કે નકશાની આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરવી.

# આપણા ઘરની વાતો

● **હોટલ લેન્ડમાર્ક, હિંમતનગર ખાતે મીટીંગ યોજાઈ**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની કારોબારી સમિતિની મીટીંગ તા.૨૬-૦૨-૨૦૧૨ને રવિવારના રોજ હોટલ લેન્ડમાર્ક, મોતીપુરા, હિંમતનગર ખાતે યોજાઈ, જેમાં બોસ્તાને તિફ્લાન વાર્ષિકોત્સવ-૨૦૧૨, ઈ.સી.બી.પી., જાફરી આવાઝ કાર્યાલય અને હોસ્ટેલ સંચાલન સમિતિની રચના અંગે ચર્ચા કરવામાં આવી. હોટલ લેન્ડમાર્કના સંચાલકશ્રીઓએ મીટીંગ યોજવા માટે કોન્ફરન્સ હોલની નિઃશુલ્ક સેવા આપી હતી. જે બદલ શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા ખૂબ ખૂબ આભાર માને છે. અત્રે ઉલ્લેખનીય છે કે હવે પછીની કારોબારી સમિતિની મીટીંગ યોજવા માટે હોટલ આશિષ-દરામલીના સંચાલકોએ વિના મૂલ્યે જમવા સાથે મીટીંગ યોજવા દાવત આપેલ છે જેનો મંડળે સહર્ષ સ્વીકાર કરેલ છે.

● **વસો મુકામે 'ઈલ્મે દીન લેખન સ્પર્ધા'નું આયોજન :**

વસોથી મો.ઈમ્તિયાઝઅલી ગુલામઅબ્બાસની યાદી જણાવે છે કે વસો ખાતે ચાલતા સર્વોદય ક્લબ દ્વારા જમાઅતના ભાઈ-બહેનોમાં દીની ઈલ્મમાં વધારો થાય તે હેતુથી આ વર્ષે 'ઈસ્લામીક જ્ઞાન વર્ધક સ્પર્ધા'નો એક નવતર પ્રયોગ શરૂ કર્યો હતો. આ પરીક્ષાનું નામ **'ઈલ્મે દીન લેખન સ્પર્ધા'** રાખવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માટે ૨૦૦ પ્રશ્નોનું ૨૦૦ ગુણનું એક પ્રશ્નપત્ર બનાવ્યું હતું જેમાં વિભાગ-એમાં ૧૫૦ ગુણના પ્રશ્નો માઅસૂમીન(અ.)ની જીવનશ્રેણી ભાગ-૨, સચ્ચાઈનું રૂદન, મકતુલનામા, જ્ઞાન ગોષ્ઠિ કિતાબમાંથી લેવામાં આવ્યા હતા. વિભાગ-બીમાં ૫૦ ગુણના પ્રશ્નો 'તારીખે મકતલ' કિતાબના આધારે લેવામાં આવ્યા હતા. દરેક મોમિનોના ઘેર પ્રશ્નપત્ર આપેલું હતું અને ઘરના દરેક સભ્યોએ કિતાબોમાંથી જવાબો શોધીને લખવાના હતા. આ પ્રશ્નપત્ર ૧૮ ઝિલહજના રોજ આપેલ હતું અને ૪ મોહર્રમના રોજ પરત જમા કરાવવાનું હતું. આ પ્રયોગનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો અને ઘરના બધા સભ્યોએ જોડે બેસીને ચર્ચા કરીને જવાબ લખ્યા જેથી દરેકના ઈલ્મમાં વધારો થયો. આ સ્પર્ધામાં પ્રથમ દસ નંબર આવનારને 'મોમિન રત્ન' મો.કાસમભાઈ વિજાપુરાના હસ્તે ઈનામ આપવામાં આવ્યાં હતાં અને બાકીનાઓને મુખી સાહેબના હસ્તે આશ્વાસન ઈનામ આપવામાં આવ્યાં હતાં. સમગ્ર લેખન સ્પર્ધાનું આયોજન મો.ઈમ્તિયાઝઅલી ગુલામઅબ્બાસ દ્વારા કરવામાં આવ્યું હતું.


● **ઈન્નાલિલ્લાહે... :**




મેતા નિવાસી **મર્હૂમા મો.કુવેરબેન યૂસુફભાઈ અસામદી** મુ.તા.૨૮, માહે સફર-૧૪૩૩, તા.૨૩-૦૧-૨૦૧૨ને સોમવારના રોજ આશરે ૭૬ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નિખાલસ, નેક અને મિલનસાર હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ(સ.) તથા પીરો મુરશિદનાં ચાહક હતાં. ---➔



શેખપુર નિવાસી **મર્હૂમા મો.ફાતેમાબેન ગુલામહુસૈન** મુ.તા.૧૩, રબી.અવ્વલ-૧૪૩૩, તા.૭-૨-૨૦૧૨ને મંગળવારના રોજ બાવન વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે ખૂબ જ ઉદાર, માયાળુ, સહનશીલ અને મહેમાન નવાઝીનાં ખૂબ જ આગ્રહી હતાં. તેઓ મોહંમદ વ આલે મોહંમદ(સ.) તથા પીરો મુરશિદનાં ચાહક હતાં. ---➔



←--- મહેરપુરા નિવાસી **મર્હૂમ મો.વલીભાઈ હાજી અમદાભાઈ મસુ** મુ.તા.૨૩, રબી. અવ્વલ-૧૪૩૩, તા.૧૮-૨-૨૦૧૨ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ કુરઆન શરીફ પઢવાના શોખીન હતા તથા મોહંમદ વ આલે મોહંમદ(સ.) અને પીરો મુરશિદના ચાહક હતા.



શેરપુરા(મ.) નિવાસી **મર્હૂમ મો.હાજી અબ્બાસઅલી નુરમોહંમદ સુણસરા** મુ.તા.૨૬, રબી.અવ્વલ-૧૪૩૩, તા.૧૯-૨-૨૦૧૨ને રવિવારના રોજ ૫૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ સ્વભાવે નિખાલસ, મિલનસાર હતા. મર્હૂમ આશિકે હુસૈન(અ.) હતા તથા પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદ(સ.)ના ચાહક હતા. તેઓ હજ-ઝિયારતથી મુશર્રફ થયેલા હતા. ---➔



←--- બાદરપુર નિવાસી **મર્હૂમા મો.કુંવરબેન નુરાભાઈ ભગત** મુ.તા.૨૭, રબી.અવ્વલ-૧૪૩૩, તા.૨૧-૨-૨૦૧૨ને મંગળવારના રોજ ૧૨૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા કુંવરબેને પીર સૈયદ એહમદહુસૈન(રહે.અ.)ના પણ દીદાર કરેલ છે. મર્હૂમા કુંવરબેને પોતાની જિંદગીનો મોટો ભાગ ઈબાદતમાં જ પસાર કર્યો હતો. મર્હૂમા સ્વભાવે નમ્ર, નિખાલસ, સહનશીલ અને મિલનસાર હતાં. તેઓ આશિકે હુસૈન(અ.) તથા પીરો મુરશિદનાં ચાહક હતાં.



બાદરપુર નિવાસી **મર્હૂમા મો.સુગરાબેન અબ્બાસભાઈ મસી** મુ.તા.૮, રબી.આખર-૧૪૩૩, તા.૨-૩-૨૦૧૨ને શુક્રવારના રોજ ૫૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા ખુબ જ માયાળુ, નેક, મિલનસાર, સખી દિલ, નરમ, સહનશીલ તથા મોહંમદ વ આલે મોહંમદ(સ.) તેમજ પીરો મુરશિદનાં ચાહક હતાં. ---➔



←--- સુલપુર(મેત્રાણા) નિવાસી **મર્હૂમા મો.જનુબેન અલાઉદ્દીન અસામદી** અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.



જાફરીપુરા નિવાસી **મર્હૂમ મો.તાજમહંમદ નશીરભાઈ રાજેડીયા** મુ.તા. ૮, રબી.અવ્વલ-૧૪૩૩, તા.૨-૨-૨૦૧૨ને ગુરૂવારના રોજ ૮૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમે પીરો મુરશિદની સેવા કરેલી હતી. તેઓ મોહંમદ વ આલે મોહંમદ(સ.) અને પીરો મુરશિદના ચાહક હતા. ---➔

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.